

આત્મ સં. ૭૪ (ચાલુ) વીર સં. ૨૪૯૬
વિ. સં. ૨૦૨૬ શ્રાવણ-ભાદ્રપદ

# શ્રી આત્માનંદ પ્રકાશ

## પર્યુષણ અંક

## ક્ષમાપના

જો ઉત્સૂત્ર પ્રરૂપણા પ્રગટમાં હોયે કદી આચરી,
શુદ્ધાશુદ્ધ લખેલ હોય કદી જો લેખો પ્રમાદે કરી,
વિરાધ્યા કદી જો ચતુર્વિધ મહા શ્રીસંઘને હોય, તે
**મિથ્યા દુષ્કૃત** સર્વ હો અમતણું પર્યુષણારાધને.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

પુસ્તક : ૬૭ ] ઓગસ્ટ-સપ્ટેમ્બર : ૧૯૭૦ [ અંક : ૧૦-૧૧

# અ....નુ....ક્ર....મ....ણિ....કા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | ધમ્મો મંગલ મુક્કિટ્ઠં અહિંસા સંજમો તવો | પં. બેચરદાસ | ૧૭૫ |
| ૨ | પર્યુષણા પર્વની આરાધના | પં. લાલચંદ્ર ભગવાન ગાંધી | ૧૭૭ |
| ૩ | ચિત્તની સમતા | કેદારનાથજી | ૧૭૯ |
| ૪ | પર્યુષણ પર્વ | ડો. જિતેન્દ્ર જેટલી | ૧૮૦ |
| ૫ | સ્તુતિ અને ઉપાસના | શ્રી રવિશંકર મહારાજ | ૧૮૪ |
| ૬ | જીવન અને તત્ત્વજ્ઞાન | પ્રા. જયંતિલાલ ભાઇશંકર દવે | ૧૮૫ |
| ૭ | સામ્રાજ્ય સાધુતાનું | ગાંધીજી | ૧૯૪ |
| ૮ | પર્વાધિરાજ પર્યુષણમાં આરાધનીય બે મહત્ત્વપૂર્ણ ધાર્મિક અનુષ્ઠાન. | અગરચંદ નાહટા | ૧૯૫ |
| ૯ | સાચું સ્નાન | ડો. ઉપેન્દ્રરાય જ. સાંડેસરા | ૧૯૯ |
| ૧૦ | તવેસુ વા ઉતમ વંભચેરં | મનસુખલાલ તારાચંદ મહેતા | ૨૦૧ |
| ૧૧ | સામ્રાજ્ય સાધુતાનું | ગાંધીજી | ૨૦૭ |
| ૧૨ | ભારતીય દર્શનોમાં મોક્ષવિચાર | દિવ્યાક્ષકુમાર મુકુન્દરાય પંડ્યા | ૨૦૯ |
| ૧૩ | વેર-ઝેર વમ્યા-શમ્યા. | ડો. ભાઇલાલ બાવીશી | ૨૧૫ |
| ૧૪ | શ્રી હેમચંદ્રાચાર્યનું જીવન અને કવન | લે. શ્રી વિજયરાય ક. વૈદ્ય | ૨૧૯ |
| ૧૫ | વીતરાગ ભાવ | અમરચંદ માવજી શાહ | ૨૨૧ |
| ૧૬ | ક્ષમાપન-મહાપર્વ-પર્યુષણ. | ઝવેરભાઈ બી શેઠ. | ૨૨૫ |
| ૧૭ | ભગવાન મહાવીરનો ૨૫૦૦ નિર્વાણ મહોત્સવ | | ૨૨૭ |
| ૧૮ | ગ્રંથાવલોકન | અનંતરાય જાદવજી | ૨૨૮ |
| ૧૯ | મહાવીર સ્વામીના જીવનની વિલક્ષણ ઘટનાઓ અંગે વિચારણા | રતિલાલ મફાભાઇ | ૨૩૧ |
| ૨૦ | જૈન સમાચાર | | ૩૩૩ |



---

## વધારો

આ સભાના નવા વરાયેલા પેટ્રન શેઠશ્રી સવાઇલાલ કેશવલાલ શાહના જીવનની ટૂંકી રૂપરેખા આ અંકના પ્રારંભે આપેલી છે. તેમાં તેમની જાહેરક્ષેત્રની પ્રવૃત્તિઓની નોંધમાં નીચેની બે ઉમેરી લેવી.

(10) Associated world Federalists Vice-chairman.

(11) Indo-American Society Finance Committee Member.

---

## અમારા નવા માનવંતા લાઇફમેમ્બર

**શ્રી નિશીથભાઈ ભાનુચંદ વોરા-મુંબઇ**



# શેઠશ્રી સવાઈલાલ કેશવલાલ શાહ

કલકત્તા

શેઠશ્રી સવાઈલાલભાઈનો જન્મ, મૂળ ગોઘાના વતની પણ વ્યાપાર અર્થે મુંબઈ-ઘાટકોપરમાં નિવાસ કરેલ શેઠશ્રી પરમાણંદદાસ રતનજીના નાનાભાઈ શેઠશ્રી કેશવલાલ રતનજીને ત્યાં ઈ. સ. ૧૯૦૯માં થયો હતો. માતાનું નામ અજવાળીબેન. અભ્યાસ પણ ઘાટકોપર અને મુંબઈમાં કર્યો હતો. ઈન્ટર કોમર્સ સુધીનો અભ્યાસ કર્યા પછી ઉચ્ચતર શિક્ષણ મેળવવા માટે તેઓ ઈ. સ. ૧૯૨૭માં ઇંગ્લાંડ ગયા હતા.

શરૂઆતથી જ શ્રી સવાઈલાલભાઈને અભ્યાસ ઉપરાંત શૈક્ષણિક ઇતર પ્રવૃત્તિઓમાં રસ હતો. હાઈસ્કૂલ અને કોલેજના અભ્યાસ દરમિયાન યુવક પ્રવૃત્તિઓમાં ખાસ ભાગ લેતા હતા. ઇંગ્લાંડમાં પણ જુદી જુદી પ્રવૃત્તિઓમાં જોડાયા હતા, અને આ પ્રવૃત્તિઓ દરમિયાન તેમને શહેનશાહ પાંચમા જ્યોર્જ, વિન્સ્ટન ચર્ચિલ, લોઈડ જ્યોર્જ જેવી નામાંકિત વ્યક્તિઓને રૂબરૂ મળવાનો અનેરો લાભ મળ્યો હતો. પં. મોતીલાલ નહેરૂ અને અન્ય ભારતીય નેતાઓના સંપર્કમાં પણ આવ્યા હતા.

ચાર વર્ષ ઇંગ્લાંડમાં રહી ઈ. સ. ૧૯૩૧ ના ડિસેમ્બરમાં ભારતમાં પાછા આવ્યા અને તરત જ કલકત્તામાં વડીલો સંચાલિત કરિયાણાના વ્યાપારમાં જોડાયા. ઈ. સ. ૧૯૩૪માં તેમનાં લગ્ન શ્રીમતી તારાલક્ષ્મીબેન સાથે થયાં.

કલકત્તામાં પોતાના વ્યવસાયની સાથેસાથે તેમણે ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં અગ્રગણ્ય ભાગ લેવા માંડયો. તેમની નિઃસ્વાર્થ સેવાઓને લક્ષમાં લઈ સમાજે તેમજ સરકારે તેમની યોગ્ય કદર પણ કરી છે. તેઓ

(૧) કલકત્તા ( ગુજરાતી ) જૈન મૂર્તિપૂજક શ્વેતાંબર સંઘના પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી છે,

(૨) જે. પી ( Gustice of Peace ) છે,

(૩) પ્રેસિડન્સી માજીસ્ટ્રેટ ( નોન-સીટીંગ ) છે. કલકત્તામાં આ એક જ નોન-સીટીંગ માજીસ્ટ્રેટ છે. તેમને કોર્ટમાં બેસવું પડતું નથી. માજીસ્ટ્રેટનું સીલ તથા સીક્કો પોતાની સાથે જ રાખે છે અને ગમે ત્યાં ગમે ત્યારે માજીસ્ટ્રેટ તરીકેની પોતાની ફરજ બજાવી પ્રજાને મદદરૂપ થાય છે.

(૪) સેંટ જહોન એમ્બ્યુલન્સની કલકત્તાની શાખાના પ્રમુખ છે.

(૫ રેડક્રોસ (કલકત્તા)ની વિવિધ કમિટીઓમાં મેમ્બર છે.

(૬) કલકત્તા બોય્ઝ સ્કાઉટ અને ગર્લ્સ ગાઇડના પ્રમુખ છે.

(૭) રામકૃષ્ણ મીશન-નિમપીથ (કલકત્તા)ના ઉપ-પ્રમુખ છે.

(૮) ચિલ્ડ્રન વેલ્ફેર એસોસિયેશનના એકઝીક્યુટીવ મેમ્બર છે.

(૯) બિહાર સ્ટેટ બોર્ડ ઓફ શ્વેતાંબર રીલિજિયસ ટ્રસ્ટના સ્પેશિયલ ઓફિસર છે.

આ ઉપરથી તેમની સેવાઓની વિવિધતાનો આપણને ખ્યાલ આવે છે. આ ઉપરાંત બીજી અનેક નાનીનાની પ્રવૃત્તિઓમાં તેઓ સક્રિય રસ લઈ રહ્યા છે.

શેઠશ્રી સવાઈલાલભાઈ ખૂબ ધાર્મિક વૃત્તિના છે. અને ધાર્મિક કાર્યો માટે છૂટે હાથે દાન કરે છે. બિહાર સ્ટેટ બોર્ડના સ્પેશિયલ ઓફિસર તરીકે તેમણે ત્યાંનાં નાનાં મોટાં તીર્થોની સેવામાં લગભગ એકલાખ રૂપિયા જેટલી રકમ ખરચી છે. ઘાટકોપરમાં નૂતન જિનાલયના મુખ્ય નાયકની અંજનશલાકા અને પ્રતિષ્ઠા માટે પોતે રૂ. ૧૧૧૧૧૧) એકલાખ અગિયાર હજાર એકસો અને અગિયારની બોલીથી આદેશ લીધો છે. પાલીતાણામાં તાજેતરમાં જ પ. પૂ આચાર્યશ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં પાંચસો જિનબિંબોની અંજનશલાકા કરવામાં આવી હતી તેમાં પોતે હાજર રહી સારો એવો ખર્ચ એક લાખથી ઉપર કરેલ છે.

તેઓશ્રીનાં ધર્મપત્ની શ્રીમતી તારાલક્ષ્મીબેન પણ ધાર્મિક વૃત્તિનાં છે અને તેમને દરેક ધાર્મિક કાર્યમાં પૂરતો સહકાર આપે છે. સંતાનમાં તેમને એકમાત્ર પુત્રી ચી. બેન પારૂલ છે.

આવા એક ધાર્મિક અને ઉદારચિત્ત શેઠે આ સભાના પેટ્રન થઈ અમને જે આનંદ અને ઉત્સાહ પ્રેર્યાં છે તે માટે અમે શેઠશ્રીનો ખાસ આભાર માનીએ છીએ. શેઠશ્રી દીર્ઘ આયુષ્ય ભોગવે અને તેમના શુભ હસ્તે ધાર્મિક અને સમાજસેવાનાં વિશેષ અને વિશેષ કાર્યો થતાં રહે એવી શુભ ભાવના અમે પાઠવીએ છીએ.

# श्री आत्मानंद प्रकाश

પુસ્તક : ૬૭ ] ઓગસ્ટ-સપ્ટેમ્બર : ૧૯૭૦ [ અંક : ૧૦-૧૧


## धम्मो मंगलमुक्किट्ठं
## अहिंसा संजमो तवो ।

ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે. અહિંસા, સંયમ અને તપ—એ ધર્મ છે.

માનવના સર્વ સામાન્ય ધર્મની વાતને આ ગાથાર્ધમાં સમજાવવામાં આવેલ છે.

અહિંસા. સર્વ આત્માઓ સાથે પોતાનો વાસ્તવિક અભેદભાવ અનુભવવાની વૃત્તિ અથવા મને જેવાં સુખદુઃખ થાય છે એવાં જ તે તમામ જીવોને થાય છે એમ સમજી કોઈપણ પ્રાણીને ન દુભાવવાની વૃત્તિ અથવા આત્મામાં રહેલા રાગ, દ્વેષ, કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે દુર્ભાવોને નિગ્રહમાં લાવવાની વૃત્તિ એ અહિંસાનું લક્ષણ છે. જેટલે જેટલે અંશે ઉપર જણાવેલી કોઈ ગમે તે એક વૃત્તિ કેળવાય—થોડી પણ કેળવાય તેટલે તેટલે અંશે આત્મામાં અહિંસાનો ગુણ પ્રગટ થાય. બીજી રીતે વિચારીએ તો અહિંસા અને સંયમ એ બંને એક જ અર્થના વાહક જેવા શબ્દો છે. અહિંસા વૃત્તિ અને સંયમ વૃત્તિ એ બંને વૃત્તિનો પરસ્પર સહચારભાવ છે—અવિનાભાવ છે. અને

એમ છે માટે જ સર્વભૂતસંયમને–સર્વ ભૂતો તરફના સંયમયુક્ત વર્તનને જૈન શાસ્ત્રમાં અહિંસા કહેવામાં આવેલ છે.

સંયમ. બાહ્ય પ્રવૃત્તિઓની મર્યાદા અને આંતર વૃત્તિઓનું શોધન એ બંનેનું સાહચર્ય તે સંયમ. અકુશલ વા પાપયુકત મનનો નિરોધ કરી તેને કુશલ તરફ વા પવિત્ર પ્રવૃત્તિ તરફ વાળવું તેનું નામ મનસંયમ. એ જ રીતે અકુશલ વચનનો નિરોધ કરી કુશલ વચન બોલવા તરફના વલણનું નામ વચનસંયમ. અને અકુશલ પ્રવૃત્તિઓને રોકી કુશલ પ્રવૃત્તિઓ તરફ શરીરનું વલણ તે શરીર સંયમ. તથા જેટલાં જરૂરી હોય તેટલાં સાધનોનો–ઉપકરણોનો, રાચરચીલું તથા જીવિકાનાં નિમિત્તોનો, કપડાં, આસનો, રમતગમતનાં સાધનો, રહેવાનાં સાધનો વગેરેનો ઉપયોગ તેનું નામ ઉપકરણસંયમ. ટૂંકાણમાં જે જે પ્રવૃત્તિઓ કરવાની આવશ્યકતા હોય તેમને વિવેક સાથે અને યતના સાથે કરવી તેનું નામ સંયમ. આ સંયમ સર્વોદયકર છે.

તપ. ચિત્તશુદ્ધિના હેતુ માટે વિવેકપૂર્વક મનનું દમન કરતાં, વચનનું દમન કરતાં અને શરીરનું દમન કરતાં જે કાંઈ દુઃખ, પીડા વા સંકટ સહવું પડે તેનું નામ તપ. તપ સંયમપ્રાપ્તિનું સાધન છે. તે બે પ્રકારનું છે: બાહ્ય તપ અને આંતર તપ. બાહ્ય તપ છ પ્રકારનું છે: (૧) અનશન (૨) ઊનોદરી (૩) વૃત્તિસંક્ષેપ (૪) રસત્યાગ (૫) કાયકલેશ અને (૬) સંલીનતા. આંતર તપના પણ છ પ્રકાર છે: (૧) પ્રાયશ્ચિત (૨) વિનય (૩) વૈયાવૃત્ય (૪) સ્વાધ્યાય (૫) ધ્યાન અને (૬) કાયોત્સર્ગ.

કેવળ બાહ્ય તપ ચિત્તશુદ્ધિ માટે લગભગ નિષ્ફળ જેવું છે. બાહ્ય તપ અને આંતર તપ બંને સાથેસાથે જ ચાલતાં રહે તો જ તે ચિત્તશુદ્ધિનું નિમિત્ત બને છે, નહીં તો નહીં. એ વાત જરૂર યાદ રાખવાની છે.

જૈન ધર્મની દૃષ્ટિ ચિત્તશુદ્ધિ પ્રધાન છે અને ચિત્તશુદ્ધિનાં મુખ્ય સાધન અહિંસા, સંયમ અને તપ છે. એટલે જ અહિંસા, તપ અને સંયમને ઉત્કૃષ્ટ મંગલરૂપ ધર્મ કહ્યો છે.

( પં. બેચરદાસકૃત 'મહાવીર વાણી'માંથી ટૂંકાવીને સાભાર ઉદ્ધૃત )

---

ધર્મો રક્ષતિ રક્ષિત :–રક્ષણ કરનારનું–આચરણ કરનારનું રક્ષણ ધર્મ કરે છે.

---

# પર્યુષણા પર્વની આરાધના

લે. પં. લાલચંદ ભગવાન ગાંધી–વડોદરા

પર્યુષણા પર્વની આરાધના જૈન સમાજમાં સેંકડો વર્ષથી ચાલે છે. લગભગ અઢી-હજાર વર્ષો પૂર્વે થઈ ગયેલા ૨૪મા તીર્થંકર શાસન નાયક ભગવાન મહાવીરની પરંપરામાં, મહાવીર–નિર્વાણ પછી ૯૮૦ વર્ષે વલભી-પુરમાં દેવર્ધિગણિ ક્ષમાશ્રમણની મુખ્યતામાં જૈન આગમો પુસ્તકારૂઢ થયાં અને વીરનિર્વાણ સંવત ૯૯૩માં પુત્રમરણના શોકથી આર્ત ધ્રુવસેનરાજાને શાન્ત્વન આપવા આનંદપુરમાં સભા સમક્ષ કલ્પસૂત્રની વાચના શરૂ થઇ, વર્તમાનમાં જૈન સમાજમાં તે વ્યાખ્યાન–પ્રથા ચાલુ છે.

ક્ષત્રિય યુગપ્રધાન કાલકાચાર્ય, જેમણે ઉજ્જૈનના નીતિભ્રષ્ટ ગર્દભિલ્લ રાજાને પદભ્રષ્ટ કરાવ્યો અને શાહિ શકરાજને પ્રતિષ્ઠિત કરાવ્યા, તેમણે પ્રતિષ્ઠાનપુર (પૈઠણ–દક્ષિણ) ના મહારાજા શાલિવાહનના રાજ્યસમયમાં મહારાજાને તથા તેમના પ્રજાજનોને પ્રતિબોધ આપી પર્યુષણાપર્વની આરાધના કરાવી. ખાસ કરીને ભાદ્ર. શુદિ પંચમીને દિવસે સંવત્સરીપર્વ પ્રચલિત હતું, પરંતુ તે દિવસે તે તરફ ઇંદ્ર–મહોત્સવ પ્રચલિત હતો. પ્રજાના અનુરોધથી મહારાજાને તેમાં ભાગ લેવાનો હોઈ, મહારાજાની પ્રાર્થનાથી શુ. ૫ ને બદલે શુ. ૪ ને દિવસે સંવત્સરી પર્વનું આરાધન શ્રી કાલકાચાર્યે પ્રચલિત કર્યું, જેમાં મહારાજા શાલિવાહને, તેમના અંતઃપુરે અને પ્રજાજનોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. વર્તમાનમાં તે પ્રથા જૈન સમાજમાં ચાલુ છે.

પર્યુષણાકલ્પ, મુખ્યતયા જૈનશ્રમણોના આચાર સાથે સંબંધ ધરાવે છે. કલ્પસૂત્રના અંતમાં સાધુ–સામાચારીના રૂપમાં એ સંકલિત છે. તેના પ્રારંભમાં ભગવાન મહાવીરનું જીવનચરિત્ર વિસ્તારથી દર્શાવેલ છે, ત્યારપછી શ્રી પાર્શ્વનાથનું, તે પછી અરિષ્ટનેમિ (નેમિનાથ ભગવાન)નું સંક્ષિપ્ત ચરિત્ર છે, ત્યાર પછી શ્રી ઋષભદેવ તીર્થંકર સુધીના તીર્થંકરોના સમયનાં આન્તરાં દર્શાવ્યા પછી પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનનું જીવનચરિત્ર દર્શાવ્યું છે, તે પછી ભગવાન મહાવીરની પટ્ટ–પરંપરામાં થઈ ગયેલા ગણધરો–સ્થવિરોનો (દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ સુધીનો) સંક્ષેપમાં પરિચય આપવામાં આવ્યો છે. કલ્પસૂત્ર એ આર્ષપ્રાકૃત–અર્ધમાગધી ભાષામાં રચાયેલ છે. તેના ઉપર સંસ્કૃતમાં અનેક વ્યાખ્યાઓ રચાયેલી છે, ભાષામાં બાલાવબોધો છે. ચૌદપૂર્વધર માનનીય શ્રીભદ્રબાહુસ્વામીની એ મૂલ કૃતિ મનાય છે. સ્થવિરાવલીની યોજના દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ સાથે સંબંધ ધરાવે છે.

સાધુ–સામાચારીના અંતમાં પરસ્પર વેર–વિરોધ શમાવી ક્ષમાપના કરવાનું મહત્ત્વનું (૫૮મું) સૂત્ર છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે–'વર્ષાવાસ (ચોમાસું) રહેલા નિર્ગ્રન્થોને અથવા નિર્ગ્રન્થીઓને પર્યુષણા પછી કલહ-કલેશ કરનાર અધિકરણ વચન બોલવું કલ્પે નહિ'. જે કોઈ નિર્ગ્રન્થ અથવા નિર્ગ્રન્થી પર્યુષણા પછી પણ અજ્ઞાનથી કલેશકારક વચન બોલે, તો તેને કહેવું જોઈએ કે–'હે આર્ય! તમે અકલ્પથી (અનાચારથી) બોલો છો, કારણ કે, પર્યુષણાદિન પહેલાં અથવા

તે દિવસે જે અધિકરણ (કલહ–કલેશ) ઉત્પન્ન થયું, તે પર્યુષણામાં ખમાવ્યું, અને પર્યુષણા પછી પણ તમે અધિકરણ–કલેશ કરનાર વચન બોલો છો, તે અકલ્પ–અનાચાર છે.'

અને એવી રીતે નિવારણ કરવા છતાં પણ કોઈ સાધુ કે સાધ્વી પર્યુષણા પછી પણ કલેશકારક અધિકરણ વચન બોલે, તો તેને તાંબૂલિકના દ્રષ્ટાન્ત વડે સંઘથી બહાર કરવો જોઇએ. જેમ તાંબૂલક, સડેલું પાન બીજા પાનોને ન બગાડે, તે માટે, સડેલા પાનને બહાર કાઢીનાખે છે. તેમ તેની માફક અનંતાનુબંધી ક્રોધના આવેશવાળો વિનષ્ટ જ ગણાય એથી બહાર કરવા યોગ્ય છે. એ સમજાવવા દ્રષ્ટાન્તો પણ આપેલાં છે. જેનો કોપ ઉપશાન્ત ન થયો હોય, એથી જેણે વાર્ષિક પર્વમાં ખમત–ખામણાં ન કર્યા હોય, એવા સાધુ વગેરેને માટે એવું કથન છે.

એ પછીના ૫૯મા સૂત્રમાં ત્યાં જણાવ્યું છે કે ચોમાસું રહેલા સાધુઓને અને સાધ્વીઓને પર્યુષણાના દિવસે જ ઊંચા શબ્દે કટુક વિગ્રહ–કલહ ઉત્પન્ન થાય, તો શૈક્ષ (નાનો સાધુ) મોટાને ખમાવે, કદાચ મોટા સાધુ અપરાધી હોય, તો પણ નાના સાધુએ મોટા સાધુને ખમાવવા જોઇએ–એવો વ્યવહાર છે.

કદાચ ધર્મ બરાબર પરિણત ન થયો હોય, તેથી લઘુ મોટાને ન ખમાવે તો શું કરવું જોઇએ? એ સંબંધમાં કહેવામાં આવ્યું છે કે રાત્નિક–મોટા સાધુ પણ નાના સાધુને ખમાવે. સ્વયમેવ–પોતે જાતે જ ખમવું જોઇએ, બીજાને ખમાવવા જોઇએ. સ્વયં પોતે ઉપશાંત થવું જોઇએ, બીજાને ઉપશાંત કરવા જોઇએ. રાગ-દ્વેષથી રહિત સુમતિવાળા બની સંપૃચ્છના કરવી જોઇએ. સૂત્રાર્થ વિષયક અથવા સમાધિ સંબંધમાં પ્રશ્ન–આલાપ–સંલાપ કરનારા થવું જોઇએ. જેની સાથે કલહ–કલેશ થયો હોય, તેની સાથે નિર્મલ મન વડે આલાપ વગેરે કરવું જોઇએ.

હવે કદાચ બેમાંથી એક ખમાવે અને બીજો ન ખમાવે, તો શી ગતિ? એ સંબંધમાં કહ્યું છે કે 'જે ઉપશાંત થાય, તેને આરાધના છે, જે ઉપશાંત થતો નથી તેને આરાધના નથી, તેથી આપણે પોતે જ ઉપશાંત થવું જોઇએ.' એ સંબંધમાં શિષ્યે પ્રશ્ન કર્યો કે 'હે પૂજ્ય! કયા હેતુથી એમ કહેવામાં આવે છે?' ગુરુજી કહે છે કે–'उवसमसारं खु सामन्नं' અર્થાત્ શ્રામણ્ય-શ્રમણપણું એ ઉપશમથી સારવાળું છે. પ્રધાન છે શ્રેષ્ઠ છે. આ સંબંધમાં પણ દ્રષ્ટાંતો આપી સમજાવેલ છે.

એ સાંવત્સરિક સ્થવિરકલ્પના અંતમાં જણાવ્યું છે કે એ પ્રમાણે કલ્પમાં જણાવ્યા પ્રમાણે યથાયોગ્ય માર્ગ પ્રમાણે મન, વચન, કાયાથી તેનું આસેવન–પાલન કરીને તેને શોભાવીને, જીવન–પર્યન્ત આરાધન કરીને તેમજ બીજાઓને ઉપદેશ આપીને, જિનેશ્વરની આજ્ઞાનું પાલન કરનાર કેટલાક તે જ ભવમાં સિદ્ધ થાય છે, કૃતાર્થ થાય છે, બુદ્ધ થાય છે, કૈવલજ્ઞાન પ્રાપ્ત કરનાર થાય છે, કર્મ પંજરથી મુક્ત થાય છે, પરિનિર્વાણ પ્રાપ્ત કરનાર થાય છે, શારીરિક માનસિક સર્વ દુઃખોનો અંત કરનાર થાય છે. બીજા કેટલાક બીજા–ત્રીજા ભવમાં સિદ્ધ થાય છે, સાત, આઠ ભવથી અધિક ભવગ્રહણ કરતા નથી. –અંતમાં દશાશ્રુતસ્કન્ધના આઠમા અધ્યયન રૂપ આ પર્યુષણા કલ્પનું પ્રતિપાદન ભગવાન મહાવીરે કર્યું હતું તેવો ઉલ્લેખ છે.

"તે કાલ અને તે સમયમાં (ચોથા આરાના અંતમાં) શ્રમણ ભગવાન મહાવીરે રાજગૃહનગરમાં સમવસરણમાં 'ગુણશીલ' ચૈત્યમાં બહુ શ્રમણો, બહુ શ્રાવકો અને બહુ શ્રાવિકાઓ, તથા બહુ દેવો અને બહુ દેવીઓની મધ્યમાં રહીને તેમની સમક્ષ એ પ્રમાણે કથન કર્યું-ભાષણ કર્યું હતું. પ્રજ્ઞાપના-પ્રરૂપણા કરી હતી. 'પર્યુષણાકલ્પ' નામનું અધ્યયન સાર્થક સહેતુક, સૂત્રસહિત, અર્થસહિત સૂત્રાર્થ બંને સહિત દર્શાવ્યું હતું, તે પ્રમાણે હું બોલું છું." એ પ્રમાણે શ્રી ભદ્રબાહુ સ્વામીએ પોતાના શિષ્યો પ્રત્યે કહ્યું હતું.

શ્રાવકોએ અને શ્રાવિકાઓએ પણ એનો સાર સમજી પર્યુષણાપર્વની યથાશક્તિ આરાધના કરવી જોઇએ. અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મનું આરાધન કરવું જોઇએ. જગતમાં હિંસા વધી ગઇ છે, અમારિ-અહિંસા-અભયદાનનો પ્રચાર થાય-એવી રીતે શાસકોએ, તથા ઉપદેશકોએ અને પ્રજાજનોએ પ્રવૃત્તિ કરવી જોઈએ. વિશ્વમૈત્રીથી વિશ્વમાં શાંતિ થાય-એજ શુભેચ્છા.

# ચિત્તની સમતા

જીવન હંમેશાં એકસરખું કદાપિ નહી હોવાનું. પરિસ્થિતિ, સંયોગ, કાર્યની વિવિધતા, કર્તવ્યના વધતા ઓછા વિકટ પ્રસંગો, તેજ પ્રમાણે આપણી અને બીજાની જરા, વ્યાધિ, મૃત્યુ એ અવસ્થાઓ, ઘરની અને બહારની અડચણો, તો કદી જન્મ-લગ્ન જેવા આપણા કુટુંબના આનંદ ઉત્સવના પ્રસંગો, કદી કઠણ પ્રવાસ તો કદી આરામ, કદી માન અપમાનના સાર્વજનિક પ્રસંગો, કદી સજ્જન સાથે તો કદી દુર્જન સાથે યોગ, કદી બીજાના તો કદી પોતાના મનની કમજોરી, કદી વસ્તુઓની વિપુલતા તો કદી દુર્મિલતા, અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ, મહાપૂર, રોગચાળો, સુકાળ, દુકાળ, ભૂકંપ, હુલ્લડો જેવા આસમાની સુલતાનીના પ્રસંગો, સારાંશ કદી કાંઇ કદી કાંઇ જેવા સુખદુઃખ યોગ માનવ જીવનમાં ચાલુ હોવાના જ. આ બધામાં પોતાનું ચિત્ત સમ રાખવાનું સાધી શકાય તો જીવનમાં બધું જ સાધ્યું એમ સમજવું.

—કેદારનાથજી

# પર્યુષણ પર્વ

ડા. શ્રે. જિતેન્દ્ર જેટલી એમ. એ. પી.એચ.ડી. ન્યાયાચાર્ય

પર્યુષણ પર્વ એ જૈનોનું એક મહત્ત્વનું અને અગત્યનું ધાર્મિક પર્વ છે. તે દિવસો દરમિયાન પ્રત્યેક ધાર્મિક વૃત્તિ ધરાવતો જૈન મિચ્છા મિ દુક્કડમ્ ઇચ્છતો હોય છે. આમ પોતે જીવનમાં બીજા પ્રત્યે જે કાંઇપણ ખરાબ વિચારો, ભાવનાઓ કે કૃત્યો આચર્યાં હોય એ બધાં મિથ્યા થાઓ એમ ઇચ્છી હવેથી પોતે પોતાના સારાસાર વિવેકબુદ્ધિ અનુસાર વર્તી સારાં કામો કરશે અને કોઈ પ્રત્યે દુરાચરણ નહિ કરે એવી ભાવના સેવે છે. આમ સત્કર્મો કરવાનીએ પુનઃ પ્રતિજ્ઞા પણ કરે છે.

આમ સંસારમાં દૈનંદિન જીવનની અટપટી ઘટમાળના કારણે આપણું અંતઃકરણ જે અજ્ઞાનથી ઢંકાઇ ગયું છે એને અજ્ઞાન-નિદ્રામાંથી ઢંઢોળવાનું યા જગાડવાનું કામ આ પર્વ કરે છે. આ પર્વના દિવસોમાં અજ્ઞાન ખંખેરી જાગવું અને એ પ્રમાણે જાગ્યા ત્યારથી સવાર ગણી હંમેશના માટે સદ્વર્તન કરવું એ આ પર્વનું તાત્પર્ય છે. એમાં જ મનુષ્યજીવનની સાર્થકતા રહેલી છે.

સામાન્ય રીતે જોઇએ તો મનુષ્ય અને અન્ય પ્રાણીઓના જીવનમાં ઝાઝો ફરક નથી. અન્ય પ્રાણીઓને જે કષાયો હેરાન કરે છે તે જ કષાયો મનુષ્યોને પણ હેરાન કરે છે માટે જ એક કવિએ કહ્યું છે કે :

आहारनिद्राभयमैथुनं च
सामान्यमेतत्पशुभिर्नराणाम् ।
एको हि धर्मोऽध्यधिको मनुष्ये ।
धर्मेण हीनः पशुभिः समानः ॥

આ શ્લોકમાં કવિ કહે છે કે આહાર, નિદ્રા, ભય અને મૈથુન આ ચાર બાબતમાં મનુષ્ય અને પશુ સમાન છે. મનુષ્યમાં જો પશુઓ કરતાં કાંઈપણ વિશેષતા હોય તો એક જ છે અને તે ધર્મની. મનુષ્યમાં ધર્મ એક વધારે મૂકવામાં આવ્યો છે. એ ધર્મને બાદ કરવામાં આવે અર્થાત્ જેમાં ધર્મબુદ્ધિ નથી એ માણસ અને પશુમાં કશો પણ ફરક નથી.

શું કવિની આ હકીકત સાચી છે? કવિ પોતે મનુષ્ય હોઇ આ શ્લોક લખવામાં કાંઇક ઉદાર થયો જણાય છે. બાકી આપણે આપણું દૈનંદિન જીવન તપાસીએ તો જણાશે કે આ બાબતોમાં પણ આપણે-મનુષ્યો પશુઓ કરતાં પણ બદતર છીએ.

સૌ પ્રથમ આપણે આહારની વાત લઇએ. સામાન્ય રીતે કોઈપણ પશુ કે હિંસક પ્રાણી એની પોતાની ભૂખ કરતાં વધુ આહાર લેતો નથી. ભૂખ શાંત થઈ ગયા બાદ વનરાજ જેવો વનરાજ પણ શાંત રહે છે. મનુષ્ય સિવાય અન્ય પ્રાણીઓને અપચાનું દર્દ ભાગ્યે જ થાય છે. અર્થાત્ અન્ય પ્રાણીઓને આપણે અકરાંતિયાં નહિ કહી શકીએ. પરંતુ મનુષ્ય આહાર જેવી સાદી બાબતમાં પણ પશુ જેટલોયે સંયમ રાખી શકતો નથી. કેટલાયે મનુષ્યો એમની ભૂખ કરતાં-એમને પચે એ કરતાં વિશેષ આહાર લેતા હોય છે. ન લેવા જેવો આહાર પણ લેતા હોય છે. અપચાનો રોગ પશુઓ કે અન્ય પ્રાણીઓ કરતાં મનુષ્યમાં જ વિશેષ હોય છે. વળી આહારમાં અનેક પ્રકારનું વૈવિધ્ય અને આહાર વિશેની રસિકતા પણ મનુષ્યમાં જ જોવા મળે છે,

નહિ કે પશુઓમાં. જીવવા માટે આહાર છે એમ આપણે કહીએ છીએ, પણ આપણો રોજનો વ્યવહાર એવો છે કે જાણે આપણે આહાર માટે જ જીવતા ન હોઇએ! જાતજાતનાં મસાલેદાર ભોજનો અને રસયુક્ત વાનગીઓ મનુષ્ય તૈયાર કરે છે; પશુઓને એવી કશી જરૂરિયાત હોતી નથી. આહાર વિશેની અનેક માથાકૂટો અને પ્રપંચો તથા અનેક પ્રકારની આદતો મનુષ્યો કેળવે છે. આમ હોવાથી આહારથી થતા રોગો પ્રાણીઓ કરતાં વિશેષ પ્રમાણમાં મનુષ્યોમાં જોવા મળે છે. એટલે આહારની બાબતમાં માણસ, ધર્મ ન હોય તો, પશુ તુલ્ય નથી પરંતુ પશુ કરતાં પણ નીચી કોટિનો છે એ ચોક્કસ છે.

નિદ્રાને વિશે વિચાર કરીએ તો મનુષ્ય સિવાય અન્ય પ્રાણીઓની નિદ્રાને અમુક ચોક્કસ મર્યાદા હોય છે. કોઈપણ મનુષ્યને પૂરતી આજીવિકા હોય અને એ માટે કમાવાની મહેનત કરવી પડે એમ ન હોય તો એ મનુષ્યમાં નિદ્રાનો અતિરેક પણ આવી જાય છે. ઘણા ઊંઘણશી માણસો નિદ્રાનો સામાન્ય સમય વીતી ગયા પછી પણ નિદ્રા લીધા જ કરતા હોય છે. કુંભકર્ણ માણસમાં થાય છે, પશુઓમાં નહિ. આ ઉપરાંત સામાન્ય રીતે જીવનમાં શાંતિ ન હોવાના કારણે નિદ્રા બરાબર ન આવતી હોય કે અનિદ્રાનો રોગ લાગુ પડ્યો હોય એવા માણસોની સંખ્યા પણ ઓછી નથી. આમ ઊંઘણશી પણ માણસો જ હોય છે તથા અનિદ્રા રોગથી પણ માણસો જ પીડાતા હોય છે. વળી અત્યારે તો વૈજ્ઞાનિક યુગમાં ઘણા માણસોનું જીવન પણ એવું થઈ ગયું છે કે નિદ્રાના પ્રાકૃતિક સમયમાં તેને જાગવાનું હોય છે અને જયારે દિવસના સમયમાં જાગતા રહીને કામ કરવાનું હોય છે ત્યારે એને ઊંઘવું પડે છે. કેટલાં બધા કારખાનાં ચોવીસે કલાક ચાલતાં હોય છે અને કેટલા બધા માણસો રાતપાળીમાં જુદાજુદા ક્ષેત્રે કામ કરતા હોય છે. આ રીતે નિદ્રા વિશે માણસોએ કોઇ નિયમ રહેવા દીધો નથી. માણસોએ પોતાના નિદ્રાના સમયમાં અવ્યવસ્થા ઊભી કરી છે. એટલું જ નહીં પણ મૂંગા દૂધ આપતાં કે બીજી રીતે ઉપયોગમાં આવતાં પશુઓની બાબતમાં પણ અવ્યવસ્થા સર્જી છે. મોટાં શહેરોમાં સવારના બદલે રાત્રિના સમયે જ ઢોરોને દોહવામાં આવે છે. આમ માણસે પોતે તો પોતાની નિદ્રા અવ્યવસ્થિત કરી જ છે, સાથે અન્ય પશુઓની નિદ્રાની પણ એ હાલત કરી છે,

ભયની બાબતમાં મનુષ્ય અન્ય પ્રાણીઓ કરતાં સૌથી વધુ ડરપોક છે. વળી એ સ્વેચ્છાચારી હોઈ કોઈક વાર ભય વિના નિયમમાં ચાલતો નથી. આના પ્રત્યક્ષ દર્શન આપણે આપણી લોકશાહીમાં રોજ કરીએ છીએ. મનુષ્ય સિવાય અન્ય પ્રાણીઓ જયારે ભયનું કારણ ઉત્પન્ન થાય ત્યારે જ ભય પામે છે. પણ માણસ કલ્પનાથી પણ ભય પામતો હોય છે. નાનપણથી ખોટા ભયના સંસ્કાર પણ એને પાડવામાં આવે છે. નાનું બાળક છાનું ન રહેતું હોય તો એને બીજા કોઇ ઉપાયોથી શાંત કરવાને બદલે અનેક પ્રકારના ભયો દેખાડવામાં આવે છે અને છેવટે જ્યારે ન જ શાંત થાય ત્યારે મારનો ભય તો હોય છે જ. આમ છતાં જે બાબતમાં માણસને ભય હોવા જોઇએ, તે બાબતો તો ભય નથી. ખરાબ કામો કરવાનો કે અધર્મના આચરણનો ડર હોય તો તે ઇષ્ટ છે. પરંતુ એ ભય ન હોતાં બીજા જ ભયો કોઈકવાર ખરા અને કોઈકવાર કાલ્પનિક એને ડરાવતા હોય છે. આમ ભય બાબતમાં મનુષ્ય પશુથી ચડિયાતો નથી. આપણાં રાજ્યો દંડના ભયથી

ચાલે છે. दण्डभयो हि महान् भय: એમ ચાણાક્ય કહે છે. આમ રોજિંદા જીવનમાં રાજ્યશાસનના ભયવિના સ્વેચ્છાથી સારી રીતે આપણે જીવન વ્યતીત કરી શકતા નથી એટલે આપણી પાસે ભયદ્વારા કામો સારાં કે નરસાં બંને પ્રકારનાં કરાવી શકાય છે અને આપણે કરીએ પણ છીએ. આમ ભયની બાબતમાં મનુષ્ય પશુઓ કરતાં કોઈપણ રીતે આગળ નથી.

સૌથી છેલ્લું મૈથુન રહે છે. આ બાબતમાં મનુષ્ય કરતાં પ્રાણીઓ વધારે સારાં છે એમ કહેવામાં આવે તો અત્યુક્તિ નહિ ગણાય. પ્રાણીઓને અમુક ઋતુઓમાં પ્રાકૃતિક પ્રેરણા અને એ પણ પ્રજોત્પત્તિનિમિત્તે જ એ વિના મૈથુન કરવાનું સૂઝતું જ નથી પ્રાણીઓ કુદરતી રીતે જ નિર્વસ્ત્ર હોય છે. ઋતુકાળ ન હોય તો આ નિર્વસ્ત્ર પ્રાણીઓ મૈથુનનું સેવન કરતા નથી. પરંતુ મનુષ્યને આ જમાનામાં કોઈ ખાસ ઋતુકાળનું બંધન નથી. પ્રકૃતિએ ઋતુકાળની મર્યાદા આપી હોવા છતાં અને પ્રકૃતિની આ પ્રેરણા માત્ર સંતાન ઉત્પત્તિમાટેની હોવા છતાં મનુષ્ય મૈથુન બાબતમાં જે વિલાસ અને કામોપભોગ કરે છે એવી રીતે પશુઓ કદાપિ કરતા નથી. આ જમાનામાં તો આનો અતિરેક સંતતિનિયમનનાં અનેક સાધનોથી વધી ગયો છે. એટલે આ બાબતમાં આપણે મનુષ્યોને પ્રાણીઓ કરતાં ઊંચા મૂકી શકીએ તેમ નથી.

એટલે કવિએ ધર્મ વિનાના મનુષ્યને પશુસમ કહ્યો છે તેમાં તેણે મનુષ્ય તરફની ઉદારતા દાખવી છે.

વસ્તુત : ઉપરની ચારે બાબતોમાં સંયમ અને નિયમન ધર્મ જ શીખવે છે. અહીં ધર્મનો અર્થ વ્યાપક રીતે લેવાનો છે. સાંપ્રદાયિક કોઇ ધર્મની વાત કવિએ કરી નથી, જોકે કોઈપણ સાંપ્રદાયિક ધર્મનો આધાર પણ સામાન્ય ધર્મ જ હોય છે. પરંતુ માણસ આ સામાન્ય ધર્મ કે જે સારાસાર વિવેક ઉપર આધારિત છે એ ભૂલી જાય છે. માણસો આ સામાન્ય ધર્મ ભૂલી ન જાય અને હૃદયની અંદરના સારાસાર વિવેકને જાગ્રત રાખે એ માટે માણસે અનેક ઉપાયો યોજ્યા છે. એમાંના એક ઉપાય તરીકે જૈન ધર્મે આ પર્યુષણ પર્વ યોજ્યું છે.

અગાઉ જણાવ્યું તેમ દૈનંદિન જીવનની ઘટમાળમાં મનુષ્ય પોતાની સારાસાર વિવેકની બુદ્ધિને ઢાંકી દે છે. આ પર્યુષણ પર્વ આ ઢાંકણને ખોલવા માટેનું પર્વ છે. આમ પોતાની સારાસાર વિવેકબુદ્ધિ જાગ્રત થાય અને અત્યારસુધીમાં જે કાંઈપણ દુષ્કૃત્યો આ વિવેકબુદ્ધિ ઢંકાઈ જવાને કારણે થયાં હોય, તે મિથ્યા થાય એવો ઉદ્દેશ આ પર્વનો છે. એટલે આ પર્વની ઉજવણીની સાથે જ આપણે આપણાં દુષ્કૃત્યોનો વિચાર કરવાનો રહે છે. આપણે જોઈ ગયા કે તદ્દન સાદી બાબતોમાં કે જ્યાં કવિ આપણને પશુતુલ્ય કહે છે એમાં પણ આપણે પશુ કરતાં નીચલી કોટિના છીએ. પરંતુ આ બધું વિચારવાની બુદ્ધિ પણ કુદરતે માણસને જ આપી છે. હિતની પ્રાપ્તિ અને અહિતનો ત્યાગ કરવાની વિવેકબુદ્ધિ માણસમાં છે. વળી પોતાના જીવન માટે શું ખરેખર હિતકર છે અને શું અહિતકર છે એ વિચારવાની શક્તિ પણ માણસમાં છે. પરંતુ મનુષ્ય એ સારાસારના વિવેકની શક્તિનો બહુ ઓછો ઉપયોગ કરતો જોવામાં આવે છે.

આ યુગ વિજ્ઞાનનો છે, અને માણસે ભૌતિક વિજ્ઞાનની દિશામાં અસાધારણ પ્રગતિ

કરી છે અને હજી પણ કરતો જાય છે. પરંતુ આ પ્રગતિ સાથે માણસમાં કુદરતે જે સારાસાર વિવેકની ભાવના મૂકી છે તે દૂર થતી જાય છે અને મનુષ્યજીવન વધારે ને વધારે અશાંત તથા કૃત્રિમ બનતું જાય છે. પર્યુષણ પર્વ આવા ભાવનાવિહીન અને કૃત્રિમ જીવન વિશે વિચાર કરવાનો સમય છે. એ દિવસોમાં આપણે આપણા જીવનમાં આચરેલાં અને આચરાતાં દુષ્કૃત્યો મિથ્યા થાય તથા બીજાનાં પણ એવાં દુષ્કૃત્યો મિથ્યા થાઓ એવી શુભ ભાવનાઓને જાગ્રત કરીએ છીએ. એટલે કે અત્યારસુધી હું જે વિવેકહીન જીવ્યો હોઉં તે આજથી મિથ્યા થાય અને હવેથી મારૂં જીવન સારાસારના વિવેકવાળું બને તથા મારી બુદ્ધિ સર્વ મનુષ્યો પ્રત્યે જ નહીં પણ સર્વ પ્રાણીઓ પ્રત્યે સમભાવયુક્ત થાય અને હું એ રીતનું જીવન જીવું એવી પ્રતિજ્ઞા લેવાની હોય છે. આ પર્વ માત્ર ઔપચારિક તહેવાર નથી. આ પર્વમાં અત્યારસુધીના આપણા યોજના વિનાના જીવનને સારૂં યોજનાવાળું બનાવવાની કાર્યવાહી શરૂ કરવાની હોય છે. પરંતુ કોઇપણ સારી બાબતને આપણે ઔપચારિક અને બાહ્ય આડંબરમાં ફેરવી ન નાંખીએ તો આપણે માણસો શાના ?

આ પર્યુષણ પર્વના પવિત્ર દિવસોમાં ધાર્મિક જૈનોમાંના કેટલાક ઉપવાસ વગેરે તપશ્ચર્યાઓ કરે છે, કેટલાક પ્રભાવના વગેરે કરી પોતાના ધનનો સદ્ઉપયોગ કરે છે. દરરોજ દેરાસરમાં ન જતા હોય તેવા પણ આ દિવસોમાં દેરાસરોમાં ખાસ દર્શન માટે જાય છે તથા ચાતુર્માસમાં વ્યાખ્યાન આપતા મુનિમહારાજોના વ્યાખ્યાન સાંભળવા તેમજ તેમને વાંદવા જાય છે. વસ્તુતઃ આ પર્વ હૃદયને, અંતઃકરણને ઢંઢોળવાનું પર્વ છે. બરસ આખું ઊંઘી ગયા હોઇએ પરંતુ આ મહાપર્વ દરમિયાન થોડું જાગીએ અને જાગ્યા ત્યાંથી સવાર ગણી આંતરખોજ કરી સારાં કાર્યો કરવા માટેની યોજનાઓ કરીએ. બાકી જેમ આપણે કેટલીયે સારી યોજનાઓ મનમાં જ શમાવીએ છીએ કે કાંતો ધૂળમાં મેળવી દઇએ છીએ એ રીતે આવા સુંદર આંતરખોજ કરવા માટેના પર્વને પણ બાહ્ય આડંબરોમાં ફેરવી નાંખીએ છીએ. વરસમાં એક વખત પણ આંતરખોજ કરવાની તકલીફ લેતા નથી.

પર્યુષણ પર્વની સાચી ઉજવણી પોતાના હૃદયની અને વીતેલા જીવનની આંતરખોજ કરવામાં રહેલી છે. થોડાએક ઉપવાસ કરવા, કે થોડીએક પ્રભાવનાઓ કરવી, દાન આપવાં એ ખરાબ નથી. પરંતુ જો આ પર્વમાં આંતરખોજ કરવામાં ન આવે તો આ બધી બાહ્યક્રિયાઓ આપણી પોતાની જાતની છેતરામણી બને છે. આપણે જે ખાસ કરવાનું છે તે કરતા નથી અને એને ઢાંકવા માટે બીજી બાહ્ય ઔપચારિક સરળ કામ કરીને ઘણીવાર આપણે ધાર્મિક કાર્ય કર્યાનો ખોટો આત્મસંતોષ લઇએ છીએ પણ ખરેખર મિચ્છા મિ દુક્કડમ્ નું પાલન કરતા નથી.

આવા પવિત્ર પર્વના આગમન પ્રસંગે એ જ કહેવાનું પ્રાપ્ત થાય છે કે આપણે આ પવિત્ર પર્વને માત્ર બાહ્ય ઉપચારો કે આડંબરોનું સાધન ન બનાવતાં એને આપણી વિવેકબુદ્ધિ જગાડવાનું પર્વ ગણી આંતરખોજ કરી આપણી વિવેકબુદ્ધિ જગાડીએ તથા ઓછામાં ઓછું જાગ્યા ત્યારથી સવાર ગણી શેષ જીવનમાં સત્કાર્યો કરવાની પ્રતિજ્ઞા લઇએ. બાકી પર્યુષણ દરવર્ષે આવે છે અને કાળક્રમે આવ્યા કરશે. છતાં જો આ પર્વના પવિત્ર દિવસોમાં આપણે આપણા જીવનમાં આચરેલ દુષ્કૃત્યો વિશે જરા પણ વિચાર ન

કરીએ તો એની બીજી અનેક પ્રકારની ઉજમણી નકામી જવાની અને એનાથી જીવન સુધરશે નહિ અને સાર્થક પણ નહિ થાય.

મનુષ્યમાં સામાન્ય વિવેકબુદ્ધિ કુદરતે આપેલી છે જ. આવા પવિત્ર પર્વના દિવસોમાં આપણે તેને વિશેષ જાગ્રત કરવાની છે. એટલે આજે આપણે આપણી સારાસાર વિવેકબુદ્ધિને જાગ્રત કરીએ અને આપણે જે કાંઈ ખરાબ કાર્યો કર્યાં હોય એનો પશ્ચાતાપ કરી આંતરખોજ કરી એને સાચા અર્થમાં મિથ્યા કરીએ તથા એ રીતે પર્વની ઉજવણી કરીએ એજ અભ્યર્થના.

# સ્તુતિ અને ઉપાસના

આપણને કંઈક જોઈયે છે અને તે માટે આપણે સ્તુતિ કરીએ છીએ. પણ એકલી સ્તુતિથી ફાયદો થાય નહિ; ઉપાસના કરવી જોઈએ અને એ ઉપાસનાનો આધાર જેનો ઉપર છે તે અધિષ્ઠાન–શરીર સુંદર અને લાંબું પહોંચે તેવું હોવું જોઈએ. આજે તો આપણે શરીરને મોંઘું બનાવ્યું છે. કોઈને ય ખપ આવે નહિ તેવું બનાવ્યું છે; લાંબું ટકે નહિ તેવું બનાવ્યું છે. ઉપાસના કેમ કરવી તેની આપણને ગમ નથી. ઉપાસના માટે પણ તાલીમ જોઈએ અને એટલા માટે કહ્યું છે કે જ્ઞાન, દર્શન અને ચારિત્ર્ય વગર ઉપાસના થઈ શકે નહિ. પણ આપણે આજે દિશા ભૂલ્યા છીએ. આપણે આપણા જીવનની પ્રાથમિક જરૂરિયાતોને મેળવવા સ્વાવલંબી બનવું જોઈએ અને એનાથી સંતોષ માનવો જોઈએ.

શ્રી રવિશંકર મહારાજ

મનમાં નિઃશંક માનજો કે ગરીબાઈ એ અપમાન નથી. લંગોટીમાં પણ શરમાવા જેવું નથી. ખુરશી ટેબલ વગેરે સરસામાનના અભાવમાં લેશમાત્ર અસભ્યતા નથી. ધનસંપત્તિ, વ્યાપાર વાણિજ્ય અને ફર્નિચરની બહોળપને જ જેઓ સભ્યતાનું લક્ષણ કહેતા ફરે છે તેઓ જંગાલિયતને જ સભ્યતા ગણાવી સ્પર્ધા કરે છે. ખરી રીતે સાચી સભ્યતા શાંત–સંતોષમાં, મંગલમાં, ક્ષમામાં અને જ્ઞાન–ધ્યાનમાં જ છે. સહિષ્ણુ બની, સંયમી થઈ, પવિત્ર રહી, નિજમાં જ નિજને સમાવી, બહારના બધા જ શોરબકોર અને આકર્ષણને તુચ્છ ગણી પરિપૂર્ણ શ્રદ્ધાપૂર્વક એકાગ્ર સાધનદ્વારા પૃથ્વીના આ પ્રાચીન દેશના સાચા સપૂત થવા, પ્રથમ સભ્યતાના અધિકારી બનવા અને પરમ બંધનમુક્તિનો આસ્વાદ માણવા તૈયાર થાઓ.

—રવીન્દ્રનાથ ટાગોર

# જીવન અને તત્ત્વજ્ઞાન

લેખક: પ્રા. જયંતિલાલ ભાઈશંકર દવે. એમ. એ.

સામાન્ય રીતે પ્રાકૃત મનુષ્યોમાં એક એવી અણસમજભરી માન્યતા પ્રચલિત જોવામાં આવે છે કે તત્ત્વજ્ઞાન તો બહુ જ અઘરૂં, તત્ત્વજ્ઞાન ઝટ સમજાય નહિ. વળી તે વ્યાકરણ જેવો નીરસ વિષય કહેવાય. તત્ત્વજ્ઞાન વ્યવહારમાં આચરી શકાય નહિ. એ તો કવિઓ જેમ ગગનવિહાર કરે છે તેમ નવરા ફિલસૂફો જગત વિશે કલ્પનાઓના ઘોડા ઘડે છે.

ખરેખર આ તો બહુ મોટો અને ગંભીર આક્ષેપ છે પરંતુ આ માન્યતા ખોટી છે તે પૂરવાર કરવા આપણે માનવજીવન તરફ નજર કરીએ. જીવન એટલે શું? જીવન એટલે અનુભવોની પરંપરા. અને તત્ત્વજ્ઞાન તો જીવનના અનુભવો ઉપર જ નિર્ભર છે. એટલું જ નહિ પણ, એથી આગળ વધીને કહીએ તો તત્ત્વજ્ઞાન જીવનનું પ્રતિબિંબ છે અને જીવનની સમીક્ષા પણ છે. એક રીતે કહીએ તો દરેક માણસ જાણ્યેઅજાણ્યે ફિલસૂફ હોય છે એટલે કે તેને જીવન જોવાની અમુક દૃષ્ટિ તો છે જ. મૂર્ખને મૂર્ખદૃષ્ટિ, જ્ઞાનીને જ્ઞાનદૃષ્ટિ.

ઉદાહરણ તરીકે કોઈ જંગલમાં રહેનાર આદિવાસીનું જીવન તમે તપાસો. તે જંગલી માણસને પણ અમુક જાતની જીવનદૃષ્ટિ છે. પછી ભલેને તે જીવનદૃષ્ટિમાં માત્ર વહેમો જ ભર્યા હોય. છતાં એ તેનું તત્ત્વજ્ઞાન છે. આપણું તત્ત્વજ્ઞાન, જુદી અપેક્ષાઓને કારણે, તેનાથી જુદું હોઈ શકે છે. ખરી રીતે દરેક માણસને એક જાતનું તત્ત્વજ્ઞાન હોય છે જ. તેના આચારમાં, તેના વિચારમાં, તેની દરેક પ્રવૃત્તિમાં અમુક આદર્શો રહેલા હોય છે જ. ધ્યેય વગર કોઈ પણ સમજુ માણસનું જીવન સંભવી શકતું નથી. બધાં ધ્યેયો હંમેશાં આધ્યાત્મિક કે નૈતિક ન પણ હોય. કેવળ વ્યાવહારિક જીવન પૂરતાં પણ હોય. સ્વાર્થી માનવો "હું અને મારું ઘર"ના જેવા સંકુચિત આદર્શોમાં રચ્યાપચ્યા રહે છે. અધ્યાત્મ-સંસ્કારોના રંગે રંગાયેલા કોઈ વિરલ પુરુષોના આદર્શો ઊંચા હોય છે, ત્યારે જંગલી લોકોના નિકૃષ્ટ હોય છે. દાખલા તરીકે જંગલી માણસની જગત વિષે કલ્પના તપાસીએ. તેને પણ જગતના વૈવિધ્ય તરફ નજર કરતાં એમ લાગતું હશે કે વડમાં કોઈ દેવ છે, પીપળામાં કોઈ દેવ છે. પત્થરોમાં, નદીનાળામાં દેવ કે ભૂત કે પ્રેત હશે જ અને તેની આરાધના જો તે ન કરે તો તેના ઉપર કે તેના કુટુંબ ઉપર સંકટ આવી પડશે. આમ જગતનાં અનેક સત્ત્વો તેના જીવન ઉપર સત્તા ચલાવી રહ્યાં છે. પોતાને કાંઈ અનિષ્ટ થાય ત્યારે તે માની લે છે કે અમુક દેવ કોપાયમાન થયો છે. વળી પાછો તે દેવની ખુશામત કરે છે અને બેબાકળો બની ભૂતપ્રેતાદિને પશુબલિ ચડાવે છે. ખરેખર, ગીતા કહે છે તેમ, માણસ શ્રદ્ધાનો બનેલો છે, શ્રદ્ધામય છે. જેની જેવી શ્રદ્ધા, તેવો તે માણસ હોય છે.

તત્ત્વજ્ઞાન એટલે શું? અનુભવમૂલક વ્યાપક અને સમ્યક્ દૃષ્ટિ. અનુભવો બે પ્રકારના હોઈ શકે. (૧) સમ્યક્ અથવા યથાર્થ અને વ્યાપક તથા (૨) અસમ્યક્ અથવા મિથ્યાત્વના અંશવાળા એટલે કે અયથાર્થ અને સંકુચિત અનુભવ.

જગતનાં કોઈ પણ દર્શનશાસ્ત્રોને તપાસો તો તેમાં તમને ઉપરોક્ત કથનની સત્યતા જણાશે. પૂર્વના અને પશ્ચિમના દર્શનશાસ્ત્રો તો અનેક છે. પણ મુખ્યત્વે તેમાં ત્રણ પ્રકાર જોવામાં આવે છે પ્રથમ, જડવાદ અથવા નિસર્ગવાદ (Naturalism) અથવા (Materialism). બીજો પ્રકાર એકાંતિક આત્મવાદ કે જેમાં પાશ્ચાત્ય દર્શનોના Subjective તથા Objective Idealism અને Absolute Idealism જેવા વાદો અને ભારતીય દર્શનોમાંથી શંકરાચાર્યનો કેવલાદ્વૈત અથવા માયાવાદવેદાંત જેવાં દર્શનોનો સમાવેશ થાય છે. ત્રીજો પ્રકાર અનેકાંતમૂલકઅધ્યાત્મવાદ કે જેને માણસો જૈનધર્મ તરીકે ઓળખે છે. આ ત્રણે પ્રકારનાં દર્શનોમાંથી અનેકાંતમૂલક અધ્યાત્મવાદને જ દર્શનચૂડામણિ અને સમ્યગ્દર્શન કહી શકાય. કારણ કે પ્રથમ બે ત્રુટિવાળા છે અને સાચી વ્યાપક દૃષ્ટિ અનેકાંતમૂલક અધ્યાત્મવાદમાં છે. જીવનની સમસ્યાઓનું સાચું સમાધાન અનેકાંત દૃષ્ટિથી જેવું થાય છે, તેવું બીજી કોઇ તત્ત્વદૃષ્ટિથી થતું નથી.

સૌથી પહેલાં આપણે જડવાદ તરફ દૃષ્ટિપાત કરીએ, કારણ કે જડદ્રવ્યનો આપણા ઉપર એટલો બધો પ્રભાવ છે કે આપણે ક્ષણભર જડદ્રવ્ય જ કેમ જાણે વસ્તુ સર્વસ્વ હોય એમ માની બેસીએ છીએ. જડવાદ એ એક પ્રકારનું એકાંતિક અદ્વૈત છે. તેને ભૌતિક જડાદ્વૈત પણ કહેવાય છે. નિસર્ગવાદ પ્રકૃતિવાદ, સ્વભાવવાદ વગેરે શબ્દો તેના પર્યાયો છે. જડપ્રકૃતિનાં રૂપાંતરો થતાં નદીઓ, પર્વતો, સમુદ્રો, વનસ્પતિઓ, પશુઓ અને છેવટે માણસો થયાં. જડવાદ પ્રમાણે, આ બધું વિશ્વ, જડ અને અચેતન પરમાણુઓનો જ સમૂહ છે, વિકૃતિ છે, લીલા માત્ર છે, જડવાદ કિંવા પરમાણુવાદ કે જેને સ્વભાવવાદ પણ કહેવાય છે તે પૂર્વનો હો કે પશ્ચિમનો હો, બધે એક સરખો છે. કાગડા જેમ બધે જ કાળા છે તેમ જડવાદ બધે જ સરખો છે. ગ્રીક પરમાણુવાદી ડીમોક્રિટસથી માંડીને બર્ટ્રાન્ડ રસેલ સુધી યૂરોપમાં તેનો પ્રવાહ સતત ચાલુ છે. કોમ્યુનીસ્ટો અથવા સામ્યવાદીઓ પણ દાર્શનિક દૃષ્ટિએ આ વર્ગમાં મૂકી શકાય તેવા છે. આપણે ત્યાં તો ચાર્વાક પ્રસિદ્ધ થઈ ગયો છે. પરંતુ એવા અનેક ચાર્વાકો છૂપી રીતે આપણામાં હજુ પણ હશે જ એમાં શંકા નથી. આ સ્વભાવવાદીઓને આપણે પૂછીએ કે જડમાંથી ચેતન કેવી રીતે આવ્યું ? એમાંથી એક ઉત્તર તેની પાસે તૈયાર જ છે. (પશ્ચિમના કેટલાક જડવાદી માને છે તેમ પરમાણુઓનો અકસ્માત સંયોગ (Fortuious Concourse of atoms) અથવા (૨) સ્વભાવ. એક સ્વભાવવાદી કહે છે કે :—

> शिखिनश्चित्रयेत् को वा
> कोकिलान् कः प्रकूजयेत् ।
> स्वभावव्यतिरेकेण
> विद्यते नात्र कारणम् ॥

અર્થાત્–મોરનાં પીંછામાં રંગાવલી કોણ પૂરે છે ? કોયલોના કંઠમાં મધુર સ્વરાવલી કોણ રેડે છે ? આ જગત્‌માં સ્વભાવ સિવાય તેનું કોઈ કારણ એટલે કે ખુલાસો નથી જ.

જડવાદમાં ચેતનને સ્થાન નથી. જ્યારે આત્મા જેવી વસ્તુ જ નથી તો પછી મરણ પછી તેના અસ્તિત્વનો કે અમરત્વનો પ્રશ્ન રહેતો જ નથી. ચાર્વાક કહી ગયો છે કે–દેવું કરીને પણ ઘી ખાવું અને શરીર સુખ ભોગવવું એ જ સ્વર્ગ અને મરણ એ જ મોક્ષ. મરણ પછી કોઇ સ્વર્ગ કે નરક જેવી વસ્તુઓ નથી.

પશ્ચિમના રસેલ જેવા જડવાદીઓ કહે છે કે શુદ્ધતર્કથી આત્માનું મરણોત્તર અસ્તિત્વ સિદ્ધ થઈ શકતું નથી. આપણે માત્ર લાગણીવશ બની જઇને તે માની લઇએ છીએ. ૧૯મી સદીમાં જર્મન વૈજ્ઞાનિક તત્ત્વજ્ઞ અર્નેસ્ટ હેઇકલને આ મુંઝવણ બહુ હેરાન કરતી હોય તેમ લાગે છે. તેના એક પુસ્તકમાં તે કહે છે:—

"In the important moment when the child first pronounces the word 'I' when the feeling of self becomes clear, we have the beginning of self-consciousness, and of the anti-thesis of non-ego."

અર્થાત્ બાલકના જીવનમાં એક એવી અગત્યની ક્ષણ આવે છે કે જ્યારે તેને પોતાના "હું"નું ભાન થાય છે, તે સમયે આત્મભાનની શરૂઆત થઇને પોતે બીજાથી જુદો છે એમ સ્પષ્ટ ભાન થાય છે. ટૂંકામાં જડવાદમૂલક માનસશાસ્ત્ર અહં અને મમ શા કારણે થાય છે તેનો ખુલાસો આપી શકતું જ નથી.

વળી જીવનના કોઈ પણ પ્રશ્નનું સંતોષકારક સમાધાન જડવાદ આપી શકતું નથી. આપણામાં નૈતિક આદર્શોની ભાવના જાગૃત થાય છે તેનું શું ? સૌંદર્યની ભાવના ઉત્પન્ન થાય છે તેનું શું ? ત્યાગ અને વૈરાગ્ય ઉપજે છે તેનું શું ? અમારી સમજણ પ્રમાણે જડવાદનો સચોટ રદિયો ઇંગ્લાંડના માજી વડાપ્રધાન આર્થર જેમ્સ બાલ્ફરે તેના એક પુસ્તકમાં આપ્યો છે. બાલ્ફર રાજનીતિજ્ઞ પુરુષ હતો. પણ સાથેસાથ એક ઉચ્ચ કોટિનો ફિલસૂફ પણ હતો. તેણે આપેલા એ ગીફર્ડ (Gifford Lectures) વ્યાખ્યાનમાં જડવાદનો સરસ પરિહાર કર્યો છે. બાલ્ફરની દલીલ સામાન્ય દલીલો કરતાં જરા જુદી જાતની છે. તે કહે છે કે "તમારે આત્માના અસ્તિત્વમાં અને અમરત્વમાં માનવું ન હોય તો ભલે ન માનો. પરંતુ એટલું જરૂર ધ્યાનમાં રાખો કે એમ કરવાથી તમે તમારી જ્ઞાનવિષયક, સૌંદર્ય વિષયક અને નીતિવિષયક, કંઈ કંઈ ઉચ્ચતમ ભાવનાઓનું મૂલ્ય ઘટાડી નાંખો છો." બાલ્ફરનો કહેવાનો આશય એમ છે કે કલા અને સૌંદર્યની શ્રેષ્ઠ અને ઉદાત્ત કલ્પનાઓનું કાંઈ પણ મૂલ્ય હોય, નૈતિક જીવનની મહત્તા ટકાવી રાખવી હોય તો આ બધાના પાયામાં આત્માનું અસ્તિત્વ એક મૂળભુત તત્ત્વ તરીકે છે એમ સ્વીકાર્યા વગર છૂટકો જ નથી. જો જડવાદ અંતિમ સત્ય હોય તો જગત એક ભયંકર અને ક્રૂર મશ્કરી છે. હાલના યૂરોપિયન માનસશાસ્ત્ર અને જીવવિદ્યાશાસ્ત્રના વૈજ્ઞાનિકોમાં હજુ પણ જડવાદના વિખેરાતા ઓળાઓ દેખાય છે પણ પશ્ચિમનું વિજ્ઞાન ધીમેધીમે સ્વીકાર કરતું થયું છે કે જડવાદ અંતિમ સત્ય ન હોઇ શકે. વળી જડવાદમૂલક માનસશાસ્ત્ર અને જડવાદી જીવવિદ્યા આ શબ્દો જ વદતોવ્યાઘાત છે. તદુપરાંત સમસ્ત માનવજાતનો અને ખાસ કરીને જગતના સાધુસંતો અને મહાત્માઓ—ભલેને પછી તેઓ ગમે તે ધર્મના કે પંથના કે સંપ્રદાયના હોય—આ બધાનો અનુભવ જડવાદની વિરુદ્ધ જ જાય છે.

જગતના દર્શનશાસ્ત્રો બે પ્રકારનાં જ હોઈ શકે—એકતત્ત્વવાદી (Monistic) અને બહુતત્ત્વવાદી (Pluralistic). પૃથ્વી પરનાં દર્શનશાસ્ત્રોનાં નામરૂપ દેશકાળનાં ભિન્નતાને કારણે ગમે તેટલાં વિવિધ હોય પણ તત્ત્વની દૃષ્ટિએ વિચાર કરતાં તેઓ કાં તો એકતત્ત્વ-

વાદી હોય છે અથવા બહુતત્ત્વવાદી હોય છે. જડવાદ એકતત્ત્વવાદી અથવા એક પ્રકારનું અદ્વૈત છે. તેને આપણે જડાદ્વૈત કહી શકીએ. તેથી ઊલટું સાંખ્યદર્શન, ન્યાયદર્શન, યોગદર્શન, જૈનદર્શન બહુતત્ત્વવાદી છે. બૌદ્ધ દર્શનની કોઇ કોઇ શાખા બહુતત્ત્વવાદી છે. વિદ્વાનો માને છે કે બૌદ્ધ દર્શન અદ્વૈતવાદી છે. ખરી રીતે તો બુદ્ધ પોતે દાર્શનિક ચર્ચાની વિરૂદ્ધ હતા. પવિત્ર અને નીતિમય જીવન ઉપર જ તેમનો ખાસ આગ્રહ હતો. હવે આપણે વેદાંત તરફ જરા નજર કરીએ. વેદાંત એટલે વેદ પછીનું લખાણ. ટૂંકમાં ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન વેદાંત કહેવાય. ઉપનિષદોના ઉપદેશ પરત્વે વિદ્વાનો એમ માને છે કે બધાં ઉપનિષદો વેદાંતનો બોધ કરતાં નથી. કેટલાંક ઉપનિષદો સાંખ્યપ્રધાન, કેટલાંક યોગપ્રધાન અને કેટલાંક વેદાંતપ્રધાન છે. વળી કેટલાંક ઉપનિષદો ઇશ્વરવાદી છે તો કેટલાંકમાં માયાવાદ અને અજ્ઞાતવાદ જેવું વેદાંત છે. જેટલા આચાર્ય થઇ ગયા તેમણે પોતાની રુચિ પ્રમાણે ઉપનિષદોનાં ભાષ્યો કર્યાં છે. મધ્વાચાર્યનું વેદાંત તો ઉઘાડી રીતે દ્વૈતવેદાંત છે એટલે બધું વેદાંત અદ્વૈતવાદી છે એમ ન માની લેવું જોઇએ. છતાં પણ શાંકર વેદાંત જ સાચું વેદાંત છે એવી ગેરસમજણ પશ્ચિમના વિદ્વાનોમાં અને અહિં પણ છે. બાદરાયણનાં સૂત્રોનો કાળજીપૂર્વક અભ્યાસ કરવામાં આવે તો સ્પષ્ટ જણાઈ આવશે કે તેના વેદાંત દર્શનમાં માયાવાદની ગંધ સરખી પણ નથી ઉપનિષદ્કાળમાં ઋષિઓના જુદા જુદા મતોને અને અનુભવોને દર્શાવતો અને તે બધાને સૂત્રરૂપે ગૂંથી લેવાનો પ્રયત્ન બાદરાયણે કર્યો છે. બીચારા બાદરાયણને સ્વપ્ને પણ ખ્યાલ નહિ હોય કે તેના સૂત્રોમાંથી વિતંડાવાદો જન્મશે. વેદાંતના તત્ત્વનિશ્ચય સંબંધે બોધાયન ટંક, દ્રવિડ, ગુહદેવ, કપર્દિન્ અને ભારૂચિ જેવા સમર્થ વિવેચકોનો અભિપ્રાય શંકરથી ઘણે સ્થળે સાવ જુદો જ હતો. આથી સિદ્ધ થાય છે કે શાંકર મત અને બાદરાયણ મત બન્ને એકબીજાથી જુદા છે અને તદ્દન સ્વતંત્ર રીતે સ્થાપિત કરેલા છે. શંકરે બ્રહ્મસૂત્ર ઉપર શાંકરભાષ્ય લખવા કરતાં સ્વતંત્ર રીતે પોતાનો મત સ્થાપવા પ્રયત્ન કર્યો હોત તો સારું થાત. શાંકરવેદાંતને બ્રહ્માદ્વૈતવાદ, એકાત્મવાદ, એકજીવવાદ, માયાવાદ વગેરે નામો અપાયાં છે. એકાત્મવાદ જેવા અદ્વૈતની મુશ્કેલીઓ ઘણી છે, પરંતુ આ મુશ્કેલીઓને ટાળવા માયાવાદનો આશ્રય લેવાય છે. વાચસ્પતિમિશ્રે સાંખ્ય કારિકામાંના ૧૮મા શ્લોકની પોતાની ટીકામાં સૌથી મોટી મુશ્કેલીનો ઉલ્લેખ કર્યો છે. तदा खल्वेकस्मिन् पुरुषे जायमाने सर्वे जायेरन्, म्रियमाणे च म्रियेरन्। अंधादौ चैकस्मिन् सर्व एव अंधादयः विचिते चैकस्मिन् सर्व एव विचित्ताः स्युः। અર્થાત્ જો ખરેખર એક જ જીવ અથવા આત્મા માણસોનાં જુદાંજુદાં શરીરોમાં હોય તો શું પરિણામ આવે? એકના જન્મથી બધા એકસામટા જન્મે જે અશક્ય છે. એકના મરણથી બધા એકસામટા મરી જાય કે જે અનુભવમાં નથી જોયું. અલબત્ત કોઈ ધરતીકંપ થાય તો એકસામટા મરી જાય ખરા. એક આંધળો હોય તો બધા આંધળા થઇ જાય અને એક ગાંડો હોય તો બધા ગાંડા બની જાય!

આમ છતાં અદ્વૈતવાદનું આકર્ષણ પૂર્વમાં અને પશ્ચિમમાં ઘણા માણસોને પ્રબળપણે થયું છે અને હજુ પણ થયા કરે છે તેમાં સંદેહ નથી. પરંતુ જે લોકો અદ્વૈતને સ્વીકારે છે તેમને તો પહેલેથી જ એક મોટી સમસ્યાનો સામનો કરવાનો રહે છે. આ સમસ્યા

છે એક અને અનેક વચ્ચેના સંબંધની. સત્પદાર્થ–તેને બ્રહ્મ કહો કે આત્મા કહો–તે એક અને અદ્વિતીય છે, પણ પ્રતીયમાન દશ્યો તો અનેક છે. આપણે એકત્વને જ સત્ય માની તેનું પ્રતિપાદન કરીએ તો અનેકત્વની સ્પષ્ટ પ્રતીતિ જે થાય છે તેનો શો ખુલાસો છે? માયાવાદ વેદાંતમાં તેનો જવાબ એવો છે કે અનેકતા એ માયા છે. પણ માયા પોતે બ્રહ્મને આશ્રયે છે એટલે કે પોતે સ્વતંત્ર તત્ત્વ નથી. જો આમ જ હોય તો બ્રહ્મમાં પણ માયા આવશે. માયા એટલે અજ્ઞાન. બ્રહ્મ તો જ્ઞાનસ્વરૂપ છે તેમાં અજ્ઞાન કે માયા કયાંથી આવ્યા? માયાને સ્વીકારવાથી એક પ્રકારનું દ્વૈત ઊભું નથી થતું? માયાને સ્વીકારવાથી બ્રહ્મમાં જ્ઞાન અજ્ઞાન એવા પરસ્પર વિરુદ્ધ ગુણો નહિ આવે શું? આવી ગહન છે માયાવાદની માયા.

અનેકતા અને વિવિધતા કેવળ ભાસમાન જ છે એમ નથી. એ ખરેખર જ છે. એમ ન હોત તો ગધેડું ઉંટ લાગત અને ઉંટ ગધેડું લાગત? છતાં શંકરાચાર્ય એવી દલીલ કરે છે કે દ્વૈત લોકપ્રસિદ્ધ હોવાથી ગ્રહણ કરવા યોગ્ય નથી. ફક્ત અદ્વૈત જ ગ્રહણ કરવું જોઇએ. જગતની બધી વિદ્યાઓ વસ્તુઓના ભેદજ્ઞાન પર રચાયેલ છે. એક જ વસ્તુ હોય તો કશું જાણવાનું રહેતું નથી. જ્યાં સુધી તત્ત્વજ્ઞાનને લાગેવળગે છે ત્યાં સુધી વસ્તુજ્ઞાનનું મુખ્ય સાધન તો ભાષા છે. વિચારોને વ્યક્ત કરવા માટે ભાષા વપરાય છે. હમણાં યૂરોપ અને અમેરિકામાં સિમેન્ટિક (Sementic) એટલે કે શબ્દાર્થવ્યાપારશાસ્ત્ર અથવા પદાર્થવ્યાપારશાસ્ત્ર ઊભું થયું છે, તે ખરી રીતે ભાષાશાસ્ત્રનો એક પ્રકાર છે. સિમેંટીકના પુરસ્કર્તાઓ ખૂબ સંશોધનોના અંતે એવા નિર્ણય ઉપર આવ્યા છે કે અમુક લાગણીઓને (Feelings-Sensations) બાદ કરતાં એમ ચોક્કસ કહી શકાય કે બધા વિચારો ભાષામાં વ્યક્ત થઈ શકે છે જ. કોઈ એવો વિચાર નથી કે જે અવ્યક્ત રહી શકે. There is no such thing as unexpressed thought. હવે વિચાર વસ્તુના અનુભવનો જ હોઇ શકે. અનુભવમાં ન આવ્યું હોય તેનો વિચાર જ ન હોઇ શકે. ખુદ વેદાંતનાં જે મહાવાકયો કહેવાય છે જેવાં કે સોऽहं, तत्त्वमसि, अहं ब्रह्माऽस्मि આમાં ત્રણે પુરુષોનો વ્યાકરણ દૃષ્ટિએ ઉપયોગ થયેલો છે તે મહાસૂચક છે. સંપૂર્ણ અભેદ સ્થાપવા શંકરાચાર્યે તેના स्वात्मनिरूपण નામના પ્રકરણ ગ્રંથમાં આવાં મહાવાકયોનો અર્થ અભેદવાચક ઘટાવવા લક્ષણાનો પ્રયોગ કર્યો છે! પણ લક્ષણા તો કાવ્યાદિમાં શોભે, આ તો તત્ત્વજ્ઞાન છે. તત્ત્વજ્ઞાન વિજ્ઞાન (Science) જેવું ચોક્કસ જ્ઞાન છે. વૈજ્ઞાનિક પ્રયોગમાં જો વાચ્યાર્થનો ત્યાગ કરીએ તો કેટલું ભયંકર પરિણામ આવે? પણ શંકરાચાર્યને કાવ્ય અને તત્ત્વજ્ઞાનનો અભેદ લાગ્યો હશે કે જેથી અલંકારશાસ્ત્રનો પ્રયોગ તત્ત્વજ્ઞાનમાં અજમાવ્યો.

સાંપ્રદાયિક આગ્રહને વશ થઈ મોટા મોટા આચાર્યો પણ અર્થોના અનર્થો કરી બેસે છે.

ગણિતશાસ્ત્રમાં ખરા સંખ્યાકો (Real Numbers) અને કાલ્પનિક સંખ્યાકો હોય છે તેમ તત્ત્વજ્ઞાનના વિષયમાં પણ વસ્તુ અને કલ્પના એમ બન્નેનો વિચાર થાય છે. દાખલા તરીકે માણસ શબ્દનો ઉચ્ચાર કરીએ. હકીકતમાં જગતમાં માણસો છે, વિશિષ્ટ નામરૂપવાળા માણસો છે પણ મનુષ્ય વર્ગની વ્યક્તિઓથી પર એવું મનુષ્યત્વ નથી.

ટૂંકામાં માણસ શબ્દનો ઉચ્ચાર કરીએ ત્યારે તે શબ્દ જાતિવાચક બને છે. જાતિ સામાન્ય ગુણવાચક છે તેથી જ તેનું ખરૂં સ્વરૂપ સમજવા માટે, જે વ્યક્તિઓ વડે તે બનેલી હોય તેના પર આધાર તેને રાખવો પડે છે ટૂંકામાં સામાન્ય અને જાતિ એ વ્યક્તિસાપેક્ષ છે. 'મનુષ્ય' એ સામાન્ય છે એટલે તેનું વાસ્તવિક અસ્તિત્વ નથી. દુનિયામાં મનુષ્યો છે, અનુભવમૂલક કલ્પનાથી મનુષ્ય શબ્દ જ આપણે ઉપજાવ્યો છે. એક સ્પષ્ટ ઉદાહરણ લઈએ. શંકરાચાર્ય માણસ છે, કેરલ દેશના છે, સમર્થ વિદ્વાન છે, આમાં ફક્ત શંકરાચાર્ય શબ્દ જ વ્યક્તિ વાચક છે, વિધેયવાચક શબ્દો બધા સામાન્ય વાચક છે. વ્યક્તિની બહાર સામાન્યની વાસ્તવિક સત્તા જ નથી. વળી ઉદ્દેશ્ય અને વિધેયમાં પૂર્ણ અભેદ હોય તો કોઇ વસ્તુનો નિર્દેશ જ ન થઇ શકે. રામ દશરથનો પુત્ર છે આ વાકયમાં પણ પૂર્ણ અભેદ નથી. જીવ બ્રહ્મ છે એમ જીવ અને બ્રહ્મમાં બન્નેમાં પૂર્ણ અભેદ હોય તો બોલી જ ન શકાય જો બોલી શકાય તો સ્પષ્ટ થાય છે કે જીવ બ્રહ્મ છે એમ અમુક અર્થમાં સમજાવાની સાથે જ અમુક અર્થમાં જીવ બ્રહ્મ નથી જ એમ પણ સૂચિત થાય છે. છેલ્લે एकं सत् એમ વેદાંતીઓ શ્રુતિના આધારે બોલે છે ત્યાં 'એક'નો શો અર્થ સાચો હોવો જોઇએ? વધારે ઊંડા ઉતરીને આપણે જોઇશું તો જણાશે કે 'એક' વિચાર પણ સામાન્ય જનિત છે; સામાન્ય સાપેક્ષ છે. અનેકનો અનુભવ થાય ત્યારે એક, એક એમ છૂટું પાડી શકાય. એક, એક, એક એમ કરતાં અનેક થાય ટૂંકામાં એક અને અનેક પરસ્પર સાપેક્ષ છે. અને છેવટે 'સર્વ બ્રહ્મ છે' એ વાકયનો અર્થ પણ સામાન્યવાચક છે. જેમ સર્વ મનુષ્યો મરણશીલ છે એ વાકયમાં સર્વનો અર્થ જે પ્રમાણે કરીએ છીએ તે પ્રમાણે સર્વ બ્રહ્મ છે તેમાં પણ સમજવું. બન્ને વાકયોમાં સામાન્યની સત્તા કેટલી બધી વ્યાપક છે તે બતાવેલું છે. બ્રહ્મ સર્વથી મોટી અને વિસ્તૃત જાતિ અથવા સામાન્ય છે એટલો જ એનો અર્થ થાય છે. ટૂંકમાં બ્રહ્મનો અર્થ સામાન્યવાચક હોઇ જગતની તમામ વસ્તુઓના સમૂહરૂપ કે સંગ્રહરૂપ બની જાય છે. ખરેખર જૈન દર્શન વેદાંતની ટીકા કરીને સ્પષ્ટ બતાવી આપે છે કે वेदांतिनां संग्रहात् (જુઓ અધ્યાત્મસાર જિનસ્તુત્યધિકાર શ્લોક ૬) એ ન્યાયે આખું વેદાંત દર્શન ફક્ત સંગ્રહનયના દૃષ્ટાંતરૂપ જ બની જાય છે. કોઇ પણ નય સંપૂર્ણ જીવનદૃષ્ટિ નથી તો પછી જીવનના પૂર્ણ તત્ત્વજ્ઞાન માટે સંગ્રહનય-તુલ્ય વેદાંતની યોગ્યતા કેટલી?

જેમ કોઈ પક્ષી પોતાનું માથું જમીનમાં રેતીની અંદર ખોસી દે અને માને કે બહારની દુનિયા જ નથી, કારણ કે તેને પોતાનું પણ વધારાનું શરીર દેખાતું નથી તો પછી બીજું તો કયાંથી જોઇ શકે? બ્રહ્મ સત્ય છે, જગત્ મિથ્યા છે અને જીવ બ્રહ્મ જ છે એમ માન-નાર શાંકર વેદાંતની આવી દશા છે. જો બ્રહ્મ જ હકીકતમાં એક માત્ર સત્પદાર્થ હોય અને બધા જીવો અને બાકીનું જગત્ મિથ્યા હોય અને જીવાત્માઓ બ્રહ્મથી ભિન્ન ભિન્ન માન-વાની ભ્રાંતિ કરતા હોય તો પછી સ્વાભાવિક રીતે પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે બ્રહ્મમાં આવો ભ્રમ કયાંથી આવ્યો? જેમ સ્વપ્નો હોય તો સ્વપ્નોને અનુભવનાર કોઈક હોય જ. તેમ ભ્રાંતિને અનુભવનાર જોઇએ. પણ ખરી વાત તો એમ છે કે માયા, સ્વપ્ન, ભ્રાંતિ વગેરે ઉદાહરણોથી બ્રહ્મનો મહિમા વધતો નથી. ઊલટું આ બધા તો અપૂર્ણતાના સૂચક છે.

જો બ્રહ્મ પૂર્ણ હોય, તો તે જરૂર નિર્વિકાર પણ હોય અને જો બ્રહ્મ પૂર્ણ અને નિર્વિકાર હોય તો બ્રહ્મ પોતાને માટે એવો વિચાર પણ ન લાવી શકે કે પોતે અનંત અને અપરિચ્છિન્ન સત્તા નથી. દોરડીને સાપ માનવાની ભૂલ અજ્ઞાની માણસ કરે પણ બ્રહ્મ ભ્રાંતિથી માની બેસે કે પોતે જીવાત્મા છે તો પછી જીવની અનેક દુઃખાદિ ક્લેશોવાળો અને બીજી અનેક ત્રુટિઓવાળો બ્રહ્મ બની જશે. વળી કેટલાક વેદાંતીઓ એમ કહે છે કે જેમ સૂર્ય જળમાં પડેલાં પોતાનાં અનેક પ્રતિબિંબોથી અસ્પૃષ્ટ રહે છે તેમ બ્રહ્મ પણ જીવાત્મારૂપી પોતાનાં પ્રતિબિંબોથી અસ્પૃષ્ટ રહે છે. બિંબ પ્રતિબિંબવાદી વેદાંતનું આ દૃષ્ટાંત તો મૂળથી જ વદતોવ્યાઘાત છે. પાણીમાં પડેલાં સૂર્યનાં પ્રતિબિંબો સૂર્ય નથી તેમજ સૂર્ય એ પ્રતિબિંબ નથી. અલબત્ત બન્ને વચ્ચે સાદૃશ્ય છે અને સાદૃશ્ય દ્વૈત વગર સંભવે નહિ.

છેવટે ટૂંકામાં શાંકરમતવાદી વેદાંતનું સિંહાવલોકન કરીએ. આ મતના મૂળમાં સાધારણ સૈદ્ધાંતિક વિચાર એવો છે કે બંધ, મોક્ષ, જીવ, સંસાર, આ બધું મિથ્યા છે. કોઇ વિવેચક આવા સિદ્ધાંત પર એવો આક્ષેપ લાવી શકે કે આ સિદ્ધાંત જ પોતે મિથ્યા છે, કારણ કે આ સિદ્ધાંત પ્રમાણે મિથ્યાજીવ મિથ્યાસંસારમાં મિથ્યાબંધમાંથી છૂટકારો મેળવવાનો પ્રયત્ન કરી અંતે મિથ્યામોક્ષને જ પ્રાપ્ત કરે છે. વળી આ મત પ્રમાણે પાપ પુણ્ય બધું જ મિથ્યા બની જાય છે. એક નિર્વિકાર, અપરિણામી બ્રહ્મ વિકારી જગતમાં પરિણમે પણ તે શા માટે પરિણમે છે એજ મોટો કોયડો છે એમ નિખાલસપણે કહેવું પડે છે. કોઇ અચિંત્યલીલા કરવા 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે' એવું એવું વેદાંતીઓ બોલે છે પણ આવી વાત તાત્ત્વિક દૃષ્ટિએ સમાધાનકારક નથી.

જીવનશોધનની દૃષ્ટિએ આ વાદનો સૌથી મોટો દોષ–કે જેનાથી તે વાદ સ્વયંખંડિત બની જાય છે–તે એ છે કે જે વસ્તુઓની સત્તાને અને તેમનાં મૂલ્યોને સિદ્ધાંતમાં સ્થાન નથી એ જ વસ્તુઓની સાથે રોજબરોજના જીવનમાં આપણે ( આમાં વેદાંતી જરૂર આવી જશે ) ફરજીયાત ઘડમથલ કરવાની હોય છે. એટલું જ નહિ પણ એ વસ્તુઓ અદૃષ્ટ બ્રહ્મના કરતાં વધારે સત્ય છે એમ માનીને જીવનવ્યવહાર કરવો પડે છે. જગત અને જીવાત્માઓ, આ બન્નેનું અસ્તિત્વ એક રહસ્યપૂર્ણ હકીકત છે જ. તેમને મિથ્યા કહેવાથી તેમનું રહસ્ય ઉકેલી શકાય નહિ. તાત્ત્વિક વિવેચન દૃષ્ટિએ અદ્વૈતવાદ (શાંકર) ગમે તેટલો ત્રુટિવાળો દેખાય છતાં તેની પાછળ કામ કરી રહેલી એક ઉદાત્ત અભેદભાવના રહેલી છે, જેની અસર ભક્તિપરાયણ વેદાંતીઓમાં દેખાઇ આવે છે એમ કબૂલ કરવું જોઇએ. જેમ ઇશુ ખ્રીસ્તે કહ્યું કે "હું અને મારો પિતા ( કે જે સ્વર્ગમાં છે ) એક છીએ." કોઇ પ્રભુપરાયણ ભક્ત નમ્રભાવે પોતાના સ્વતંત્ર અસ્તિત્વની ના પાડીને ઇશ્વરની જ સત્તા સ્વીકારે અને કહે કે 'હું કાંઇ કરતો નથી, આ બધું ઇશ્વર જ કરે છે' તો તેમાંથી એટલું જ ફલિત થાય કે તેનું કર્તાપણાનું અભિમાન નષ્ટ થયું છે. એ જ પ્રમાણે વેદાંતી પણ કહી શકે કે 'હું છું જ નહિ, બ્રહ્મ જ છે'. આ ઉપરથી આપણે એવા અનુમાન પર આવી શકીએ કે અદ્વૈતની પાછળ રહેલી શુદ્ધ સાત્ત્વિક અભેદ ભાવના જીવની અહંકાર વૃત્તિનું શોધન કરે છે. અહંકારથી જે અનેક રાગદ્વેષો ઉત્પન્ન થાય છે તેનો નાશ થાય તો તે ઇચ્છવા યોગ્ય ગણી શકાય. અહંકારના નાશથી જ વીતરાગત્વનો

સૂર્ય ઉદિત થઇ શકે

ઉપર અમે શાંકરવેદાંત પરત્વે થોડુંક કહ્યું છે. પશ્ચિમના વિદ્વાનો પહેલવહેલા જ્યારે પૂર્વની વિદ્યાઓ તથા સંસ્કૃતિના સંપર્કમાં આવ્યા ત્યારે સંસ્કૃત ભાષા તેમને ખૂબ ઊંચી કક્ષાની અને સમૃદ્ધ લાગી હતી. પ્રથમ સાહિત્ય અને પછી વેદ ઉપનિષદ્ વેદાંત ષડ્દર્શન જૈન અને બૌદ્ધ દર્શન વગેરેના પરિચયમાં તેઓ આવ્યા. પ્રથમ તેમણે વેદાંતસૂત્રો કે જેને બ્રહ્મસૂત્રો પણ કહેવામાં આવે છે તેના ઉપર લખાયેલું શાંકરભાષ્ય જોયું અને શંકરાચાર્યની વાધ્ય પદ્ધતિથી પ્રભાવિત થઇ એમ માનવા લાગ્યા કે વેદાંત એટલે શાંકરવેદાંત. કેવલાદ્વૈતવેદાંત જ સાચું છે એવી પણ માન્યતા થવા લાગી. પરંતુ કાળક્રમે જ્યારે રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય, મધ્વાચાર્ય અને બીજા આચાર્યોએ રચેલાં ભાષ્યો તેમના જોવામાં આવ્યા ત્યારે સમજાયું કે વેદાંત શબ્દ અમુક જ મતવાચક નથી. ખરી રીતે વેદાંત શબ્દ સામાન્ય વાચક બની ગયો છે અને તત્ત્વજ્ઞાન શબ્દનો જે અર્થ થાય તેવો જ અર્થ વેદાંત શબ્દનો બની ગયો છે. એમ જો વાસ્તવિકતાએ નહોત તો શંકરાચાર્યનું કેવલાદ્વૈત પણ વેદાંત કહેવાય અને મધ્વનું ઉઘાડું દ્વૈત પણ વેદાંત શી રીતે કહેવાય?

વેદાંતની પણ શાખાઓ, ઉપશાખાઓ ઘણી છે. તે બધામાં મધ્વ ઉઘાડી રીતે દ્વૈતનો સ્વીકાર કરે છે તેથી તેના તરફ જરા નજર કરીએ. કેવલાદ્વૈતના વિરોધમાં મધ્વ પાંચ નિત્યભેદોનો સ્વીકાર કરે છે. (૧) ઇશ્વર અને જીવ વચ્ચેનો નિત્યભેદ (૨) ઇશ્વર અને જડ જગતનો નિત્યભેદ (૩) એક જીવ અને બીજા જીવનો નિત્યભેદ (૪) જીવ અને જગતનો નિત્યભેદ (૫) એક જડ અને બીજા જડ દ્રવ્યનો નિત્યભેદ. આ પંચભેદ વિવેકને જે જાણે છે તેજ ખરો જ્ઞાની છે, તેજ મોક્ષનો અધિકારી છે અને તેને જ ઇશ્વરનો સાક્ષાત્કાર સંભવી શકે છે એમ મધ્વાચાર્યનું માનવું છે.

તુલનાત્મક દૃષ્ટિએ વિચાર કરીએ તો મધ્વનું વેદાંત જૈનદર્શનની ખૂબ નજીક આવી જાય છે. જૈનદર્શનમાં જડ અને ચેતન એમ બે પરસ્પર ભિન્ન તત્ત્વોનો સ્વીકાર છે. હવે બન્ને વચ્ચે તફાવત પણ ઘણો છે મધ્વ ઇશ્વર અને જીવનો નિત્યભેદ સ્વીકારે છે, પરંતુ જૈનદર્શનમા જીવાત્મા પરમાત્મા બની શકે છે. પરમાત્મા એટલે કે જગત્સ્રષ્ટા ઇશ્વર એવો અર્થ જો કરાતો હોય તો બેશક તે અર્થ જૈનદર્શનને સંમત નથી. જૈન મત પ્રમાણે, ઇશ્વર એટલે પૂર્ણપદને પામેલ જીવાત્મા. આવા પૂર્ણ જીવાત્મામાં અનંત-દર્શન, અનંત વીર્ય અથવા સામર્થ્ય અને અનંત આનંદ, અનંત જ્ઞાન વગેરે સ્વભાવ-સિદ્ધ ગુણો છે. જેમ શાંકર વેદાંત માને છે કે જીવાત્મા જ્યારે આંતરબાહ્ય સર્વ ઉપાધિઓથી મુક્ત થાય છે ત્યારે તે પરમાત્મા બની જાય છે એવા જ આશયવાળું જૈનદર્શનમાં જીવ પરમાત્મા થાય છે એવું કથન છે. આમ વેદાંતના કેટલાક મતો સાથે જૈન દર્શનનું સામ્ય છે. પણ બધાં દર્શનોથી તેની ભિન્નતા ઘણી છે એ અગત્યની વાત ભૂલવી ન જોઇએ. જૈન દર્શનના પાયામાં અનેકાંતવાદ છે ત્યારે બીજા દર્શનોમાં એ નથી જ એમ કહીએ તો ખોટું નથી.

કેટલાક વિદ્વાનોનું એવું માનવું છે કે માનવની દાર્શનિક જીજ્ઞાસા કે જેમાં સત્યની પિપાસા આવી જ જાય છે તે અનેક તત્ત્વોને માનવામાં તૃપ્તિ અનુભવતી નથી. એકથી

વધારે તત્ત્વોને માનવામાં તેમની બુદ્ધિ મૂંઝવણમાં પડી જાય છે. વળી, આ વિદ્વાનો એમ પણ માને છે કે સર્વ દર્શનશાસ્ત્રોનો ઉદ્દેશ બધી વસ્તુઓને એક કરવામાં છે. હવે આનો એકજ જવાબ છે. દર્શનશાસ્ત્રનું ધ્યેય આત્માની પ્રાપ્તિ છે આથી વધારે નહિ તેમ આથી જરાય ઓછું પણ નહિ. જે વસ્તુઓ કદાપિ એક થાય નહિં તે વસ્તુઓને પણ એક કરવાનું મિથ્યા સાહસ ઘણા દાર્શનિકોએ કર્યું છે. સત્યને યથાતથ અને યથાસ્થિત જાણવું એજ એકમાત્ર ધ્યેય દર્શનશાસ્ત્રનું હોઇ શકે. આપણી કલ્પનાને અનુકૂળ વર્ણન ઘડી કાઢવું અને તેને સત્યદર્શન તરીકે ઓળખાવવું એવા દુઃસાહસને દર્શનશાસ્ત્ર કોણ કહે ?

જ્ઞાનની પ્રક્રિયાને તપાસીએ તો પ્રથમ જ્ઞાતા અને જ્ઞેય એમ સ્પષ્ટ દ્વૈત ઊભું થાય છે. જ્ઞાતા એટલે જાણકાર અને જ્ઞેય એટલે જે વસ્તુનું જ્ઞાન થાય તે, જ્ઞાન પણ એક પ્રકારનો અનુભવ છે અને તે દ્વૈત મૂલક જ છે. સર્વ અનુભવોમાં અનુભવિતા એટલે અનુભવ કરનાર અને અનુભવાયેલ વસ્તુ આમ બે વસ્તુ સ્પષ્ટ હોવા છતાં વેદાંતીઓ અભેદાનુભવ શી રીતે અનુભવી શકે છે ? 'મને બ્રહ્માનુભવ થાય છે, હું અભેદ અનુભવું છું'–આવાં વાક્યો અભેદનો ભેદ કર્યા વગર બોલી શકાય જ નહિ.

આમ છતાં અદ્વૈતવાદનું આકર્ષણ ઘણા માણસોને પ્રબળપણે થયું છે અને હજુ પણ થયા કરે છે એમાં જરાપણ સંદેહ નથી. પરંતુ જે લોકો અદ્વૈતને સ્વીકારે છે તેમને તો પહેલેથી જ એક મોટી સમસ્યાનો સામનો કરવો પડે તેમ છે. આ સમસ્યા તે એક અને અનેક વચ્ચેના સંબંધની છે. અદ્વૈત પ્રમાણે સત્ય પદાર્થ એક છે પરંતુ પ્રતીયમાન દશ્યો અનેક છે. આપણે જો એકજ સત્પદાર્થનું અને જગતના મૂલતઃ એકત્વનું પ્રતિપાદન કરીએ તો અનેકત્વની સ્પષ્ટ પ્રતીતિ જે થાય છે તેનો ખુલાસો શો છે ?

અનેકનો એકની સાથે મેળ કેવી રીતે બંધબેસતો કરવો તેની મુશ્કેલીમાં આવી પડતાં કેટલાક વિચારકોએ એવું સમાધાન શોધી કાઢયું કે જે અંગત પૂર્વગ્રહો અથવા રાગદ્વેષથી રંગાએલું ન હોવા છતાં પણ તાત્ત્વિક દૃષ્ટિએ તદ્દન નિઃસાર છે અને તેથી જ આપણે તે સ્વીકારી શકતા નથી. જગતમાં તો સ્પષ્ટ રીતે અનેકતા પ્રતીત થાય છે, તો પછી એકતાને શોધવા માટે ફાંફાંજ મારવા રહ્યાં. રેતીમાં કોઇ પક્ષી પોતાનું માથું દાટી દે અને શરીરનો બધો ભાગ બહાર રાખે ત્યારે આંખો પણ રેતીમાં દટાઇ ગયેલી હોવાથી તેને બાહ્ય જગતનો લોપ થઈ ગયેલો લાગે છે. તે પ્રમાણે આપણે હકીકતો સામે આંખો બંધ કરી દઇએ તો અનેકતા અદૃશ્ય થઈ જાય. આવી જ રીતે અનેકતાને માયા ગણીને એક માત્ર બ્રહ્મનો સ્વીકાર શાંકર મતવાદીએ કર્યો જણાય છે.

હવે જ્યારે પદાર્થોના બાહ્ય આકારોમાં, જેમ કે પાણીમાં અને અગ્નિમાં, કોઇ એવી વસ્તુ પ્રતીત થતી નથી કે જે એ પદાર્થોના એકત્વનું ભાન કરાવે ત્યારે આ વિચારકો પ્રતિપાદન કરે છે કે આવી એકત્વની પ્રતીતિ આત્માની કોઈ મૂળભૂત જરૂરિયાતમાંથી ઉત્પન્ન થયેલી હોવી જોઇએ. તો પછી એકત્વની પ્રતીતિ ખરી વાસ્તવિકતામાં છે જ નહિ અથવા કદાપિ હોય તો તે આપણે જાણી શકતા નથી. માત્ર એટલું જ કહી શકાય છે કે આપણી વિચારશ્રેણિ એવા ધ્યેય માટે ઝંખી રહી છે. પણ આવી ઝંખના તો આકાશ-

પુષ્પનું સૌંદર્ય જોઈ આનંદ મેળવવા જેવી છે. નિર્ભેળ એકત્વની માન્યતા ગમે તેટલી આકર્ષક લાગતી હોય અથવા અમુક દર્શન સંપ્રદાયને જરૂરી લાગતી હોય તો પણ સાચા અદ્વૈતવાદની રચના માટે તે યોગ્ય ભૂમિકા બની શકતી નથી એ વાત હવે લગભગ બધા આધુનિક દાર્શનિકો કબૂલ રાખે છે. પણ કેવલાદ્વૈતવાદી દાર્શનિકો આ વાત કબૂલ રાખશે કે કેમ તે કહી શકાય નહિ.

જગતના પદાર્થમાત્રને બે દૃષ્ટિ વડે જોઈ શકાય. એક દૃષ્ટિ છે સામાન્યગામિની અને બીજી છે વિશેષગામિની. કેવલાદ્વૈત વેદાંતમાં સામાન્યગામિની દૃષ્ટિ છે. બહુતત્ત્વવાદી દર્શનશાસ્ત્રોમાં વિશેષગામિની દૃષ્ટિ છે. બન્ને દૃષ્ટિઓ એકાંતિક છે. આ સ્થળે ભેદાભેદવાદી વેદાંતનો નિર્દેશ કરવો જરૂરી છે કારણ કે તે પ્રકારના વેદાંતમાં ભેદ અને અભેદ બન્નેનો સમન્વય કરવાનો શુદ્ધ અને પ્રામાણિક પ્રયત્ન છે. વેદાંતસૂત્રો ઉપર આ દૃષ્ટિએ ભાષ્ય લખનાર નિંબાર્કાચાર્ય છે. જૈનદર્શનને એક રીતે ભેદાભેદવાદ માન્ય છે વિસ્તાર ભયથી અહિં તે આપવાનું યોગ્ય ધાર્યું નથી જિજ્ઞાસુએ પૂરણચંદ નહાર અને કૃષ્ણચંદ્રઘોષકૃત An Epitome of Jainism નામના પુસ્તક માંહેનું અગિયારમું પ્રકરણ The Doctrine of unity in difference એટલે ભેદાભેદવાદ એ જોઈ લેવું જરૂરી છે. તત્ત્વજ્ઞાનના અનેક કૂટ પ્રશ્નો છે તેમાં મુખ્યત્વે કરીને ત્રણ મહત્ત્વના ગણાય છે (૧) જીવ (૨) જગત અને (૩) ઈશ્વર. જીવ એક છે કે અનેક? જીવનું સ્વરૂપ શું? જગતનું વાસ્તવિક સ્વરૂપ શું છે? જીવ અને જગતનો શો સંબંધ છે? ઈશ્વરનું સાચું સ્વરૂપ શું? ઈશ્વર સૃષ્ટિનો કર્તા છે? ઈશ્વરનો જીવ અને જગત સાથેનો સંબંધ શો છે? આ બધા પ્રશ્નોના પાયામાં એક અને અનેકનો મૂળભૂત પ્રશ્ન રહેલો છે તેથી તે પ્રશ્નને અહિં ચર્ચવાનું યોગ્ય ધાર્યું છે.

ટૂંકામાં અદ્વૈતવાદ જો એક જીવવાદ કિંવા એકાત્મકવાદનો સ્વાંગ ધારણ કરે તો તે એકાંતવાદ બની જાય છે. પરંતુ ભેદ અને અભેદ બંનેનો અનેકાંત દૃષ્ટિએ સ્વીકાર કરે તો યથાર્થ દર્શનશાસ્ત્રના નામને યોગ્ય બની શકે.

---

## સામ્રાજ્ય સાધુતાનું

જગતમાં સર્વાંશે જોઈશું તો જણાશે કે દુષ્ટતાનું સામ્રાજ્ય નથી, સામ્રાજ્ય કેવળ સાધુતાનું છે. દુષ્ટો કરોડો હોય ત્યારે દુષ્ટતા ચાલી શકે છે. પણ સાધુતા ફક્ત એકમાં જ મૂર્તિમંત હોય ત્યારે પણ એ સામ્રાજ્ય ભોગવી શકે છે. અહિંસાનો પ્રભાવ એટલો વર્ણવ્યો છે કે એની સામે હિંસા શમી જ જાય. અહિંસા સામે પશુઓ પણ પશુતા મૂકી દે છે. એક જ સાધુપુરુષ જગતને સારૂ બસ થઈ જાય છે. એનું સામ્રાજ્ય ચાલે છે, આપણું સામ્રાજ્ય નથી ચાલતું, કારણ આપણે તો જેમ તેમ કરીને આપણું ગાડું ચલાવીએ છીએ. પેલો સાધુપુરુષ લખી મોકલે ને તે પ્રમાણે બધું થઈ જાય, એવું સાધુતાનું સામ્રાજ્ય છે. જ્યાં દુષ્ટતા છે ત્યાં બધું અસ્તવ્યસ્ત હોય છે. સાધુતા હોય ત્યાં સુવ્યવસ્થિત તંત્ર ચાલે છે, માણસો સુખી થાય છે. એ સુખ ખાવાપીવાનું સુખ નહિ પણ માણસો સદાચારી અને સંતોષી થાય એવું સુખ છે. નહિ તો માણસો કરોડો હોવા છતાં બેબાકળા ફરે છે, એ સુખની નિશાની નથી.

ગાંધીજી

# પર્વાધિરાજ પર્યુષણમાં આરાધનીય બે મહત્ત્વપૂર્ણ ધાર્મિક અનુષ્ઠાન

લે (હિંદીમાં): અગરચંદ નાહટા

જેમ જૈન શાસનમાં અનેકાંતવાદ આદિ દાર્શનિક મૌલિષતા અને વિશેષતા છે, તેમ ધાર્મિક અનુષ્ઠાનાત્મક પ્રવૃત્તિઓમાં પણ કેટલાંક મહત્ત્વપૂર્ણ અનુષ્ઠાનો પોતાની મૌલિકતા અને વિશેષતા વડે આધ્યાત્મિક સાધનામાં ગૌરવપૂર્ણ સ્થાન ધરાવે છે. જે તત્પરતા અને સૂક્ષ્મતાથી અહિંસાના આચરણનું પાલન જૈન સમાજમાં થાય છે, તે કોઈ પણ ધર્મના માટે ગૌરવની વસ્તુ છે. આમાં બે જૈન ધાર્મિક અનુષ્ઠાનો, જે આ રૂપમાં બીજા ધર્મમાં જોવામાં આવતા નથી તે મોક્ષની સાધના માટે પરમ આવશ્યક છે. એ અનુષ્ઠાનોની પર્યુષણ પર્વમાં વિશેષ રૂપથી આરાધના કરવામાં આવે છે. તેની ઉપર થોડોક પ્રકાશ નાખવાનો આ લેખનો મુખ્ય ઉદ્દેશ છે.

આ બે અનુષ્ઠાનો તે પ્રતિક્રમણ અને ખમતખામણા. જૈન સાધુઓ માટે આ બંને અનિવાર્ય દૈનિક કર્તવ્ય છે. તેમણે સવારે અને સંધ્યાકાળે એમ બંને સમયે પ્રતિક્રમણ કરવું આવશ્યક છે. ખમતખામણા પ્રતિક્રમણનો અંતર્ગત ભાગ છે છતાં તેમણે ફરીથી રાત્રિએ સૂતી વખતે તે કરવાના હોય છે. શ્રાવક-શ્રાવિકાઓ માટે પણ તેની ઉપયોગિતા ઓછી નથી. એમાં પણ સાધુઓની જેમ કેટલાક બંને સમય પ્રતિક્રમણ કરે છે તથા બીજા શ્રાવક-શ્રાવિકાઓ શકય હોય તે રીતે, દરરોજ ન બની શકે તો, પર્વ તિથિઓમાં પાક્ષિક, ચાતુર્માસિક, સાંવત્સરિક પ્રતિક્રમણ કરે છે. જો કે પ્રતિક્રમણ ચોથું આવશ્યક છે અને તેની આગળ અને પાછળ બીજા પાંચ આવશ્યકો જોડી દીધેલાં છે, તો પણ પ્રતિક્રમણનું મુખ્ય સ્થાન હોવાના કારણે એ છ આવશ્યકોના સંયુક્તરૂપને પણ પ્રતિક્રમણનું નામ આપવામાં આવે છે. આ છ આવશ્યકો:— (૧) સામાયિક (૨) ચતુર્વિંશતિ સ્તવ, (૩) ગુરુવંદન (૪) પ્રતિક્રમણ (૫) કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન. આમાં સામાયિક સમભાવની વૃદ્ધિ કરવાવાળું અને ચતુર્વિંશતિ સ્તવ તીર્થંકરોના ગુણોની સ્તુતિદ્વારા તેમની ભક્તિ કરવાવાળું છે. ગુરુવંદન એટલે પંચ-મહાવ્રતધારી ગુરુઓને નમસ્કાર આદિ કરવા, પ્રતિક્રમણ એટલે કરેલાં પાપોથી પાછળ હઠવું, કાયોત્સર્ગ એટલે દેહાત્મબુદ્ધિનો ત્યાગ અને આંતરદષ્ટિ તરફ ઝુકાવ તથા પ્રત્યાખ્યાન એટલે અમુક સમય સુધી આહાર વગેરેનો ત્યાગ. આ છ આવશ્યકીય કર્તવ્યના રૂપમાં પ્રસિદ્ધ છે. એના વડે સાધક પોતાના ગુણોનો વિકાસ બહુ સુગમતાપૂર્વક કરી શકે છે. આમાંથી પ્રતિક્રમણ ઉપર થોડોક પ્રકાશ નાખવો આવશ્યક છે.

છદ્મસ્થ જીવ દરેક સમયે પ્રમાદ વગેરેના લીધે શુભાશુભ કર્મોનું બંધન કરતો રહે છે. તેમાંથી અશુભ કાર્યોની આલોચના કરી તેના માટે પશ્ચાતાપ કરવો એ સાધક માટે પરમ આવશ્યક છે. અધ્યાત્મના સાધનોમાં આત્મનિરીક્ષણ બહુ ઉપયોગી છે. પ્રત્યેક મનુષ્યે સવારથી સાંજ સુધીમાં અને સાંજથી સવાર સુધીમાં કયાં કયાં કાર્યો કર્યાં તેની કાચીપાકી નોંધ કરી લેવી જોઇએ. આમ

કરવાથી કરેલાં અકૃત્યોના સંબંધમાં જાગરુકતા આવે છે અને ભવિષ્યમાં દોષોની તરફ અરુચિ વધતી જાય છે. જ્યાં સુધી મનુષ્યનું પોતાના દોષો તરફ ધ્યાન હોતું નથી ત્યાં સુધી તે અજ્ઞાન અવસ્થામાં લાભ અલાભની તુલના કર્યા સિવાય પ્રવૃત્તિઓ કરતો રહે છે અને તેથી કર્મોનો ભાર વધતો જાય છે તથા આત્માના ગુણો દબાતા જાય છે. પ્રતિક્રમણની ક્રિયા વડે તેને પોતાનાં કરેલાં કાર્યોનું સિંહાવલોકન કરવાનો સુયોગ પ્રાપ્ત થાય છે અને પશ્ચાતાપ દ્વારા આ લાગેલા દોષોથી આત્માને હઠાવી તે હલકો અને પવિત્ર બને છે.

બીજું મહત્ત્વપૂર્ણ અનુષ્ઠાન ખમતખામણાનું છે. તેનો હેતુ એ છે કે બીજાઓ તરફ કોઈ પણ કારણવશાત્ આપણે જે વૈર–વિરોધ કે કડવાશભર્યો વ્યવહાર કર્યો હોય તેની ક્ષમા માગવી અને આપણી તરફ બીજાઓએ જે દુર્વ્યવહાર કર્યો હોય તેની તેને ક્ષમા આપવી. આમ કરવાથી વૈર–વિરોધની પરંપરાનો નાશ થાય છે, અને પ્રેમભાવની વૃદ્ધિ થાય છે. જો કોઇ પણ માણસ આપણી સાથે દુર્વ્યવહાર કરે અથવા દુર્વચન બોલે તેની સામે, જ્યાં સુધી આપણે બદલો ન લઈએ ત્યાં સુધી, આપણો દ્વેષ ચાલુ રહે છે. બદલો લેવો તે પણ આપણા હાથની વાત નથી. એટલે દ્વેષની પરંપરા ઘણા લાંબા સમય સુધી બદલો લેવાની આશા સાથે ચાલુ રહે છે, અને તેથી તીવ્ર કર્મોનું બંધન થતું રહે છે. વિરોધીની ક્ષમા માગીને આપણે આપણા હૃદયમાંથી દ્વેષને હઠાવીને પવિત્ર બનીએ છીએ અને આ પ્રમાણે અનેક નવાં કર્મોના બંધ રોકી દઇએ છીએ. ખરી રીતે ક્ષમા કરવી તે વીરોનું કાર્ય છે. એટલે જ 'क्षमा वीरस्य भूषणम्' એ લોકોક્તિ પ્રસિદ્ધ છે. જ્યાં સુધી હૃદયમાં અભિમાન હોય છે ત્યાં સુધી બીજાની ક્ષમા માગી શકાતી નથી. એટલે ક્ષમા માગવાથી આપણામાં વિનયભાવ જાગ્રત થાય છે અને લઘુતા–નમ્રતા આવે છે. આધ્યાત્મિક ગુણોના વિકાસ માટે આ બંને જરૂરી છે.

તત્ત્વત : ખમતખામણા એ અહિંસા ધર્મનું એક અંગ છે. અહિંસાનો જન્મ સર્વે જીવોને આપણી સમાન ગણવાની સમજણ ઉપર નિર્ભર છે. જે જાતનો વ્યવહાર અમને પ્રતિકૂળ લાગે, તે જાતનો વ્યવહાર અમે બીજાઓ સાથે નહિ કરીએ–આ વાત અહિંસાના પાયામાં છે. आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत्। ક્ષમાયાચના વડે આપણે એ ધર્મને જાગ્રત કરીએ છીએ. કારણ કે તેમાં આપણાથી બીજી વ્યક્તિને કષ્ટ પડયું હોય, તો તેની સન્મૂખ ઊભા રહીને આપણી ભૂલ કબૂલ કરી પશ્ચાતાપ કરવો તે આવશ્યક છે. આપણી ભૂલનો સ્વીકાર કરવો તે કાંઇ મામૂલી બાબત નથી. એ માટે આત્માને સબળ બનાવવો પડે છે, અને માનને ત્યજી વિનય ધારણ કરવો પડે છે. આપણી નમ્રતાથી પત્થર જેવા હૃદયવાળો વિરોધી મનુષ્ય પણ આખરે પીગળી જાય છે અને દ્વેષને છોડી પ્રેમને ધારણ કરે છે. એટલે ક્ષમા માગવી અને ક્ષમા આપવી એ બંને મોટી વીરતાનું કામ છે.

પ્રતિક્રમણ પોતાને ઉપકારક છે તો ખમતખામણા બંને પક્ષને ઉપકારક છે. આ બંને અનુષ્ઠાનોથી મનુષ્ય પોતાના આત્માને વિશુદ્ધ બનાવી દૈવી વ્યક્તિ બની જાય છે. પરંતુ અમારો જૈન સમાજ આ આ બંને અનુષ્ઠાનોને સારી રીતે અપનાવતો હોવા છતાં આજે વૈર–વિરોધ અને દોષોથી વિમુક્ત નથી. એનું કારણ એ છે કે આ બંને અનુષ્ઠાનોનું પાલન વિશુદ્ધતાપૂર્વક

થતું નથી. ક્ષમાયાચના હૃદયપૂર્વકની હોવી જોઈએ. પણ તે રૂઢિગત અને લોકદેખાઈ માટે કરવામાં આવે છે. આ કારણે અમારા વૈર–વિરોધ જ્યાંનાં ત્યાં જ રહે છે–શમતા નથી અને પ્રતિક્રમણ પ્રાય: ઉપયોગ શૂન્ય બની રહે છે. આપણે મુખથી પાઠ બોલીએ છીએ, પણ તેના અર્થનું ચિંતન કરતા નથી તથા આપણા દોષોનો પણ વિચાર કરતા નથી. એટલે આપણા દોષો કમી થતા નથી. આથી વાસ્તવિક ફલપ્રાપ્તિ માટે આ અનુષ્ઠાનોમાં જે અવરોધક કારણો હોય તેને દૂર કરવાં જોઈએ.

આ બંને અનુષ્ઠાનોના હૃદયરૂપ સાંવત્સરિક પર્વ છે. આ પર્વને સમસ્ત શ્વેતાંબર સમાજ ભાદ્રપદ શુદિ ૪–૫ ના રોજ ઉજવે છે. આ સમયે વંચાતા કલ્પસૂત્રમાં ક્ષમાપના સંબંધમાં ખૂબ જોરદાર શબ્દોમાં કહ્યું છે કે,

खमियव्वं खमावियव्वं उवसमियव्वं उवसमावियव्वं सुमइसंपुच्छणाबहुलेण होयव्वं। जो उवसमइ तस्स अत्थि आराहणा, जो उ न उवसमइ तस्स नत्थि आराहणा, तम्हा अप्पणा चेव उवसमियव्वं, से किमाहु भंते। उवसमसारं खु सामन्नं ॥

અંતમાં એ પ્રાર્થના છે કે આપણે વાસ્તવિક રૂપમાં ક્ષમાવીર અને દોષસંશોધક બનીએ.


# લોખંડ

ના

ગોળ અને ચોરસ સળીયા,

પટ્ટી તેમજ પાટા

વિગેરે મળશે

**ધી ભારત આયર્ન એન્ડ સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ**

રૂવાપરી રોડ, **ભાવનગર.**

ટેલીગ્રામ : આયર્ન મેન

ફોન : ઓફીસ : ૩૨૧૯
રેસીડન્સ : ૪૫૫૭

# શાપરીઆ

: બનાવનારા :

- બાર્જીસ
- લાઈફ બોટસ
- ટગ્ઝ
- ડ્રેજર્સ
- પોન્ટુન્સ
- મુરીંગ બોયઝ
- બોયન્ટ એપરેટસ

વિગેરે.... ... ...

શીપ બીલ્ડર્સ અને એન્જીનીઅર્સ

: બનાવનારા :

- રોલીંગ શટર્સ
- ફાયર પ્રૂફ ડોર્સ
- રોડ રોલર્સ
- વ્હીલ બેરોઝ
- રેફ્યુઝ હેન્ડ કાર્ટસ
- પેલ ફેન્સીંગ
- સ્ટીલ ટેન્કસ

વિગેરે... ... ...

## શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું પ્રાઇવેટ લીમીટેડ

ચેરમેન :– શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ

મેનેજીંગ ડીરેક્ટર :– શ્રી અમૃતલાલ ભાણજીભાઇ શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફિસ અને શીપયાર્ડ
ફોર્ટ શીવરી રોડ,
મુંબઈ-૧૫ (ડી. ડી.)

卐

એન્જીઅરીંગ વર્કસ અને ઓફિસ
પરેલ રોડ, ક્રોસ લેન,
મુંબઈ-૧૨ (ડી. ડી.)

ફોન : ૪૪૦૦૭૧, ૪૪૦૦૭૨, ૪૪૩૧૩૩ ફોન : ૩૭૦૮૦૮, ૩૭૪૮૯૩

ગ્રામ : 'શાપરીઆ' શીવરી-મુંબઇ. ગ્રામ : 'શાપરીઆ' પરેલ-મુંબઇ.

# સાચું સ્નાન

લે. ડૉ. ઉપેન્દ્રરાય જ. સાંડેસરા એમ. એ. પીએચ.ડી.

**धारणाद्धर्म इत्याहुर्धर्मेण विधृता प्रजाः।** સંરક્ષણ કરે છે માટે ધર્મ કહેવાય છે. ધર્મ પ્રજાનું રક્ષણ કરે છે. આ આપણો પ્રાચીન સિદ્ધાંત છે. તે અનુસાર ભારતવર્ષમાં ધર્મ સાધનાની, જ્યાં જે કંઈ ઉત્તમ હોય તે આત્મસાત્ કરવાની પ્રવૃત્તિ સતત કાર્યશીલ રહીને ચાલ્યા કરી છે. અને તેમાંથી સર્વ મનુષ્યોને એક સરખો લાભ આપનારી સહિચારી શ્રી નું નિર્માણ થયું છે. પ્રસ્તુત લેખમાં તીર્થંકર ભગવાન મહાવીરની અંતિમ દેશનાના ગ્રન્થ 'ઉત્તરાધ્યયનસૂત્ર' અને મહર્ષિ કૃષ્ણ દ્વૈપાયન વેદવ્યાસપ્રણીત કાવ્ય–ઇતિહાસ મહાભારતમાંથી સાચું સ્નાન સમજાવતા સરખા વિચારો દર્શાવતા શ્લોકોનો સ્વાધ્યાય રજૂ કર્યો છે.

**धम्मे हरए बम्भे सन्ति तित्थे अणाविले**
**अत्तपसन्नलेसे ।**

**जहिं सिणाओ विमलो विसुद्धो सुसीइभूओ**
**पजहामि दोसं ॥**

**एयं सिणाणं कुसलेहिं दिट्ठं महासिणाणं**
**इसिणं पसत्थं ।**

**जहिं सिणाणा विमला विसुद्धा महरिसी**
**उत्तमं ठाणं पत्ता ॥**

ઉ. સૂત્ર ૧૨–૪૬, ૪૭.

(ચાંડાલ જાતિના મુનિ કહે છે) "સંયમ એ મારો હ્રદ છે, મલરહિત તથા જે વડે આત્માની લેશ્યા શુદ્ધ થાય છે તવું મારું શાન્તિતીર્થ એ બ્રહ્મચર્ય છે, તેમાં સ્નાન કરીને વિમલ, વિશુદ્ધ અને શીતલ થયેલો હું દોષનો ત્યાગ કરું છું. આ સ્નાન કુશળ પુરુષોએ કહેલું છે. આ મહાસ્નાનને ઋષિઓએ પ્રશસ્ત ગણેલું છે. તેમાં સ્નાન કરીને વિમળ અને વિશુદ્ધ થયેલા મહર્ષિઓ ઉત્તમ સ્થાને પહોંચ્યા છે:"

ગંગાના કિનારે ચાંડાલ લોકો (હરિકેશ)નો આગેવાન બલકોટ્ટ રહેતો હતો. તેને ગૌરી નામની પત્ની હતી, અને બલ નામનો પુત્ર હતો. કોઈ એક પ્રસંગે પૂર્વના સંસ્કારો જાગ્રત થતાં આ બધાએ દીક્ષા લીધી. તીવ્ર તપશ્ચર્યા કરી ઋષિ થયા. એકવાર વિહાર કરતાં બલ ઋષિ વારાણસીમાં આવીને તિંદુકવૃક્ષ (ટીંબરૂના ઝાડ) નીચે ઊતર્યા. એમની મહત્તાથી પ્રભાવિત થઈને વૃક્ષનો અધિષ્ઠાતા યક્ષ પણ તેમને પૂજવા લાગ્યો. એમાં એક વખતે રાજકન્યા ભદ્રા તે યક્ષની પૂજા કરવા આવી. ત્યાં ગંદા જેવા જણાતા મુનિ તરફ એણે સૂગ દર્શાવી. એટલે યક્ષે ક્રોધ કરીને રાજકન્યાના શરીરમાં પ્રવેશી તેને ગાંડા જેવી બનાવી દીધી. સાજી કરવાના તમામ ઉપાય નિષ્ફળ ગયા. તે પછી રાજકન્યાના શરીરમાં રહેલા યક્ષે શરત કરી કે, 'જો આ કન્યા મુનિને આપવામાં આવે તો જ હું તેને મુક્ત કરીશ.' રાજાએ ન છૂટકે શરત માન્ય કરી. કન્યા સાજી થઇ. ઋષિને સમર્પણ કરી. પણ બલ મુનિએ એનો અસ્વીકાર કર્યો. એટલે પુરોહિત રુદ્રદેવે રાજાને કહ્યું: 'દેવ! આ ઋષિપત્ની છે, પરન્તુ ઋષિએ તેનો ત્યાગ કર્યો છે; માટે તે હવે બ્રાહ્મણપત્ની બને.'

રાજાએ કન્યાને પુરોહિત સાથે પરણાવી.

આ પુરોહિતે એક વખત યજ્ઞ કર્યો. એ અરસામાં માસોપવાસને અંતે પારણા માટે

ભિક્ષાર્થે ફરતાં બલ મુનિ પુરોહિત રુદ્રદેવની યજ્ઞશાળાએ આવ્યા. મુનિના તપથી કૃશ શરીરને અને જીર્ણ ઉપકરણો જોઇને યજ્ઞશાળાના બ્રાહ્મણો હસવા માંડયા, બલ મુનિ વતી તિન્દુકવૃક્ષવાસી યક્ષે અદશ્ય રહીને ભિક્ષા માગી. યાજ્ઞિકોએ નકાર ભણ્યો. પ્રથમ થોડી ચર્ચા થઈ અને પછી મારામારી. યક્ષે બ્રાહ્મણોને ખૂબ માર્યા. રાજકન્યા ભદ્રાએ અને પુરોહિતે બલ મુનિનો અનુનય કર્યો. તેમને જમાડયા. જમી તૃપ્ત થયા પછી બ્રાહ્મણોના પૂછવાથી બલ મુનિએ એમને યજ્ઞનું રહસ્ય સમજાવ્યું. અને પછી સાચું સ્નાન શું તે સમજાવતાં ઉપર ટાંકેલા એ શ્લોક ઉચ્ચાર્યા.

આ રીતે મહાભારતનો પ્રસંગ છે :

ધર્મરાજ યુધિષ્ઠિરે પિતામહ ભીષ્મને પ્રશ્ન કર્યો : 'સર્વશ્રેષ્ઠ તીર્થ કયું અને પરમ પવિત્રતા કોને કહેવાય? ત્યારે ભીષ્મ પિતામહે તીર્થ અને પવિત્રતા વિશે સમજાવતા વ્યાખ્યાનમાં કહ્યું :

अगाधे विमले शुद्धे सत्यतोये धृतिह्रदे ।
स्नातव्यं मानसे तीर्थे सत्त्वमालम्ब्य शाश्वतम्॥

म. ભા. અનુશાસન ૧૧૧-૩.

મનુષ્યે શાશ્વત સત્ત્વનું આલંબન કરીને, અગાધ, વિમલ, શુદ્ધ, સત્યરૂપી જળવાળા, ધૃતિરૂપી ધરાવાળા માનસતીર્થમાં સ્નાન કરવું.

અને આગળ ચાલતાં વિશદ કર્યું કે, 'અનર્થિત્વ – આકાંક્ષા વિનાની સ્થિતિ, આર્જવ, સત્ય, માર્દવ, અહિંસા, સર્વ ભૂતો પ્રત્યે દયા, સંયમ અને શમ એ પવિત્ર તીર્થો છે.' પછી ઉમેર્યું કે,

नोदकाक्लिन्नगात्रस्तु स्नात इत्यभिधीयते ।
स स्नातो यो दमस्नात : स बाह्याभ्यन्तर :
शुचिः ॥

મ. ભા. અનુશાસન ૧૧૧-૯

मनसाथ प्रदीप्तेन ब्रह्मज्ञानबलेन च ।
स्नाता ये मानसे तीर्थे तज्ज्ञाः क्षेत्रज्ञदर्शिनः॥

મ. ભા. અનુશાસન ૧૧૧-૧૩

જળસ્નાન કરનાર કંઇ સ્નાત કહેવાતો નથી પણ જે દમ (અર્થાત્ સંયમ) વડે સ્નાત છે એણે સ્નાન કરેલું છે, તથા એ બાહ્ય અને આભ્યન્તર બન્ને રીતે પવિત્ર છે. પ્રદીપ્ત મન વડે (અપ્રમત્ત મન વડે) બ્રહ્મજ્ઞાનના બળથી જેઓ માનસતીર્થમાં સ્નાત છે તેઓ તજ્જ્ઞ ક્ષેત્રજ્ઞદર્શીઓ (આત્મદર્શીઓ) છે.'

અને છેવટે સમારોપ કર્યો કે, 'પૃથ્વીના કેટલાક ભાગો સંતોના નિવાસથી, પૃથ્વીના અને જળના તેજથી (જે તે સ્થળના સૌંદર્ય, હવા, પાણી વગેરેની અસરોથી) ઘણાં જ પવિત્ર હોય છે. તેનાં નામકીર્તનથી તેમાં સ્નાન કરવાથી માણસો પાપનો નાશ કરી શકે છે અને આ માનસ તથા પૃથ્વીના એમ બન્ને પ્રકારનાં તીર્થોમાં સ્નાન કરીને મનુષ્ય ઝડપી સિદ્ધિ મેળવી શકે છે.'

એ રીતે પિતામહ ભીષ્મે (એટલે કે કવિશ્રેષ્ઠ વેદવ્યાસે) જ્ઞાનવાળી ઉત્તમ માનસિક શુદ્ધિને, એવી શુદ્ધિ ધારણ કરનાર વીતરાગ મહાનુભાવ સંતોને, અને એવા સંતો જ્યાં વસ્યા હોય તે જગ્યાઓને તેમની પવિત્રતાનું સ્મરણ થાય છે, તેથી પવિત્ર તીર્થો તરીકે કહ્યાં છે.

સમદર્શીપણે, અનાસક્તિપૂર્વક નમ્રતાથી જ્યાં જ્યાં પવિત્રતા દેખાય તેને ગ્રહણ કરી આત્મસાત્ કરવાથી–તેમાં સ્નાન કરવાથી પાપ માત્ર ધોવાઈ જઈ સિદ્ધિ પ્રાપ્ત થાય છે, એમ બન્ને મહાન અનુગમોના તીર્થપ્રવરોએ બતાવ્યું છે.

# तवेसु वा उत्तम बंभचेरं

લે૦ મનસુખલાલ તારાચંદ મહેતા

સમગ્ર તપોમાં બ્રહ્મચર્યને સૌથી શ્રેષ્ઠ તપ કહેવામાં આવેલ છે. જૈન તેમજ અન્ય દર્શનોમાં પણ બ્રહ્મચર્યની સ્તુતિ અને પ્રશંસા કરવામાં આવી છે. તપ અને બ્રહ્મચર્ય એક બીજાના માત્ર પૂરક નથી, પણ સંરક્ષક અને સંવર્ધક પણ છે. જૈન, બૌધ અને વૈદિક પરંપરામાં સાધકો માટે જ્યાં જ્યાં ભિન્નભિન્ન પ્રકારનાં તપનો ઉલ્લેખ કરેલો જોવામાં આવે છે, ત્યાં ત્યાં બ્રહ્મચર્યની આવશ્યક્તા પણ માનવામાં જ આવી છે. વસ્તુતઃ કોઈપણ એવી સાધનાની કલ્પના જ ન થઈ શકે કે જ્યાં બ્રહ્મચર્યની આવશ્યક્તા ન રહે. જૈનાગમ 'શ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્ર'માં કહેવામાં આવ્યું છે કે :- स इसी स मुणी स संजए स एव भिक्खु जो सुध्धं चरति बंभचेरं અર્થાત્ તે જ ઋષિ છે, તે જ મુનિ છે, તે જ સંયમી છે અને તે જ ભિક્ષુક છે કે જે શુદ્ધ બ્રહ્મચર્યનું સેવન કરે છે.

જૈન શાસ્ત્રકારોએ તપના બાહ્ય અને આભ્યંતર એવા બે ભેદ પાડેલા છે. જેમાં શારીરિક ક્રિયાની પ્રધાનતા હોય અને જે બાહ્ય દ્રવ્યની અપેક્ષાવાળું હોવાથી બીજાઓ વડે દેખી શકાય, તે 'બાહ્ય' તપ છે. તેથી ઊલટું જેમાં માનસિક ક્રિયાની પ્રધાનતા હોય અને મુખ્યપણે બાહ્ય દ્રવ્યની અપેક્ષા ન રાખતું હોવાથી બીજાઓ વડે પણ ન દેખી શકાય, તે 'આભ્યંતર' તપ કહેવાય છે. અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, સંલીનતા અને કાયાકલેશ એ બાહ્ય તપના પ્રકારો છે, ત્યારે પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન એ આભ્યંતરના પ્રકારો છે. બાહ્ય તપ એ સ્થૂલ અને લૌકિક જણાવા છતાં, તેનું મહત્ત્વ આભ્યંતર તપની પુષ્ટિમાં ઉપયોગી થવાની દૃષ્ટિએ છે. બ્રહ્મચર્ય પાલનમાં આ રીતે બાહ્ય તેમજ આભ્યંતર તપની આવશ્યક્તા માનવામાં આવી છે.

આત્માભિમુખ દૃષ્ટિ કેળવવા માટે તપશ્ચર્યાની આવશ્યકતા છે. જે ક્રિયાથી નિરાશક્તિ જન્મે તે ક્રિયાને તપશ્ચર્યા કહેવાય છે. દેહદમન તેમજ ઇન્દ્રિયદમનની તપમાં આવશ્યકતા તો છે, પણ એ દ્વારા વૃત્તિદમન અર્થાત જેટલા અંશે વૃત્તિઓ પર કાબૂ મેળવી શકાય, તેટલા જ અંશે તપશ્ચર્યા સફળ કહી શકાય. તેથી જ ઇચ્છાના નિરોધને તપ કહેવામાં આવેલ છે. જેમાં ઇચ્છાનો નિરોધ છે એવી પ્રત્યેક ક્રિયા એક પ્રકારનો તપ છે. જેટલાં અંશે તપસ્વીનાં મન–વાણી–વર્તનમાં ઉપશમ-શાંતિની વૃદ્ધિ થયેલી દેખાય તેટલા અંશે તપની સફળતા છે. આત્મકલ્યાણ તેમજ પરકલ્યાણના અર્થે જે કષ્ટ સહન કરવા પડે એ વસ્તુતઃ તપ છે. તપમાં પણ મર્યાદા અને વિવેક જાળવવાનાં છે. શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાય વિરચિત જ્ઞાનસાર અષ્ટકમાં કહ્યું છે કે "ખરેખર તે જ તપ કરવા યોગ્ય છે કે જ્યાં માઠું (આર્ત્ત અને રૌદ્ર) ધ્યાન ન થાય, જેથી યોગો હીનતા ન પામે અને ઇન્દ્રિયોનો ક્ષય ન થાય."[1] તપનું ધ્યેય ચિત્તની વિશુદ્ધતા અને નિર્મળતા પ્રાપ્ત કરવાનું છે, એ વાત તપસ્વીઓએ હરહંમેશ યાદ રાખવી જોઇએ.

૧ જ્ઞાનસાર, ૩૧–૭.

सर्वेषां इन्द्रियाणां च युगपद्‌ध्येव संयमः એટલે બધી ઈન્દ્રિયો પર એકી વખતે જ સંયમ પ્રાપ્ત થયા સિવાય શુદ્ધ બ્રહ્મચર્યની સાધના શકય નથી. ઈંદ્રિયો અને વિષય વચ્ચેનો નિકટનો સંબંધ છે. ઈંદ્રિયોનો સ્વભાવ છે કે, સામે આવેલા વિષયને ગ્રહણ કરવો અને વિષયનો સ્વભાવ છે કે ઈંદ્રિયો વડે ગ્રાહ્ય થવું. આમ છતાં સમસ્ત ઈંદ્રિયોની પ્રવૃત્તિ મનના ઉપર નિર્ભર છે, તેથી જ કોઇ ઋષિએ કહ્યું છે કે मनो हि हेतुः सर्वेषामिन्द्रियाणां प्रवर्तते તેથી મન, વચન અને કાયા પર સંપૂર્ણ કાબૂ મેળવ્યા વિના બ્રહ્મચર્ય પાલન શકય નથી બનતું.

ભોગો હેય છે અને ત્યાગ સંયમ ઉપાદેય છે. જે વસ્તુ ઉપાદેય છે તે તરફ મનની વૃત્તિઓનું વલણ થવું જોઈએ. મૂળમાં જેવી વૃત્તિ રહેલી હોય છે, તેને અનુરુપ નિમિત્તોની અસર થાય છે. શુકદેવજી વિરકત હતા અને પિતાની ઇચ્છા હતી કે તે સંસારી બને. આ ઉદ્દેશની સિદ્ધિ અર્થે પિતાએ શુકદેવજીને જનકરાજાની સાથે રાખવાનો પ્રબંધ કરાવ્યો. શુકદેવજી જનકરાજાને ત્યાં હતા એ સમયે એક વખત નારદજી પધાર્યા. શુકદેવજી જ્ઞાની અને નૈષ્ઠિક બ્રહ્મચારી હતા. નારદજી પણ મહાન બ્રહ્મચારી હતા. જનકરાજાએ વિચાર કર્યો કે આ બંને વિભૂતિમાં શ્રેષ્ઠ અને ઉત્તમ કોટિનું બ્રહ્મચર્ય કોનું હશે ? આવી બાબતમાં પુરુષની પરીક્ષા સ્ત્રી દ્વારા ઉત્તમ રીતે થઇ શકે એમ વિચારી, આ વિષેનો નિર્ણય કરવાનું કાર્ય જનકરાજાએ પોતાની રાણી સુનયના પર છોડયું. સુનયના ચતુર, શાણી અને બુદ્ધિશાળી હતી. સુનયનાએ શુકદેવજી અને નારદજીને પોતાના મહેલમાં આવવા માટે આમંત્રણ મોકલાવ્યું. નિયુકત સમયે બંને જણા મહેલમાં જઈ સુનયનાનાં દિવાનખાનામાં હીંડોળા પર બેસી ગયા. હીંડોળાનો પાટ ઠીક ઠીક લાંબી અને પહોળી હતી. થોડીવારે સુનયના શણગાર અને આભૂષણ સજીને આવ્યા અને જે હીંડોળા પર આ બંને બ્રહ્મચારીઓ બેઠાં હતાં તેની વચમાં પોતે બેસી ગયા. સુનયનાની સાડીનો છેડો નારદજીને સ્પર્શ્યો એટલે નારદજી જરા દૂર ખસી સંકોચાઇને બેઠા. શુકદેવજીતો નિસ્પૃહ રીતે જરા પણ હાલ્યા કે ચાલ્યા વિના એમને એમ બેસીજ રહ્યા. જનકરાજા ઉપરથી આ બધું જોઈ રહ્યા હતા. સુનયનાએ પછી ઉપર જઇ રાજાને પૂછયું : 'નાથ ! આપને આ બંને પૈકી કોનું બ્રહ્મચર્ય શ્રેષ્ઠ લાગ્યું ?' રાજાએ કહ્યું: 'શ્રેષ્ઠ બ્રહ્મચર્યતો નારદજીનું જ, એમનામાં કેટલી લજ્જા અને શરમ છે ! તારી સાડીનો સ્પર્શ થતાં તો દૂર હઠી ગયા. આ બાબતમાં શુકદેવજી તો જરા ગાફેલ લાગે છે.' સુનયનાએ હસીને કહ્યું: "શ્રેષ્ઠ બ્રહ્મચર્ય તો શુકદેવજીનું છે. નૈષ્ઠિક બ્રહ્મચારી હોવા છતાં નારદજીના મનમાં હજુ સ્ત્રી અને પુરુષના ભેદ તો છે જ. શુકદેવજીની દૃષ્ટિએ સૌમાં આત્મતત્ત્વ જ નજરે પડે છે. સ્ત્રી અને પુરુષના દેહ વચ્ચે ભેદ છે એ ખરું, પણ દેહતો આત્માનું કપડાંરૂપી કવચ છે. આત્મતત્ત્વતો બંનેમાંજ સમાન છે અને દેહનો તફાવત એ તો કર્મ-જન્ય છે. જે ,વાસનામુકત છે તેના માટે સ્ત્રી અને પુરુષ એવા ભેદ રહેવા પામતા જ નથી."

આવા જ અર્થમાં પૂ. મહાત્મા ગાંધીજીએ પણ કહ્યું છે કે : "જે બ્રહ્મચર્ય સ્ત્રીને જોતાં ડરે, તેના સ્પર્શથી સો યોજન દૂર રહે તે બ્રહ્મચર્ય નથી. સાધનામાં તેની આવશ્યકતા રહે છે. પણ જો તે સાધ્ય બની જાય તો તે બ્રહ્મચર્ય નથી. બ્રહ્મચારીને સારી સ્ત્રીનો,

પુરુષનો, પથ્થરનો, માટીનો સ્પર્શ એક સરખા હોવા જોઈએ." [2]

વાસના અને વૃત્તિ પર વિજય પ્રાપ્ત કર્યા સિવાય શુદ્ધ બ્રહ્મચર્ય શકય જ નથી. શીલનો અર્થ આપણા શાસ્ત્રકારોએ માત્ર 'વીર્ય નિરોધ રૂપી સ્થૂલ બ્રહ્મચર્ય' એમ નથી કર્યો, પરંતુ મન, વચન અને કાયાએ કરી ઈન્દ્રિયો પર જય મેળવી, તેમની દુષ્કર પ્રવૃત્તિમાંથી મુક્ત થવું એજ શીલની શુદ્ધ વ્યાખ્યા છે. માત્ર દેહદમન અને ઇંદ્રિયદમન દ્વારા બ્રહ્મચર્યપાલન શકય નથી.

તા. ૧૦-૭-'૭૦ ના 'મુંબઇ સમાચાર' પત્રમાં પ્રથમ પાને મોટા અક્ષરે 'સ્ત્રી મુખ નહીં જોવાના વ્રત કાજે'ના શીર્ષક નીચે એક વિચિત્ર વાત કહેવામાં આવી છે. સ્વામિનારાયણ સંપ્રદાયના એક ધર્મગુરુ લંડનમાં મંદિરનું ઉદ્ઘાટન કરી ભારતમાં પાછા ફરતી વખતે, પોતાની સાથે કોઈ સ્ત્રી મુસાફરી ન કરે તે માટે વિમાનની ઉપલા વર્ગની બધી ટિકિટો રૂ. ૭૨,૦૦૦ આપીને લઇ લીધી અને ભૂલેચૂકે કોઈ સ્ત્રી પર નજર ન પડી જાય એ માટે આંખો પણ બંધ રાખી હતી.

ઉજજવળ બ્રહ્મચર્યાશ્રમ સ્થાપવાનો પ્રયત્ન કરનારાઓમાં શ્રી સહજાનંદસ્વામીનું નામ અગ્રસ્થાને આવે. બ્રહ્મચર્યની સિદ્ધિ અર્થે તેમણે કડક નિયમો દાખલ કર્યા હતા અને તે વખતના સાધુ સંપ્રદાયોએ તેની કડક ટીકાપણ કરી હતી. સ્ત્રી અને પુરુષના વાડા જુદા કરી બ્રહ્મમાં ભેદ પાડવાની તેની સામે થયેલી ટીકાના જવાબમાં તેમણે કહેલું કે "એ ભેદ કાંઈ રહે એવો તો નથી. પણ હું એક વિશેષ સુગાળવો આવ્યો છું, તે આ ભેદ મેં કરી મૂકયો છે. મારી થોડી ઘણી સૂગ આ લોકોને (શિષ્યોને) લાગી છે, જ્યાં સુધી ટકશે ત્યાં સુધી એ ભેદ રહેશે. પછી તો બ્રહ્મ એકજ થઈ જવાનું છે."

સદ્ગત શ્રી કિશોરલાલ મશરૂવાળા જેમનો ઉછેર સ્વામિનારાયણ સંપ્રદાયમાં થયો હતો. તેમણે આ સંબંધમાં લખ્યું છે કે "સૂગ શબ્દ તો સહજાનંદ સ્વામીએ વ્યાજોક્તિથી વાપર્યો હતો. વસ્તુતઃ એમને સ્ત્રી જાતિ માટે કયારેય અનાદર ન હતો એટલું જ નહીં, પણ અંગત રીતે તેઓ પોતે સ્ત્રીઓ સાથે સુગાળવાની જેમ નહોતા જ વર્તતા. વળી સ્ત્રીઓની ઉન્નતિ માટે એમણે એ જમાનાને માટે નવી લાગે એવી ઘણી પ્રવૃત્તિઓ આદરી હતી અને સંસ્થાઓ બાંધી હતી." આજે એ જ સંપ્રદાયના સાધુઓ જેઓ પોતાને શ્રી સહજાનંદજીના શિષ્યો કહેવરાવે છે, તેઓ આમ વર્તે તે કેટલું ઉચિત છે તે તો તેઓએ જ વિચારવાનું છે.

મુંબઇમાં જૈનશ્વેતાંબર સંપ્રદાય સાધુઓનાં કોઇકોઈ ચોખલિયા ઉપાશ્રયોમાં પણ, 'વ્યાખ્યાનના સમય સિવાય સ્ત્રીઓએ આવવું નહીં' એવા બોર્ડો ચીતરેલા જોવામાં આવે છે. ભગવાન મહાવીરે સૌ ભક્તોને ધર્મલાભ કહેવરાવ્યાની વાત જે શાસ્ત્રોમાં જોવામાં આવે છે, એ જ શાસ્ત્રોના ઉપદેશકો જ્યાં રહેતા હોય, ત્યાં આવા બોર્ડો કેવા શોભે છે તે વાતનો આ ઉપાશ્રયોના ટ્રસ્ટી-સાહેબો વિચાર કરે તો કેવું સારું ?

મહાત્મા ટોલસ્ટોયે એક ઠેકાણે સાચું જ કહ્યું છે કે: "અન્ય સર્વ સદ્ગુણોની પેઠે બ્રહ્મચર્ય પણ પાપ કરવાની અશકયતા કે અશકિત દ્વારા નહિ, પણ ઇચ્છાબળે અને

૨ 'સ્ત્રી-પુરુષ-મર્યાદા' લે. શ્રી કિશોરલાલ. ઘ. મશરૂવાળા.

શ્રદ્ધા સામર્થ્ય વડે સંપાદિત થાય ત્યારે કામનું છે. અકરાંતિયા ન થવા ખાતર માણસ જાતે જઠરમાં રોગ પેદા કરે, અગર લડાઈ ન કરવા ખાતર જાતે પોતાના હાથ બાંધે, અથવા અપશબ્દો ન વાપરવા જાતે પોતાની જીભ કાપી નાખે, તો તો પાપ કર્યું ન કર્યું સરખું જ છે. ઈશ્વરે માનવીને અત્યારે એ છે એવું બનાવ્યું છે, એના વિષયી દેહમાં દૈવી આત્માનો સંચાર કર્યો છે, તે ઇશ્વર કૃતિને સુધારવા એ દેહને છેદી ભેદીને પાંગળો બનાવે એટલા માટે નહિ, પણ એ આત્મા એની દૈહિક વિષયવાસનાને તાબે કરે એટલા ખાતર જ."

વિષયો કે ઇંદ્રિયો પોતે રાગ દ્વેષની હેતુભૂત નથી, પણ આત્માનું સદોષપણું જ રાગદ્વેષનું હેતુભૂત છે. એટલે રાગદ્વેષથી મુકત હોય, તટસ્થ વૃત્તિ હોય, ઇંદ્રિયો પોતાના અંકુશમાં હોય એવી પરિસ્થિતિવાળો અનાસકત સાધક, રૂપ-લાવણ્ય વગેરે વિષયો પર નજર કરે તો તેથી તે માત્ર પ્રસન્નતા જ પામે છે. સ્વર્ગની અપ્સરા રંભાએ શુકદેવજીને તપોભંગ કરવા તેની સામે નૃત્ય કરી કહ્યું કે: 'શુકદેવજી ! બીજી અપ્સરાઓ અને મારા વચ્ચે એક મહત્ત્વનો ભેદ છે. બીજી અપ્સરાઓના બાહ્ય અને અંદરના દેહ ભિન્ન ભિન્ન છે, બહારથી સુશોભિત-ભીતરમાં ગંદકી. હું તો બહારથી જેવી સુંદર દેખાઉ છું તેવીજ અંદર પણ સુંદર છું.' શુકદેવજીએ અપ્સરા પર ગુસ્સો ન કર્યો, ધિક્કાર ન દાખવ્યો, તિરસ્કાર ન કર્યો પણ હસતાં હસતાં કહ્યું : 'માતા ! તમારા દેહની શું આવી વાત છે? તો પછી, આવતા વખતે જન્મ લેવાનું જ્યારે પ્રાપ્ત થશે ત્યારે હું તમારીજ કુખે જન્મ લઈશ.'

શ્રી આચારાંગ સૂત્રમાં પણ આવી જ વાત જોવામાં આવે છે. આ સંબંધમાં આ આગમ સૂત્રમાં કહ્યું છે કે :-

ण सक्का ण सोउं सद्दा सोयविसयमागता ।
रागदोसाउ नै त्तत्वं तं भिक्खू परिवज्जए ॥

અર્થાત્ કાને પડતા શબ્દોને નહિ સાંભળવાનું બનવું અશકય છે; માટે કાને આવતા મધુર વા અમધુર શબ્દો પ્રત્યે ભિક્ષુએ રાગ અને દ્વેષનો ત્યાગ કરવો જોઇએ. એજ રીતે, આંખો વડે રૂપ જોતાં, નાક વડે ગંધ લેતાં, જીભ વડે રસ ચાખતાં અને સ્પર્શ-ઇંદ્રિયદ્વારા સ્પર્શનો અનુભવ કરતાં પણ ભિક્ષુએ રાગ અને દ્વેષનો ત્યાગ કરવો જોઈએ.

વિષયોમાંથી નિવૃત્ત થવું અને વિષયો પ્રત્યેના રસમાંથી નિવૃત્ત થવું એ બંને ભિન્ન ભિન્ન વસ્તુ છે. મનથી વિષયોને સેવ્યા કરે ને માત્ર કર્મેન્દ્રિય[3]ના સંગથી બચે છે તે સાધકને મહાત્મા, મિથ્યાચારી, દંભી અને પાખંડી માનવામાં આવ્યો છે. જૈન સૂત્રોમાં તંડુલમચ્છની વાત બહુ જાણીતી છે. મહામચ્છની પાંપણમાં રહેનારું નાનું સંજ્ઞા મનવાળું- આ પ્રાણી માત્ર મનના દુષ્ટ ભાવનાથી જે પાપકર્મ બાંધે છે, તે કર્મેન્દ્રિયોથી કરનાર મહામચ્છ પોતે પણ ભાગ્યે જ બાંધે છે. અલબત્ત, આનો અર્થ એવો ન કરી શકાય કે મન ન રોકાય ત્યાં સુધી કાયા પર અંકુશ જ ન રાખવો ! પરંતુ કાયાની ઉપર અંકુશ રાખતી વેળા મનને એ રીતે કેળવવા પ્રયત્નો કરવા જોઇએ કે જેથી વિષયોનું સ્મરણ જતન થાય. ઇન્દ્રિયોને વશ રાખી વિષય ન સેવે, પણ મનની ભીતરમાં કામના પડેલી હોય તો કર્મેન્દ્રિયોનો સંયમ સાચા અર્થમાં નહિ પણ લોકોને દેખાડવા પૂરતો

3 વાણી, પગ, હાથ, ગુદા અને જનનેંદ્રિય એ પાંચ કર્મેંદ્રિયો છે.

હોય માત્ર મિથ્યાચાર છે. 'આપણું વર્તમાન સ્વરૂપ' પર લખતાં મહર્ષિ અરવિંદે કહ્યું છે કે: "આપણી અતિશય અંધકારમય શારીરિક ચેતનાથી પણ નીચે એક અવચેતન તત્ત્વ આવેલું છે અને તેની અંદર હરેક પ્રકારનાં છૂપાં બીજ આવી રહેલાં છે. આ અવચેતન તત્ત્વ એ બીજાને ઢાંકીને પડેલું છે, તેમજ તેમને ઊગવા માટેનાં આધાર પણ તે પૂરું પાડે છે. છૂપાં બીજો આ જમીનમાંથી આપણને ન સમજાય તેવી રીતે ઉપર ફૂટી આવતાં રહે છે,"[૪] સંસાર છોડી સંયમ, ત્યાગ અને તપ ધર્મનો સ્વીકાર કરી, સાધુ અવસ્થામાં ધ્યાન ધરતાં ધરતાં રહનેમીએ એકાન્તમાં રાજીમતીને જેવા જોયા, કે તેની કર્મેન્દ્રિયોનો સંયમ ભાંગીને ભૂકો થઈ ગયો. માનવમન કેટલું અધમ અને દગાખોર છે, તેમજ તેની ભીતરમાં વાસના અને વિકારરૂપી કેવા ભયંકર ઝેરી સર્પો નિવાસ કરી રહ્યા છે, તે આ પ્રસંગમાંથી સમજાય છે.

શુદ્ધ બ્રહ્મચર્યના પાલન માટે માણસ પાસે કોઈ વિશાળ કલ્પના હોવી જોઇએ, અને તેમાંજ સદૈવ ચિત્ત અને શરીરને ઓતપ્રોત કરી નાખવાં જોઇએ, કે જેથી વિષયના સ્મરણને અવકાશ જ ન રહે. વિશાળ કલ્પના રાખતાં બ્રહ્મચર્યનું પાલન સહજ બની જાય છે. ભીષ્મપિતામહે પિતાના સુખરૂપી એક ભવ્ય આદર્શ અર્થે બ્રહ્મચર્ય વ્રત સ્વીકાર્યું, અને પછી તો પિતાનું સુખ જ એમનું બ્રહ્મ બની ગયું અને આદર્શ બ્રહ્મચારી બની ગયા. આજથી ૧૧૦૦ વર્ષ પહેલાં દક્ષિણમાં વાચસ્પતિ મિશ્ર નામના ઋષિ થઈ ગયા, જેમણે ષડ્શાસ્ત્રો ઉપર ટીકાઓ લખી છે. લગ્ન કરેલું પણ એ વાતનું જ વિસ્મરણ થઇ ગયું હતું. લગ્ન પછી ૩૬ વરસે બ્રહ્મસૂત્રના શાંકરભાષ્ય ઉપર ટીકા લખતા હતા ત્યારે, દીવાનો પ્રકાશ મંદ પડતાં એક સ્ત્રીએ ત્યાં જઇ વાટ સંકોરી અને ઋષિની નજર પેલી સ્ત્રી પર પડી. વાચસ્પતિએ એ સ્ત્રીને તે કોણ છે? એમ પૂછતાં સ્ત્રીએ તેના લગ્નની વાત યાદ કરાવી, અને તે તેની પત્ની ભામતિ છે એવી ઓળખ આપી. ઋષિનું મસ્તક પત્નીને નમી પડ્યું. પત્નીના નામ પરથી એ ટીકાને 'ભામતિ ટીકા' નામ આપ્યું જે આજે પણ એ નામથી ઓળખાય છે. બ્રહ્મચર્ય સાધકે જીવન એવી રીતે જીવવું જોઇએ, કે જેથી વાસના અને કામેચ્છાને ઉત્પન્ન થવાનો અવકાશ જ ન રહે.

સાચો બ્રહ્મચારી કેવો હોય તે વિષે નારાયણ ઋષિની વાત સમજવા જેવી છે. ઋષિનું મહા તપ જોઈ ઇન્દ્ર મહારાજે તેને ચલિત કરવા અપ્સરાઓનું ઝૂંડ મોકલાવ્યું. અપ્સરાઓ નૃત્ય કરી ઋષિને લલચાવવા પ્રયત્નો કરવા લાગી એટલે ઋષિએ કહ્યું: 'આપ સૌ નૃત્ય ભલે કરો, પણ મારા તપના પ્રભાવથી આપણામાંથી કોઈને પણ અહીં વિકાર ઊઠવાનો જ નથી.' આવી જ વાત આપણે ત્યાં પ્રાતઃસ્મરણીય સ્થૂલીભદ્ર વિષેની છે. કોશાની કામવાસના સ્થૂલીભદ્રના સંયમ પાસે ઓગળી ગઈ અને તે પણ સંયમી બની ગઈ.

માનવજીવનમાં બ્રહ્મચર્ય જેવું કોઇ ઉત્તમ તપ નથી, બ્રહ્મચર્યથી વધુ શ્રેષ્ઠ એવું કોઇ ઉત્તમ વ્રત નથી અને બ્રહ્મચર્યથી મહાન એવી કોઈ સાધના નથી. આ મહાન સાધના વિષે ભગવાન મહાવીરે તેમના નિર્વાણ સમયે એટલે કે જીવનની અંતિમ પળે કહ્યું છે કે: 'બ્રહ્મચર્ય રૂપ ધર્મ નિરંતર સ્થિર અને નિત્ય છે. તે ધર્મનું પાલન કરી અનેક

૪ 'દક્ષિણા' નવેમ્બર, ૧૯૫૧. શ્રી અરવિંદના 'પૂર્ણ આધ્યાત્મિકતા'વાળા લેખમાંથી.

જીવાત્માઓ અંતિમ લક્ષ્યે પહોંચ્યા છે, પહોંચે છે અને પહોંચશે."[૫]

જૈન સમાજમાં અનેક સ્ત્રી પુરુષો ગૃહસ્થાશ્રમમાં પડયાં પછી જીવનની પાછલી અવસ્થામાં ચતુર્થ અર્થાત્ બ્રહ્મચર્યવ્રત અંગીકાર કરે છે. ગૃહસ્થાશ્રમમાં રહીને તેમજ કામભોગોનો સ્વાદ લીધા પછી તેમાંથી મુકત થવામાં અસાધારણ શકિત અને સમગ્ર જીવનની રીતભાતમાં ભારે પરિવર્તનની આવશ્યકતા રહે છે. ભગવાન મહાવીરે પણ સ્પષ્ટ રીતે કહેલું જ છે કે: "કામભોગોના રસને જાણનારાએ અબ્રહ્મચર્ય (મૈથુન) થી સાવ વિરકત રહેવું એ કાંઈ સામાન્ય વાત નથી. આવું ઘોર બ્રહ્મચર્યવ્રત પાળવું અતિ અતિ કઠિન છે."[૬]

આપણે ત્યાં ચતુર્થ બ્રહ્મચર્યવ્રત લેનાર સ્ત્રી પુરુષોને સમજાવવામાં આવે છે કે, વ્રત લીધા બાદ સોય-દોરાના સંગમ મુજબ મૈથુનની ક્રિયા તેઓના માટે ત્યાજ્ય બની ગયેલી સમજવી. બ્રહ્મચર્યવ્રતનો જો માત્ર આવો જ અર્થ ઘટાવવામાં આવતો હોય, તો તે મેરુ પર્વતને એક સામાન્ય ટેકરીની ઉપમા આપવા જેવી એક હાસ્યાસ્પદ વાત બની જાય છે. પતિ પોતાની પત્નીમાં માતાનો ભાવ ન જુએ અને પત્ની પોતાના પતિમાં પુત્રનો ભાવ જોતી ન થાય, ત્યાં સુધી આવું સ્થૂલ બ્રહ્મચર્ય પાળવું એ પણ લોઢાના ચણા ચાવવા જેવી અશકય વાત બની જાય છે.

પતંજલી યોગસૂત્રમાં એક સૂત્ર છે કે चक्रभ्रमणवद्धृतशरीरः કુંભાર ચાકડો ફેરવવાની ક્રિયા બંધ કર્યા પછી પણ, પૂર્વ ક્રિયાના વેગથી કુંભારના તે ચાકડાનું પુનઃભ્રમણ જેમ થોડો વખત થતું રહેતું જોવામાં આવે છે, તેમ ભોગ અને મૈથુનની પડેલી ટેવ અને આદતમાંથી મુકત થવાના પ્રયત્નો શરૂ કર્યા પછી, તેમાં સફળતા પ્રાપ્ત કરવામાં સારો એવો સમય લાગે છે અને ઘણા પ્રયત્નો પછીજ કોઈ વિરલ વ્યક્તિઓને માટેજ આ વસ્તુ શકય બનતી હોય છે. પૂ. ગાંધીજીએ કહ્યું છે કે: "એવી સ્રીઓને મેં જાણી છે કે જેઓ પોતાના મુએલા પતિની સાથે આવી રીતે વિલાસ ભોગવે છે."[૭] (અલબત્ત, આ હકીકત સ્વેચ્છાપૂર્વકના ભોગની વાત અંગે છે અને તેમાં પ્રયોગો કરી ભૂતોની સાથે સંબંધ બાંધવાની વાત છે. આવા વ્યવહારને પૂ. ગાંધીજીએ સ્પષ્ટરીતે વ્યભિચાર જ કહ્યો છે.) સ્ત્રી તેમજ પુરુષ પર ભોગવૃત્તિ કેવું પ્રબળ પ્રાધાન્ય ધરાવે છે, તે વાત આમાંથી સૌ કોઈ સમજી શકશે. શરીરને ભોગોમાંથી બચાવી લેવાનું શકય છે, પણ મનને બચાવવું અતિ કઠિન છે. કાયિક દષ્ટિએ શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરનારા વિધુરો અને વિધવાઓથી તેઓ ન ઇચ્છતા હોય તો પણ ભૂતકાળની ભોગ ક્રિયાનું સ્વપ્ન દ્વારા પુનરાવર્તન થઇ જાય છે. ભૂતકાળમાં ભોગવેલા ભોગોની આ શિક્ષા કે દંડ છે એ સાચું, પણ આવા બધા સંસ્કારોમાંથી મુક્ત થવા માટે પ્રબળ પુરુષાર્થ કરવો જ પડે છે. તો પછી, જેઓ ભોગોમાંથી મુક્ત થવા પામ્યા નથી એવા સ્રી-પુરુષો પોતાના જીવનસાથીની સંગમાં રહીને, માત્ર ચોથાવ્રતના હાથ જોડી રાતોરાત કઈ રીતે બ્રહ્મચારી થઈ જતા હશે, એ એક ન સમજી શકાય એવો ગહન કોયડો છે. આજીવન બ્રહ્મચર્ય પાળવાવાળા સાધુ મુનિરાજોને, સંસારના આ પ્રકરણનો અનુભવ ન હોવાના કારણે તેઓ આ વાત ન સમજતા

૫ ઉત્તરાધ્યયન સૂત્ર અ. ૧૬-૧૭.

૬. ઉત્તરાધ્યયન સૂત્ર અ. ૧૯-૧૮

૭. મહાદેવભાઇની ડાયરી, પુસ્તક ૮. પાના. ૨૨૫.

હોય એમ બની શકે ખરું; પરંતુ સંસારનો અનુભવ લઈ (એટલે ગૃહસ્થાશ્રમ ભોગવ્યા બાદ થયેલા સાધુઓ) થયેલા સાધુઓ પણ આ બાબતમાં ચૂપકીદી જ સેવતા હોય એમ લાગે છે. એમ ન હોત તો, આ વ્રત લેનાર ભાઈ-બહેનોને માત્ર સોય દોરાની વાત સમજાવી આ બાબત ન પતાવી દેત, આવું વ્રત દેનાર અને આવું વ્રત લેનાર બંનેની મોટી જવાબદારી છે.

બ્રહ્મચર્ય એ જીવનની સર્વોત્તમ સાધના છે અને એ સાધના અર્થે જીવનના અંતિમ શ્વાસોચ્છ્વાસ સુધી સાધકે પ્રયત્નો જ કરવાના રહે છે. સાચો બ્રહ્મચર્ય સાધક બ્રહ્મચર્યની સિદ્ધિનો દાવો કદાપિ પણ નહિ જ કરે, કારણ કે આ તો જીવનની અંતિમ પળ સુધીની સાધના છે. બ્રહ્મચર્ય અને ચારિત્ર વિશુદ્ધિની બાબતમાં મ. ટોલસ્ટોયે તેમના 'The Relations of the Sexes' નામના ગ્રંથમાં સાચુંજ કહ્યું છે કે: "પ્રકૃતિએ માનવીમાં વિષય પરાયણતાની પાશવવૃત્તિ ભેગી પવિત્રતા અને ચારિત્રવિશુદ્ધિની આધ્યાત્મિક વૃત્તિ પણ રોપી છે. બ્રહ્મચર્ય અને ચારિત્ર વિશુદ્ધિ એ એવી ભાવના છે કે એને સિદ્ધ કરવા માણસે સદાયે સર્વાવસ્થામાં મથ્યા જ કરવું ઘટે.

બ્રહ્મચર્ય સાધનાની ઉત્તમતા અને મહત્ત્વતા વિષે લખતાં પૂ. ગાંધીજીના અંતેવાસી સ્વ. શ્રી કિશોરલાલ મશરૂવાળાએ સાચુંજ કહ્યું છે કે: "મારી માન્યતા એવી છે કે જેના વંશમાં કેટલીયે પેઢી સુધી એક પત્નીવ્રત એક પતિવ્રત જળવાયાં હશે, તેમાંયે કેટલી પેઢી સુધી બ્રહ્મચર્ય માટે પ્રયત્ન ચાલ્યો હશે તેની પેઢીમાં નૈષ્ઠક બ્રહ્મચારી પાકે. અથવા ગમે તો એમ કહો કે, જેણે કેટલાયે જન્મપર્યંત એક પત્નીવ્રત પાળ્યું હશે, પત્ની સાથે યે બ્રહ્મચર્ય પાળવા પ્રયત્ન કર્યો હશે, તે એક જન્મે નૈષ્ઠિક બ્રહ્મચારી થશે."[૮]

શ્રી હેમચંદ્રાચાર્યે કહ્યું છે કે: "બ્રહ્મચર્યના પાલનથી મનુષ્યો દીર્ઘાયુષી, સુડોળ, સુદૃઢ બાંધાવાળા, તેજસ્વી તેમજ મહાવીર્યવાન બને છે. ચારિત્રના પ્રાણભૂત, પરબ્રહ્મ-મોક્ષના અદ્વિતીય ઉપાયરૂપ બ્રહ્મચર્યનું પાલન કરનાર દેવેન્દ્રોથી પણ પૂજાય છે."[૯]

૮. 'સ્ત્રી-પુરુષ-મર્યાદા' ગ્રંથના 'સ્પર્શ મર્યાદા' પ્રકરણમાંથી

૯. યોગશાસ્ત્ર અ. ૨-૧૦૪/૧૦૫

## સામ્રાજ્ય સાધુતાનું

જગતમાં સર્વાંશે જોઈશું તો જણાશે કે દુષ્ટતાનું સામ્રાજ્ય નથી, સામ્રાજ્ય કેવળ સાધુતાનું છે. દુષ્ટો કરોડો હોય ત્યારે દુષ્ટતા ચાલી શકે છે. પણ સાધુતા ફક્ત એકમાં જ મૂર્તિમંત હોય ત્યારે પણ એ સામ્રાજ્ય ભોગવી શકે છે. અહિંસાનો પ્રભાવ એટલો વર્ણવ્યો છે કે એની સામે હિંસા શમી જ જાય. અહિંસા સામે પશુઓ પણ પશુતા મૂકી દે છે. એક જ સાધુપુરુષ જગતને સારૂ બસ થઈ જાય છે. એનું સામ્રાજ્ય ચાલે છે, આપણું સામ્રાજ્ય નથી ચાલતું, કારણ આપણે તો જેમ તેમ કરીને આપણું ગાડું ચલાવીએ છીએ. પેલો સાધુપુરુષ લખી મોકલે ને તે પ્રમાણે બધું થઈ જાય, એવું સાધુતાનું સામ્રાજ્ય છે. જયા દુષ્ટતા છે ત્યાં બધું અસ્તવ્યસ્ત હોય છે. સાધુતા હોય ત્યાં સુવ્યવસ્થિત તંત્ર ચાલે છે, માણસો સુખી થાય છે. એ સુખ ખાવાપીવાનું સુખ નહિ પણ માણસો સદાચારી અને સંતોષી થાય એવું સુખ છે. નહિ તો માણસો કરોડો હોવા છતાં બેબાકળા ફરે છે, એ સુખની નિશાની નથી.

ગાંધીજી

# લાલભાઈ દલપતભાઈ વિદ્યામંદિર, અમદાવાદ-૯

## लालभाई दलपतभाई ग्रंथमाला

१ सप्तपदार्थी-( शिवादित्यकृत, जिनवर्धनसूरिकृतटीका सह ) ₹-००

2, 5, 15, 20 Catalogue of Sanskrit and Prakrit manuscripts : Muni Shri Punyavijayaji's Collection-
Part I Rs. 50-00 Part II Rs. 40-00
Part III Rs. 30-00 Part IV Rs. 40-00

३ काव्यशिक्षा-विनयचन्द्रसूरिकृत १०-००

४ योगशतक- आचार्य हरिभद्रकृत स्वोपज्ञवृत्ति तथा ब्रह्मसिद्धान्तसमुच्चय ५-००

६ १६, २४ रत्नाकरावतारिका- रत्नप्रभसूरिकृत प्र०,द्वि०,तृतीय भागः ८-००, १०-००, ८-००

७ गीतगोविन्दकाव्यम्-महाकवि श्री जयदेव-विरचित, मानाङ्कटीका सह ८-००

८ नेमिरंगरत्नाकर कविलावण्यसमय ६-००

9 The Natyadarpana of Ramchandra & Gunachandra : A Critical Study : Dr. K. H. Trivedi 30-00

१० १४, २१ विशेषावश्यकभाष्य- स्वोपज्ञवृत्ति सह प्र०,द्वि०,तृतीयभाग १५-००,२०-००,२१-८०

11 Akalanka's Criticism of Dharmakirti's Philosophy : A Study-Dr. Nagin Shah 30-00

१२ रत्नाकरावतारिकाद्यश्लोकशतार्थी-वाचक श्रीमाणिक्यगणि ८-००

१३ शब्दानुशासन-आचार्य मलयगिरि ३०-००

१७ कल्पलताविवेक-कल्पपल्लवशेष ३२-००

१८ निघण्टुशेष-सटीक-हेमचंद्रसूरि ३०-००

19 Yogabindu with English Translation, Notes by Dr. K K. Dixit 10-00

२२ शास्त्रवार्तासमुच्चय, हिंदी अनुवाद २०-००

२३ तिलकमञ्जरीसार, पल्लीवालधनपाल १२-००

२५ नेमिनाहचरिउ भा० १ ४०-००

26 Mahapurana of Puspadanta (A Critical Study of Des'ya Words) : Dr. Ratna Shriyan 30-00

27 Yogadrstisamuccaya with English Translation, Notes 8-00

28 Prakrit Proper Names : Dr. Mehta and Dr. Chandra 36-00

२९ प्रमाणवार्तिकभाष्यकारिकासूची ८-००


## Bhavnagar General Stores

—: Dealers in :—

Scientific Instruments, Sports Goods, Band and Gymnastic Goods, Drawing and Engineering Requirements, Radio, Montessorie Equipments, presentation Articles Etc. Etc.

Mahatma Gandhi Road,
BHAVNAGAR.

Phone No. 3740

# ભારતીય દર્શનોમાં મોક્ષવિચાર

દિવ્યાક્ષકુમાર મુકુન્દરાય પંડ્યા
( એમ. એ. )

અત્યારના સમયમાં દરેક વ્યક્તિ મુક્તિનું મૂલ્ય જાણે જ છે. કોઇ વ્યક્તિને બંધન ગમતું જ નથી. સ્વાતંત્ર્યના સંગ્રામમાં સેંકડોએ પોતાના જાનની કુરબાની આપી છે. તે કોનાથી અજ્ઞાત છે? સ્વાતંત્ર્ય માટે દરેક વ્યક્તિ પોતાના યથાશક્તિ ભોગ માટે તૈયાર જ હોય છે.

જેટલું મહત્ત્વ આ માતૃભૂમિના સ્વાતંત્ર્યનું છે, રાષ્ટ્રીય સ્વાતંત્ર્યનું છે, તેના કરતાં આધ્યાત્મિક સ્વાતંત્ર્યનું મહત્ત્વ અનેકાનેકગણું વિશેષ છે. જગતનાં દુઃખોમાંથી છૂટવા માટે, આધ્યાત્મિક ઉન્નતિ માટે, ષડ્‌રિપુઓના સકંજામાંથી છૂટવા યુગોથી મનુષ્યો મુક્તિના રાહ પર ચાલી રહ્યા છે. આ રાહ કોઇ એક, નિશ્ચિત નથી. આ માટે તો કેટલાં યે વર્ષોની સાધના બાદ કેટલાક અતિવિરલ પુરુષોએ પોતાની વિચારસરણી મુજબનો, દૃષ્ટિ પ્રમાણેનો માર્ગ નક્કી કર્યો છે. આ માટે કેટલાક મનુષ્યોએ પોતાના મતના પાયા તરીકે વેદને સ્વીકાર્યો છે, જ્યારે કેટલાક અન્ય વિદ્વાનોએ વેદને સ્વીકારવાનો ઈન્કાર કર્યો છે. તેનાં દૃષ્ટાન્તો ભારતીય દર્શનોમાંથી મળી શકે છે. લોકાયતિકો, જૈનદર્શન અને બૌદ્ધદર્શનોએ વેદનો અસ્વીકાર કર્યો હોવાથી તેને નાસ્તિક દર્શન તરીકે ઓળખવામાં આવે છે, જ્યારે અન્ય સાંખ્ય યોગ વગેરે દર્શનોએ વેદનો સ્વીકાર કર્યો હોવાથી તેમની આસ્તિક દર્શન તરીકે ગણના થાય છે. હવે દરેક દર્શનની વિચારસરણી મુજબ મોક્ષનો માર્ગ વિચારવો આવશ્યક બને છે.

લોકાયતિક દર્શન અથવા ચાર્વાકદર્શન એક ભૌતિકવાદી વિચારસરણીને અનુસરતું દર્શન છે. આ દર્શન આત્મા નામના કોઈ નિત્ય તત્ત્વનો સ્વીકાર કરતું જ નથી. આ દેહમાં વિલસતું ચૈતન્ય એ તો કોઇ રાસાયણિક પ્રક્રિયાથી નીપજતો ગુણ છે અને તેનો વિલય થતાં પ્રાણીનું મૃત્યુ થાય છે. અને મૃત્યુથી જ માનવી દરેક ભૌતિક દુઃખોમાંથી છૂટે છે. બીજા શબ્દોમાં કહીએ તો મોક્ષ એ કોઇ પ્રાપ્તવ્ય વસ્તુ નથી પણ જીવનના ક્રમમાં અંતે તેનું સ્થાન સુનિશ્ચિત છે. આ રીતે તેમની મોક્ષની વિભાવના એવી છે કે **मरणमेव अपवर्गः।** (મૃત્યુ એ જ મોક્ષ) છે.

જૈનદર્શન આત્માના અસ્તિત્વનો અંગીકાર કરે છે. તેઓની માન્યતા એવી છે કે આત્મા નામનું નિત્ય તત્ત્વ અનેકવિધ કર્મનાં બંધનોથી વીંટળાયેલ જ હોય છે. આ કર્મનાં બંધન જ તેને પુનર્જન્મ અપાવે છે. અને પ્રત્યેક જન્મે તે બંધન જેટલા અંશે છૂટે છે તેટલા અંશે તે બંધન જન્મનાં કર્મોને કારણે વધે છે. આ રીતે આત્મબંધનના મૂળભૂત કારણ તરીકે કર્મની બેડી જ છે. આ અખિલ કર્મોનો નાશ થવાથી મનુષ્યને મુક્તિની પ્રાપ્તિ થાય છે. અહીં કર્મ અને તેના ફળનો સિદ્ધાંત જ દૃષ્ટિ સમક્ષ રાખવામાં આવ્યો છે. મોક્ષની પ્રાપ્તિ માટે વધુ કર્મ કરવાનું છોડી દેવું તથા સમ્યગ્દર્શન અને સાધુજીવન વડે કર્મનો આસ્રવ અટકાવવો જરૂરી છે; કે જેથી કર્મનું બંધન ન થાય અને ભૂતકાલીન કર્મ (સંવર) ખરી જવાથી તે કર્મોના બંધનનો નાશ થાય. આ રીતે ધીમે ધીમે કર્મનાં બંધનનો નાશ થાય તે જ મોક્ષ. **कृत्स्नकर्मक्षयो मोक्षः** (સંપૂર્ણ કર્મનો નાશ તે મોક્ષ).

બૌદ્ધ દર્શનના મત મુજબ આ અવની પરની વસ્તુ ક્ષણજીવી જ છે. આ રીતે આત્મા (વિજ્ઞાન) પણ એક ક્ષણજીવી તત્ત્વ જ છે. પણ જે રીતે એક પૂર્વક્ષણનો આત્મા પછીની ક્ષણમાં નથી હોતો તે

જ રીતે તે તદ્દન વિભિન્ન પણ નથી જ હોતો. પુનર્જન્મના મૂળભૂત કારણને તેઓ અવિદ્યા, પ્રવૃત્તિ વગેરે બાર નિદાનોને સ્વીકારે છે. આનો નાશ કરવાથી પુનર્જન્મના ચક્રમાંથી માનવી મુક્ત થાય છે. જ્યારે અર્હન્ત પોતાની અવિદ્યાનો સમૂળ નાશ કરી અનિત્યતાનો સાક્ષાત્કાર કરે છે ત્યારે તે પૂર્વ અને પર બંધનોમાંથી છૂટી જાય છે. આ પ્રકારની અવસ્થાને તેઓ નિર્વાણ નામ આપે છે. આ નિર્વાણ એ જ સર્વ પ્રકારના દુઃખોનો અંત છે.

સાંખ્યદર્શન અને યોગદર્શન બંને આત્મારૂપી નિત્ય તત્ત્વનો સ્વીકાર કરે છે. તેઓ માને છે કે સત્યજ્ઞાન થયા પછી જ મોક્ષ મળી શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો પુરુષ અને પ્રકૃતિ એ બે તત્ત્વોને કારણે આ સ્થૂલ વિશ્વનું સર્જન થયું છે. તત્પશ્ચાત્ પુરુષ પ્રકૃતિના કર્તૃત્વને પોતાનું કર્તૃત્વ માનીને સુખ અને દુઃખ પ્રાપ્ત કરે છે. આ સુખદુઃખમાંથી મુક્તિ માટેનો એકમાત્ર માર્ગ એ છે કે પુરુષને આ દ્વૈતનું પુનઃજ્ઞાન થાય ત્યારે તે સુખદુ.ખનો આરોપ ન થવાની મુક્તિ પ્રાપ્ત થાય છે. ખરેખર જોતાં તો લાગે છે કે પુરુષને બંધન કે મોક્ષ છે જ નહીં, પણ તે તો પ્રકૃતિને જ છે. આ રીતના જ્ઞાન પછી પુરુષ તરફથી પ્રકૃતિની નિવૃત્તિ થાય છે. "જેમ નર્તકી રંગસ્થ પ્રેક્ષકોની સમક્ષ નૃત્ય રજૂ કર્યા પછી ફરી નૃત્ય કરતી નથી, તેમ પ્રકૃતિ પુરુષ સમક્ષ પોતાને પ્રગટ કરી દીધા પછી ફરી પ્રવૃત્ત થતી નથી." (સાંખ્ય-કારિકા–૫૯) અને આ રીતના તત્ત્વજ્ઞાન બાદ "એક મેં તેને જોઇ લીધી એમ વિચારી ઉદાસીન થઇ જાય છે અને બીજી પણ તેણે મને જોઇ લીધી એમ વિચારી વ્યાપારશૂન્ય થાય છે." આ રીતે બંનેનો સંયોગ થવા છતાં સૃષ્ટિનું કોઇ પ્રયોજન રહેતું નથી. (સાં. કા. ૬૬) પરંતુ આ મુક્ત બાદ પણ પ્રારબ્ધ, સંચિત વગેરે કર્મો ભોગવવા શરીરધારણ આવશ્યક બને છે. અને આ કર્મોના નાશ સાથે "શરીરનો નાશ થયા પછી ભોગ અને અપવર્ગ બંને પ્રયોજનો સિદ્ધ થઇ જાય પછી પ્રકૃતિ જ્ઞાની તરફ પ્રવૃત્ત થવું બંધ કરી દે છે અને તે ઐકાન્તિક અને આત્યાન્તિક મુક્તિ પ્રાપ્ત કરી લે છે," (સાં.કા. ૬૮) સાંખ્ય અને યોગદર્શનોની મોક્ષની વિભાવના એક જ પ્રકારની હોવા છતાં મોક્ષપ્રાપ્તિનાં માર્ગો બંનેના ભિન્ન જ છે. સાંખ્યદર્શનને મતે પચ્ચીશ તત્ત્વોના જ્ઞાનની પ્રાપ્તિથી મોક્ષ મળે છે. જ્યારે યોગદર્શન મુજબ મોક્ષ માટે અષ્ટાંગ યોગની સાધના જરૂરી છે.

ન્યાયવૈશેષિક દર્શનોને મતે આ સર્વ દૃષ્ટિગોચર થતું ચેતન, આત્મા અને મનના સંયોગનું જ પરિણામ છે. અર્થાત્ દુનિયાની સર્વ પ્રવૃત્તિ, તેનું ફળ, સુખદુઃખ વગેરે આત્મા અને મનના સંયોગથી જ જન્મે છે. ન્યાયસૂત્ર ૧–૧–૨૨માં જણાવ્યું છે કે **तदत्यन्तविमोक्षोऽपवर्ग** . । (તેમાંથી સંપૂર્ણ મુક્તિ તે અપવર્ગ). આ ઉપરાંત તેમનો મત છે કે બુદ્ધિ, સુખદુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ અને સંસ્કાર એ આત્માના ગુણો છે. આ ગુણોથી જ્યારે આત્મા મુક્ત થાય ત્યારે તે અન્ય દ્રવ્યની જેમ એક સામાન્ય જડ દ્રવ્ય જ બની રહે છે. ન્યાયસૂત્રમાં કહ્યું છે કે **दुःख-जन्म-प्रवृत्ति-दोष-मिथ्याज्ञानानाम् उत्तरोत्तरापाये तदनन्तरापायादपवर्ग :॥** (દુઃખ, જન્મ, પ્રવૃત્તિ, દોષ, મિથ્યાજ્ઞાનના ઉત્તરોત્તર નાશ થતાં તેનો સંપૂર્ણ નાશ તે જ અપવર્ગ). આ પ્રકારના મોક્ષની પ્રાપ્તિ માટે ન્યાય-વૈશેષિકોને મતે આ સૃષ્ટિના પદાર્થોનું જ્ઞાન જરૂરી છે. જ્ઞાનપ્રાપ્તિ શ્રવણ, મનન, ધ્યાન (વૈશેષિક મતે નિદિધ્યાસ) અને સાક્ષાત્કારથી પ્રાપ્ત થાય છે. તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિથી પદાર્થ પરનો મોહ નાશ પામે છે. આ મોહના અભાવે વસ્તુમાં રાગ કે આસક્તિ ઉત્પન્ન થતી નથી કે જેથી મનુષ્ય તે વસ્તુ તરફ આકર્ષાય. આ રીતે વસ્તુ તરફના ખેંચાણના અભાવે કર્મ કરવામાં પ્રવૃત્તિ જ થતી નથી. જ્યાં આસક્તિનો અભાવ હોય છે ત્યાં કર્મનો પણ અભાવ થાય જ છે. આથી મનુષ્ય શરીર, વચન અને મનથી કર્મ કરતો નથી, જેનું ફળ ભોગવવા જન્મ લેવાની જરૂર પડે અને ધીમે ધીમે પૂર્વનાં કર્મનો નાશ થતાં મનુષ્ય

ક્રમની શૃંખલામાંથી મુક્ત બને. અન્ય દૃષ્ટિએ જોતાં લાગે છે કે તેઓને પર અને અપર એમ બે નિઃશ્રેયસો અભિપ્રેત છે. અપર નિઃશ્રેયસ એટલે જીવનમુક્તિ. મનુષ્ય આગળ બંધનકર્તા બધાં કર્મો કરવા છોડી દે છે તે; અને પર નિઃશ્રેયસ એટલે વિદેહમુક્તિ અર્થાત્ મનુષ્યનાં પ્રારબ્ધકર્મો અને સંચિત કર્મોનો ભોગવટો કરીને આ દેહમાંથી શાશ્વત સમય માટે મુક્ત થાય તે. આ બંને ક્રમમાં જ આવનારાં સોપાનો છે.

મીમાંસા એટલે જ યજ્ઞયાગનો સંપ્રદાય. આ યજ્ઞયાગાદિથી સ્વર્ગની પ્રાપ્તિ થાય પણ મોક્ષની પ્રાપ્તિ શી રીતે શક્ય છે? આ પ્રકારનો પૂર્વગ્રહ સામાન્યતઃ હોય છે. પણ હકીકતમાં મીમાંસાદર્શન મોક્ષમાર્ગ પણ નિદર્શિત કરે છે. મોક્ષની વ્યાખ્યા આપતાં તેઓ જણાવે છે કે **प्रपञ्चसम्बन्धविलयो मोक्षः** (પ્રપંચના સંબંધનો નાશ તે જ મોક્ષ) પ્રપંચનાં ત્રણ બંધનોએ આત્માને જગતકારાગારમાં બાંધી રાખ્યો છે. આત્મા શરીરાવચ્છિન્ન બનીને ઇન્દ્રિયોની મદદથી બાહ્ય વિષયોનો અનુભવ કરે છે. તે બંધનો એટલે ભોગાયતન રૂપ શરીર, ભોગસાધન રૂપ ઇન્દ્રિય અને ભોગવિષય રૂપ પદાર્થ. આ બંધનના ઉત્પાદકો છે. ધર્માધર્મો, વેદવિહિત, વેદનિષિદ્ધ કર્મોથી ઉત્પન્ન થતું અપૂર્વ જ આત્માને સુખદુઃખદાયક કર્મો કરાવે છે. આ રીતે આ બંધનમાંથી સનાતન સમય માટે મુક્ત તો આ ધર્માધર્મની ઉત્પત્તિ અટકાવવાથી જ મળે. આ રીતે વેદોક્ત કામ્ય કે નિષિદ્ધ કર્મો ન કરવાથી, નિત્ય નૈમિત્તિક કર્મોના આચરણથી અને આત્મજ્ઞાનથી મોક્ષ મળે છે. મોક્ષ માટે કર્મ પ્રધાન કારણ છે અને આત્મજ્ઞાન એ સહકારી કારણ છે. મોક્ષની દશામાં આત્માને આનંદનો અનુભવ નથી થતો કારણ કે મીમાંસાને મતે ચૈતન્ય એ આત્માનો સ્વાભાવિક ગુણ નથી; પણ આત્મા શરીરાદિના સંપર્કમાં આવવાથી સુખદુઃખનો અનુભવ કરે છે. આ રીતે આત્મા આનંદમય સ્થિતિમાં ન હોવા છતાં એ સ્થિતિ વાંછનીય છે. કારણ કે તે સ્થિતિમાં દુઃખનો તો સદંતર અભાવ હોય છે; એમ પ્રભાકરનો મત છે. કુમારિલ માને છે કે સર્વ પ્રાણીઓ સુખ માટે જ પ્રયત્ન કરે છે. તેથી તેઓ કહે છે કે **दुःखात्यन्तसमुच्छेदे सति प्रागात्मवर्तिनः । सुखस्य मनसा भुक्तिमुक्तिरुक्ता कुमारिलैः ॥** (દુઃખનો અત્યંત નાશ થતાં પૂર્વે આત્મામાં જે સુખ હતું તેનો મનથી અનુભવ તેને કુમારિલના અનુયાયીઓ મુક્તિ કહે છે.)

વેદાન્તદર્શનના મૂળ આધારરૂપ બ્રહ્મસૂત્ર છે. બ્રહ્મસૂત્રમાં મોક્ષ એટલે કે બ્રહ્મલોકની પ્રાપ્તિ બાદ આત્માના સ્વરૂપ વિષે ત્રણ કલ્પનાઓ છે. મુક્તાત્મા બ્રહ્મસદૃશ થાય છે અને તે પણ બ્રહ્મના આનંદનો અનુભવ કરે છે; મુક્ત આત્મા કેવળ ચેતનમાત્ર હોય છે, તેનામાં જ્ઞાનનું તત્ત્વ હોય છે પણ સત્તા (અસ્તિત્વ) નો અંશ હોતો નથી; મુક્ત પુરુષને પરમાત્માથી પૃથક્ માનવામાં કોઈ બાધ કે વિરોધ નથી. બે પ્રકારના બ્રહ્મલોકની કલ્પના કરવામાં આવી છે. એક કારણબ્રહ્મ અને બીજું કાર્યબ્રહ્મ. કારણબ્રહ્મની પ્રાપ્તિ થતાં મુક્તાત્મા બ્રહ્મમાં ભળી જાય છે. જ્યારે કાર્યબ્રહ્મની પ્રાપ્તિ પશ્ચાત્ તેનું પ્રથગસ્તિત્વ રહે છે. તેને ભોગ ભોગવવા માટે ઇન્દ્રિયો કામ નથી કરતી પણ મન કામ કરે છે, તો ક્યાંક કહ્યુ છે કે મુક્તાત્મા પોતાની ઇચ્છા મુજબ ગમે તે લોકમાં, તે લોકને અનુકૂળ શરીર સર્જીને જઈ શકે છે. પણ કારણબ્રહ્મમાંથી પુનરાગમન થતું નથી. **अनावृत्तिः शब्दात् अनावृत्तिः शब्दात् ॥** [શ્રુતિમાં કહ્યું હોવાથી પછી આત્માને પાછું સંસારમાં આવવું પડતું નથી.] આ બ્રહ્મની પ્રાપ્તિ કર્મથી થાય છે તેમ સૂત્ર ૩–૪–૨, ૩, ૪ વગેરેમાં "(શ્રેષ્ઠ પુરુષોના) આચાર જોવાથી, આમ જ સિદ્ધ થાય છે. શ્રુતિ પણ આના પક્ષમાં છે એમ કહેલું છે. જ્યારે તેની પ્રાપ્તિ જ્ઞાનથી થાય છે તેમ, સૂત્ર ૩-૪-૧ માં "પુરુષાર્થની સિદ્ધિ બ્રહ્મજ્ઞાનથી થાય છે કેમ કે શ્રુતિ એમ કહે છે," સૂત્ર ૩–૪–૮માં શ્રુતિઓમાં કર્મની પ્રશંસા કરવામાં આવી છે પરંતુ તેની વિશેષ સંખ્યા જ્ઞાનના પક્ષમાં છે," સૂત્ર

૩–૪–૯ માં "જ્યાં સુધી ભદ્ર પુરુષોના આચારનો સંબંધ છે (ત્યાં સુધી) બંને પ્રકારનાં ઉદાહરણો મળે છે તેથી એમ નહીં કહેવાય કે વિદ્યા કર્મનું અંગ છે;" સૂત્ર ૩–૪–૧૦માં 'જે શ્રુતિઓમાં કર્મની બહુ પ્રસંશા કરવામાં આવી છે તે વિશેષ પરિસ્થિતિઓમાં મહત્ત્વની છે, દરેક સ્થિતિમાં નહી.' એ પ્રમાણે સૂત્રોમાં કહેલ છે.

શાંકરાચાર્યે આ પર શારીરિક ભાષ્ય રચ્યું છે. તેમાં મુક્તાત્માના સ્વરૂપને બ્રહ્મની સાથે ઐક્ય રૂપે વર્ણવેલું છે. તેમનું મંતવ્ય છે કે કર્મ તો ચિત્ત-શુદ્ધિ સુધી જ મહત્ત્વનું છે પણ એ મોક્ષની પ્રાપ્તિ ફક્ત સંન્યાસ એટલે કે જ્ઞાનમાર્ગથીજ શક્ય છે. જ્ઞાનના પ્રકાશથી આત્માને આવૃત્ત કરનારી અવિદ્યાનો નિરાસ થતાં આત્મા પોતાની નિત્ય, આભાથી સર્વત્ર દેદીપ્યમાન રહે છે.

રામાનુજાચાર્યના મત મુજબ જ્ઞાનકર્મસમુચ્ચય એજ મુક્તિદાતૃ બની શકે છે. ફક્ત જ્ઞાન કે કર્મથી મોક્ષની પ્રાપ્તિ શક્ય છે, પણ ભક્તિથી પ્રસન્ન થઈને ભગવાન જીવનાં સર્વ બંધનોનો, બધા કલેશોનો નાશ કરી દે છે. વેદવિહિત કર્મના અનુષ્ઠાનથી ચિત્તની શુદ્ધિ થાય છે. આમ બીજા શબ્દોમાં કહીએ તો કર્મ સંમિલિત જ્ઞાનથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે. મોક્ષપ્રાપ્તિ માટે શરણાગતિનો માર્ગ જ શ્રેષ્ઠ છે. મુક્તાત્માના સ્વરૂપ માટે તેમની માન્યતા એવી છે કે મુક્ત થયા બાદ પણ આત્મા બ્રહ્મ સાથે ન મળતાં તે વિરાટ, અનન્યાધિપતિ અને સંકલ્પ–સિદ્ધ થઈ જાય છે. મુક્ત જીવિત દશા રામાનુજાચાર્ય સ્વીકારતા નથી. વૈકુંઠમાં ભગવાનના અનુચર બનવું તે જ પરમ મુક્તિ છે.

નિમ્બાર્કાચાર્યના મતે તો એટલું જ કહી શકાય કે જીવ બદ્ધ અને મુક્ત બંને અવસ્થામાં બ્રહ્મથી ભિન્ન રહે છે. જીવ ઇશ્વરને શરણે ન જાય ત્યાં સુધી તેનું કલ્યાણ થતું નથી. અનુગ્રહ થવાથી ભગવાન તરફ રાગાત્મિક ભક્તિનો ઉદય થાય છે. આ ઇશ્વર પ્રત્યે પ્રેમ હોવો એ કોઈ સામાન્ય ઘટના નથી. ભગવાન જેની ઉપર પોતાની કૃપાની વર્ષા કરે છે તે જીવ તેની તરફ આકૃષ્ટ થાય છે. તેમને પણ રામાનુજની જેમ જીવન્મુક્તિ માન્ય નથી; ફક્ત વિદેહમુક્તિ જ માન્ય છે.

શ્રી મધ્વાચાર્ય માને છે કે મોક્ષની પ્રાપ્ત માટે શ્રવણ, મનન, ધ્યાનની સાથે તારતમ્યપરિજ્ઞાન અને પંચભેદજ્ઞાન અત્યાવશ્યક બને છે. તારતમ્યજ્ઞાન એટલે જગતના સર્વ પદાર્થો એકબીજાથી આગળ વધતા જ છે, જ્ઞાન, સુખ વગેરેનો વિલય ઇશ્વરમાં જ થાય છે, તેવું જ્ઞાન અને પાંચ પ્રકારના એટલે કે ઇશ્વર અને જીવ વચ્ચેનો ભેદ, ઇશ્વર અને જડ સૃષ્ટિ વચ્ચેનો ભેદ, જીવનો જડસૃષ્ટિ સાથે ભેદ, એક જીવનો બીજા જીવ સાથે ભેદ અને એક જડ પદાર્થનો બીજા જડ પદાર્થ સાથે ભેદ. તેનું જ્ઞાન તે પંચભેદજ્ઞાન. આ પ્રકારનું જ્ઞાન ઉપાસનાથી પ્રાપ્ત થાય છે. ઉપાસના બે પ્રકારની છે. સતત શાસ્ત્રાભ્યાસ રૂપ અને ધ્યાન રૂપ. આમ છતાં મોક્ષ માટે જીવને પરમાત્મા પર અધીન જ રહેવું પડે છે. મોક્ષના ચાર પ્રકાર છે. ઇશ્વર સાથેનું સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય અને સાયુજ્ય. ઇશ્વરના દેહમાં પ્રવેશ કરીને તેના ભોગ ભોગવવા રૂપ સાયુજ્ય મુક્તિ શ્રેષ્ઠ છે. **सायुज्यं नाम भगवन्तं प्रविश्य तच्छरीरेण भोगः।** [ સાયુજ્ય એટલે પ્રભુમાં પ્રવેશી તેના શરીરથી (પ્રાપ્ત થતા) ભોગ (યુક્તિ મુક્ત) ]

ચૈતન્ય મત મુજબ કર્મ એ જીવનની સ્વાભાવિક પ્રક્રિયા છે. કર્મનો ઉપયોગ ચિત્તને શુદ્ધ કરી તેને જ્ઞાન અને ભક્તિમાં ઉપયુક્ત આધાર રૂપ બનાવવાનો છે. જ્ઞાનના બે પ્રકરો છે: કેવળજ્ઞાન અને વિજ્ઞાન. કેવળજ્ઞાનનો ઉદય થતાં, તેના ચિંતનથી ભગવત્પ્રસાદની પ્રાપ્તિનો લાભ થાય છે અને સાયુજ્ય મુક્તિની ઉપલબ્ધિ થાય છે. પરંતુ વિજ્ઞાન અર્થાત્ ભક્તિ દ્વારા ભક્ત ભગવત્પ્રસાદને જ પ્રાપ્ત કરતો નથી, પણ ભગવાનને જ પોતાને વશ કરે છે. ભક્તિ એ

પ્રકારની હોય છે. વિધિભકિત અને રુચિ કે રાગભક્તિ. વિધિભક્તિમાં ભક્તિશાસ્ત્રનિર્દિષ્ટ ઉપાયોના આલંબનથી ભકત પોતાના પ્રયત્નોથી દેવયાનનો આશ્રય લઇને સિદ્ધિ પ્રાપ્ત કરે છે. પણ આર્તભક્તો પર ઇશ્વરની અહૈતુકી કૃપાને કારણે પોતાના વાહનથી તેમને પરમધામની પ્રાપ્તિ કરાવે છે. જ્યારે રુચિભક્તિમાં ભકત ભગવાનને પોતાના પ્રિયતમ રૂપ સ્વીકારે છે અને અલૌકિક આનંદનું આસ્વાદન કરતો બ્રહ્મધામની પ્રાપ્તિ કરે છે.

જ્યારે વલ્લભમત મુજબ ભગવાનની પ્રાપ્તિનો સુગમ ઉપાય તે ભક્તિ. ભક્તિ બે પ્રકારની છે. મર્યાદાભક્તિ અને પુષ્ટિભકિત. મર્યાદાભકિત એટલે ભગવાનના ચરણારવિન્દની ભક્તિઃ આમાં ફળની અપેક્ષા રહે છે, આ ભકિતથી સાયુજ્યની પ્રાપ્તિ થાય છે. પુષ્ટિભકિત એટલે ઇશ્વરના મુખારવિન્દની ભકિત, જેમાં કોઈ પણ પ્રકારના ફળની આકાંક્ષા રહેતી નથી. અને જેથી અભેદજ્ઞાનની સામાન્ય રીતે સિદ્ધિ થાય છે. અર્થાત્ મુકતના પણ બે સ્વરૂપ થયા, એક તિરોભૂત આનંદાંશ પુનઃ પ્રાપ્ત થતાં બ્રહ્મસ્વરૂપ અને બીજું સ્વરૂપ તે સાયુજ્ય.

ઉપસંહારમાં કહી શકાય કે આ અવનીના અપરંપાર દુઃખોથી ત્રાહિ ત્રાહિ થઈ ગયેલા માનવી માટે મોક્ષ એક આશ્વાસન રૂપ બની રહે છે. આ મોક્ષના સ્વરૂપ વિષે વિધવિધ મતમતાંતરો છે. ચાર્વાકદર્શન મરણને જ મોક્ષ માને છે, જૈનો આત્માની કર્મબંધનથી થતી મુકિતને મોક્ષ તરીકે બિરદાવે છે, બૌદ્ધો તો પોતાની અનિત્યતાના સાક્ષાત્કારને જ નિર્વાણ માને છે, સાંખ્યયોગની માન્યતા એવી છે કે પુરૂષ પોતાનું ઔદાસીન્ય પુનઃ પ્રાપ્ત કરે તે મુકિત. તો ન્યાયવૈશેષિકો જણાવે છે કે ચૈતન્ય, સુખ, દુઃખાદિ આત્માના ધર્મોથી તેનું પૃથક્ત્વ તે અપવર્ગ. મીમાંસાને મતે આત્માના દેહને ઇંદ્રિય અને પદાર્થના પ્રપંચરૂપ બંધનથી મુકિત તે મોક્ષ. પણ કુમારિલ કહે છે કે સુખનો માનસિક ઉપભોગ તે જ મોક્ષ. બ્રહ્મસૂત્રમાં જણાવ્યું છે કે બ્રહ્મરૂપ થવું તે મોક્ષ શંકરાચાર્યને મતે અવિદ્યાનો નાશ થતાં સધાતું આત્મા પરમાત્માનું અદ્વૈત તે મોક્ષ. શ્રી રામાનુજાચાર્ય અને શ્રી નિમ્બાર્કાચાર્યને મતે વૈકુંઠમાં ભગવાનના અનુચર બનવું તે મોક્ષ. મધ્વ મતે ઈશ્વરનું સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય કે સાયુંજ્ય તે મોક્ષ. ચૈતન્ય પ્રભુના મત મુજબ ભગવત્પ્રસાદ પ્રાપ્તિ કે ભગવાનને વશ કરવા તે મુકિત અને વલ્લભાચાર્યના મતે પોતાના બ્રહ્મરૂપની પુનઃ પ્રાપ્તિ કે સાયુજ્ય તે મોક્ષ.

આ મોક્ષની પ્રાપ્તિ માટે માર્ગ વૈભિન્ય પણ નજરે પડે છે. ચાર્વાકોને મતે આ માટે પ્રયત્ન પણ જરૂરી નથી. સાંખ્યમતે પચીશ, ન્યાયમતે સોળ અને વૈશેષિકમતે સાત તત્ત્વોના જ્ઞાનની પ્રાપ્તિથી મોક્ષ મળે છે. જૈનસિદ્ધાંત મુજબ વિશેષ કર્મો છોડી દેવાથી અને ભૂતકાલીન બંધનકર્તા કર્મોના ભોગવટાથી મોક્ષ મળે છે. યોગદર્શન માને છે કે અષ્ટાંગ યોગસાધનાથી આની પ્રાપ્તિ થાય છે. મીમાંસાની માન્યતા છે કે વેદોક્ત કામ્યનિષિદ્ધ કર્મો છોડી દેવાથી અને આત્મજ્ઞાન સાથે નિત્યનૈમિત્તિક કર્મો કરવાથી મોક્ષ મળે છે. બ્રહ્મસૂત્રમાં જ્ઞાન કે કર્મ કે બંને માર્ગોનો નિર્દેશ મળે છે. જ્યારે શંકરાચાર્ય માને છે કે જ્ઞાન કે સંન્યાસથી જ મુકિત મળે. રામાનુજાચાર્ય માર્ગ તરીકે જ્ઞાનકર્મયુકત ભકિત કે શરણાગતિ સ્વીકારે છે. નિમ્બાર્ક રાગાત્મિકા ભકિતને સાધન બનાવે છે. મધ્વાચાર્ય જણાવે છે કે ઇશ્વર, જીવ અને જગત એકબીજાથી ભિન્ન છે તેવા જ્ઞાન સાથેની ઉપાસના મોક્ષનું કારણ છે. ચૈતન્યપ્રભુ કહે છે કે વિધિભકિત કે રુચિભકિતથી મોક્ષ મળે છે. વલ્લભાચાર્ય મર્યાદાભકિત કે પુષ્ટિભકિતને માર્ગ તરીકે અપનાવે છે.

# ઈડર પાંજરાપોળને મદદ કરો.

અહિંસાના અવતાર મહાનુભાવ દાનવીરોને અપીલ કરીએ છીએ કે :—

સુજ્ઞ દાનવીર મહાનુભાવો,

સવિનય વિજ્ઞપ્તિ જે ગુજરાતના સાબરકાંઠા જીલ્લામાં ઇડર પાંજરાપોળ એ જીલ્લાની એકજ જીવદયા નિભાવ માટેની સરકાર માન્ય રજીસ્ટર સંસ્થા છે. આ વિસ્તાર બહુજ પછાત વિસ્તાર છે. જીલ્લામાં કોઇ પ્રગતિશીલ ઉદ્યોગ ધંધા નથી એવા આ વિસ્તારમાં છેલ્લા ત્રણ-ચાર વર્ષથી કુદરતે પણ રૂસણાં લીધાં છે અને જીલ્લાની જનતા તથા અબોલ મુંગા પ્રાણીઓ દુષ્કાળના ભયંકર પંજામાં ફસાયા છે. આ જીલ્લાને નામદાર સરકાર તરફથી પણ દુષ્કાળ અછતગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરેલ છે જે સર્વને સુવિદિત છે. જીલ્લામાં ઘાસ ચારાની તીવ્ર તંગી પ્રવર્તે છે. આ સંસ્થાને જીવો નિભાવવા દુષ્કર થઇ પડેલ છે. જીલ્લાની આ એકજ સંસ્થા છે જે અબોલ મુંગા જીવોને સં. ૧૯૭૫ની સાલથી નિભાવતી આવેલ છે. આ સંસ્થા પાસે કાયમી નિભાવ માટે કોઈ ફંડ નથી. ગત સાલ દાનવીરોના સહકારથી તેમજ નામદાર ગુજરાત સરકારની મદદથી મુશ્કેલીથી પસાર કરેલ છે. ચાલુ વર્ષ સંસ્થાને નિભાવવા કટોકટી રૂપ થયેલ છે. જેથી દાનવીરોને મારી નમ્ર અપીલ છે કે પોતાની સમગ્ર શક્તિથી ઉદાર હાથે રોકડ, ઘાસ, કપાસીયા અન્ય રીતે આપી શકાય તેવી રીતે મદદ મોકલી મોકલાવી સંસ્થાના મુંગા, અબોલ પ્રાણીઓના આર્શીવાદ મેળવે એજ વિનંતિ.

મદદ મોકલવાનું સ્થળ :
શ્રી ઇડર પાંજરાપોળ સંસ્થા
જુનાબજાર, ઈડર.
(સાબરકાંઠા) એ. પી. રેલ્વે.

જીવણલાલ માણેકલાલ શાહ
માનદ વહીવટદાર
ઇડર પાંજરાપોળ સંસ્થા.

# શ્રી જૈન પ્રગતિ મંડળ-પાલીતાણા

**જૈન** યુવકોમાં ગતિશીલ વિચારધારા રેડી સાધર્મિક સેવા અને શાસન પ્રભાવનાના રચનાત્મક કાર્યોમાં રસ લે છે.

**પ્રગતિના** સોપાન સમા સેવા કાર્યોમાં ખાસ પ્રગતિશીલ પ્રવચનો, આધ્યાત્મિક વ્યાખ્યાનો, ધાર્મિક ઉત્સવો, સામાજિક પ્રવૃત્તિઓ, યાત્રિકોને માર્ગદર્શન વગેરે કાર્યો વ્યવસ્થિત રીતે યોજે છે.

'મંડળ'ને સેવાકાર્યમાં પ્રોત્સાહિત કરવા અને સાધર્મિક ભક્તિની તક આપવા જૈન સમાજને અનુરોધ કરે છે.

પર્યુષણ પર્વ પ્રેરણા રૂપ બનો

ઓફીસ :—
મુખ્ય બજાર,
પાલીતાણા

પ્રમુખ : ડૉ. ભાઇલાલ એમ. બાવીશી M.B.B.S.
મંત્રીઓ : શ્રી માણેકલાલ કે. બગડીયા B.Sc.B.T.
,, : શ્રી શામજીભાઇ બી. શેઠ

સંવત્સરીના સંદર્ભમાં—

# વેર–ઝેર વમ્યા–શમ્યા !

લે. ડૉ. ભાઇલાલ એમ. બાવીશી M.B.B.S. પાલીતાણા

સંસારમાં વેર-ઝેર, વ્યક્તિ વ્યક્તિ વચ્ચે, કુટુંબ કુટુંબ વચ્ચે, સમાજ કે રાષ્ટ્રો વચ્ચે, હરહંમેશા ચાલ્યા કરતા હોય છે, જે એક બીજાના સ્વાર્થ માટે કે પોતપોતાના હિત કાજે હોઈ, પરિણામે કષાય પ્રેરિત ઘર્ષણો કે ઝઘડા ઉદ્ભવે છે. અજ્ઞાની કે ઓછી સમજણવાળા લોકો એમાં ઉંડા ઉતરી જાય છે અને વેર વધતા ઝઘડા તિવ્ર બને છે. જે હિંસામાં પણ પરિણમે છે; જ્યારે જ્ઞાની કે સમજુ માણસો, વિચાર કરી શાણપણ દાખવે છે અને સદ્ભાવપૂર્વક સમાધાન કરે છે. 'કજીયાનું મોં કાળું !' એમ સમજી પતાવે છે અને કડવો ઘૂંટડો ગળી જઈ સહન કરી લે છે ને પરસ્પર વેર–વિરોધ વધતો અટકાવે છે. સંસારમાં આમ સંઘર્ષની વણઝાર આગળ ધપ્યે જાય છે....કાં ઝઘડો આગળ વધે છે; અથવા સમાધાન થતાં શાંતિ પ્રસરે છે ! વેર-ઝેરનું વિષચક્ર એમ ચાલ્યા જ કરે છે.

આજકાલના ભૌતિક ને ભ્રામક વાતાવરણમાં, સ્વાર્થમાં ખૂંચેલા, સત્તામાં રમ્યા–પચ્યા, અને અહંભાવમાં ઓતપ્રોત લોકો પોતાના થોડા પણ સ્વાર્થ માટે પારકાને ઘણું નુકશાન કરતા અચકાતા નથી, એટલે વેર-ઝેર ને ઝઘડાનું વાતાવરણ સહજ બની જાય છે. નાની શી ચિનગારી મ્હોટી જ્વાળા પ્રસરાવે એમ નાના ઝઘડામાંથી મ્હોટાં ઘર્ષણો–લડાઈઓ પ્રસરે છે, પછી તો ખટપટ, કપટ, વેર-વિરોધ, સાચ–જૂઠ, બોલા–ચાલી, ગાળાગાળી અને મારઝૂડ સુધી ઝઘડો પહોંચે અને છેવટ, અદાલતમાં જવાનો સમય આવે ! પરિણામે પરસ્પર અબોલા–અણબનાવ ઊભા થાય, કુટુંબો વેર–વિખેર થઈ જાય અને વેર-ઝેરની જ્વાળામાં એખલાસ અને આનંદનું વાતાવરણ ખાખ થઇ જાય; સંસાર જાણે સત્યાનાશને આરે આવી ઊભો ! જો કોઇ ડાહ્યા ને સમજુ માણસની દખલગીરી કે દરમ્યાનગીરી મળી જાય તો વળી સમજણ–સમજૂતી સમાધાન થઈ જાય ! પરસ્પર વેર–ઝેર વમ્યા છતાં શમી જાય ને શાંતિ પ્રસરે–આનંદનું વર્તુલ સર્જાય ! આવો છે ક્રમ આજના જગતનો ....સંસારનો !

આ વેર-ઝેરના વિષમાંથી બચવું હોય, અંતરની અંતરતમ શાંતિ પામવી હોય, સંસારમાં સદ્ભાવ ને સમતાનાં અમી સિંચવા હોય તો પ્રબળ પુરૂષાર્થ, સબળ સહનશીલતા, પૂરી પરોપકારવૃત્તિ અને ખમી ખાવાની ખુમારી દિલમાં કેળવવાં પડશે–અપનાવવાં પડશે જે માટે વિશિષ્ટ ને ઉપકારી વ્યક્તિઓ–વિભૂતિઓ હોવી જરૂરી છે. એટલા માટે ઉપરોક્ત ક્લિષ્ટ વાતાવરણને ભેદવા–છેદવા, અને દાનવી-પાશવી વૃત્તિને ડામવા–દાબવા તેમજ માનવ–માનવમાં મમતા–સદ્ભાવ સિંચવા–પ્રેરવા જગતમાં અવતારી પુરુષો અવતરે છે, જેઓ સંસારના સંકટો સહી દેહના દમન કરી, નીતિ–સચ્ચાઈ આચરી, આત્માને ઓળખી, સંસારમાં પ્રેમ–મૈત્રી ને ક્ષમા, સંયમ-સદાચાર ને સદ્ભાવ, કહો કે દાન-શીલ-તપ ને ભાવના ભાવતા પ્રસારી સહુ જીવોને સન્માર્ગે દોરે છે–ઉદ્ધારે છે.

અંતરમાં આ વિચારધારા વહી રહી છે, ત્યારે પરમપુરુષ, મહામાનવ, અદ્વિતીય આત્મા, જગદ્ઉદ્ધારક, પરમોપકારી પ્રભુ મહાવીરનું પ્રેરણાદાયી સ્મરણ થઇ આવે છે ! ભગવાનના જીવનના વેર-ઝેરને વમતા ને શમતા વિરલ પ્રસંગો

મનોપર તરી આવે છે, જે આજના શાંતિ-શોધક ને સમતાપ્રિય વર્ગને ઉપકારક અને ઉપયોગી હોઈ, ટાંકવા લલચાઉં છું. વળી થોડા જ સમય પછી જ્યારે પર્યુષણના પ્રેરક પર્વો અને એની કલગી સમો સંવત્સરી-દિન આપણને સૌને ક્ષમા ને મૈત્રીનો, સમતા ને સમભાવનો, શાંતિ ને સદ્ભાવનો અને દેવ-ગુરુ-ધર્મને અનુસરવાનો શુભ સંદેશ પહોંચાડવા ને પ્રેરણા પાવા આવી રહેલ છે ત્યારે પ્રભુજીના પ્રસ્તુત પ્રેરક પ્રસંગો વિશેષ વિચારણીય બની રહે છે.

આપણે જાણીએ છીએ સંસારી શ્રી વર્ધમાન-કુમાર રાજ્ય-વૈભવ ને અઢળક સંપત્તિ ત્યાગી, શાશ્વત સુખની શોધમાં....સંસાર છોડી, સંયમ સ્વીકારી, સાધનાને પંથે પડે છે, અને રાગ-દ્વેષ કષાયને જીતી જીવન-જંગમાં વિજયી નિવડે છે ત્યારે વૈરવૃત્તિથી પ્રેરાઇ સંગમદેવ ભગવાનને સાધના ને સંયમને રસ્તેથી ચ્યુત કરવા અનેક પ્રતિકૂળ-અનુકૂળ ઉપસર્ગો કરે છે.

સામાન્ય માનવી તો શું, સંયમમાં સ્થિર સંત પણ ઘડી-બેઘડી ચળી જાય-પડી જાય એવા કંઈક પીડાકારી ને દુઃખદાયી પ્રસંગો એ દેવ સર્જે છે તેમજ લલચાવે-લપસાવે એવા પણ આકર્ષક-મોહક પ્રસંગો પણ યોજે છે. પરન્તુ પ્રભુ મહાવીર, છદ્મ અવસ્થામાં કોઇ પણ પ્રત્યે વેર-ઝેર કે હર્ષ-શોક સેવતા નથી. એ તો વૈરાગ્ય ને ત્યાગથી રંગાયેલા સૌ જીવો પ્રત્યે પ્રેમ-ક્ષમા-મૈત્રી દાખવે છે. સંગમદેવ પ્રતિ પણ જરાયે ક્રોધ કે દ્વેષ ન દાખવતાં કરુણાદષ્ટિ રાખી, એને કર્મબંધ થતાં અવગતિ પામશે એવો દયાભાવ ચિંતવે છે, એનું પણ શુભ ચિંતવે છે. 'પ્રેમ' પાસે પત્થર પણ પીગળી જાય! ક્ષમાના નીરમાં ક્રોધ કે વૈરનો ઉત્કટ અગ્નિ પણ શમી જાય! સંગમ દેવ પણ આખરે હતાશ-નિરાશ થઈ પોતાની હાર કબૂલે છે, પ્રભુને ચરણે નમી પડે છે, વારંવાર ક્ષમા યાચે છે! વાહ! પ્રભુ, વેર-ઝેર વમતા આત્માને ક્ષમાભાવે અપનાવી કેવું વેર-ઝેરનું શમન કરે છે! વંદન હોજો એ વીરને જે વૈરીને પણ ઉદ્ધારે છે, અને સન્માર્ગે વાળે છે.

બીજા વેર-ઝેરના વમન-શમનનો પ્રસંગ છે દૃષ્ટિવિષ સર્પ ચંડકૌશિકનો. આ ઝેરીલો સાપ એટલે જંગલમાં જેની હાક બોલે, એકજ દૃષ્ટિ ફેંકે ને કંઇ જીવ-જંતુ, પશુ-પક્ષી બળી-જળી જાય. એકજ ફૂત્કાર ને માનવી મરણને શરણ થાય. એટલે તો એના રાફડા પાસે કે આજુ-બાજુ કોઈ ફરકે જ નહિ. કોઈ હીંમતબાજ પણ એની નજીક જવાની હીંમત કરે નહિ આવા નિર્જન ને જોખમી વન-વગડામાં જતાં ગોવાળિયાઓએ ચેતવવા છતાં પ્રભુ મહાવીર ત્યાંજ-તે તરફજ વિહાર કરવાનો નિર્ણય કરે છે. મક્કમપણે ને ઇરાદાપૂર્વક આગળ વધે છે અને ચંડકૌશિકના રાફડા પાસે જ નાસિકાગ્રે ધ્યાન ધરી કાઉસગ્ગ-મુદ્રામાં સ્થિર થાય છે, ત્યાં તો ચંડકૌશિક સર્પ આવા મોતના મુખમાં જાણી જોઈને પડનાર મરજીવાને જોતાંજ ક્રોધાગ્નિ વેરતો ધસી આવે છે ને ધૂંવા-ફૂંવા થતો પ્રભુને અંગુઠે ડંખ દે છે, પરન્તુ ન તો પ્રભુ વાર ડગે છે-કે ન એમની પ્રશાંત મુખમુદ્રા બદલાય છે. ચંડકૌશિક તો એકધારો જોઇ જ રહ્યો--એજ પ્રસન્ન ચિત્ત, ને એજ શાન્ત મુખમુદ્રા! અને અંગુઠેથી તો લોહીને બદલે દૂધ વહી રહ્યું! વાહ! ક્રોધમાંથી જાણે કરુણા જન્મી! ચંડ-કૌશિક મનોમન વિચારી રહ્યો—"વાહ રે! માનવી, અરે મહામાનવ, પરમપુરુષ પરોપકારી આત્મા, ધન્ય છે ત્હને! ડંખથી તો ન ડર્યો પરન્તુ ગુસ્સો પણ ન કર્યો, ક્રોધ પણ ન વેર્યો! ઊલટું મ્હારા ક્રોધ પ્રત્યે કરુણા દાખવી રહ્યો છે! દરિયાવદિલ, દયા દાખવી રહ્યો છે!

ત્યાં તો પ્રભુવીર, ચંડકૌશિકના દિલમાં સમતાના ભાવ ઉભરાતા જાણી, અને પશ્ચાતાપની ઉર્મિઓ ઉછળતી જોઇ, પ્રેમપૂર્વક કહી રહ્યા, "ચંડ, સમજ, સમજ, ત્હારાં પૂર્વભવનાં કુકર્મો યાદ કરી, સદ્વૃત્તિ કેળવી લે. વેર-ઝેર તો ઘણાં કર્યાં, હવે સમતાના અમૃત-પાન કરી લે. વૈર-દ્વેષાદિ છોડી ક્ષમા-ભાવ ધરી લે, પ્રાયશ્ચિત કરી મુક્તિને માર્ગે પ્રયાણ કર....તરી જા...." અને ચંડને પૂર્વભવનું અને કર્યાં કર્મોનું ભાન થયું. પશ્ચાતાપ કરતો, પ્રાયશ્ચિત આદરતો, શાંત પડી રહ્યો! ક્ષણ બે ક્ષણ....ને ચંડકૌશિકમાં પ્રબળ પરિવર્તન પ્રસરી રહ્યું! ક્રોધને ઠેકાણે પ્રેમ અને વૈરને બદલે મૈત્રીભાવ એના દિલમાંથી ઉભરાયા. જે લોકો એનાથી ડરતા--ભાગતા તે આજે એને છંછેડવા-મારવા લાગ્યા. છતાં પ્રભુવીરને પ્રતાપે બુઝેલો સાપ સમતા સેવી રહ્યો, શાંતિ વેરી રહ્યો. પછી તો સમભાવમાં મરણ પામી એ દેવલોકમાં ગયો. વાહ, વીર, તમે વૈરીને પણ સન્માર્ગે વાળ્યો ને ઉદ્ધાર્યો એને! એ તો ધન્ય બની ગયો.... જગતે પણ પ્રભુને ચરણે શિર ઝુકાવી ધન્યતા અનુભવી........

પ્રભુ જીવનના અનેકમાંથી માત્ર આ બે જ પ્રસંગો, વીરની વૈરી પ્રત્યેની કરુણા, દુશ્મન પ્રત્યે મૈત્રીભાવ, અને ક્રોધી પ્રત્યે ક્ષમા આદિ ગુણો દ્વારા આપણને જીવનમાં જાણવાનું આચરવાનું કહી જાય છે.

આજકાલ આપણે રોજ-બ-રોજ, જીવનને તબક્કે તબક્કે, વ્યવહારમાં પળે પળે, નાનાં-મોટાં કામોમાં અનીતિ-અનાચાર આચરી અનેકને અન્યાય ને અહિત કરીએ છીએ જેમાંથી ઉદ્ભવતા વૈર-ઝેરના કારણે, કંઇક કજીયા-કંકાસ ને ઘર્ષણોમાં આપણે સરી પડીએ છીએ, ફસાઇએ છીએ. આ સંદર્ભમાં થોડાજ દિવસોમાં પવિત્ર સંવત્સરી પર્વ પ્રભુ મહાવીરનો 'ક્ષમા ને મૈત્રી'નો સંદેશો લઇને આવે છે ત્યારે પ્રભુ મહાવીરના જીવન પ્રસંગો લક્ષ્યમાં લઈ, કોઇ પણ પ્રત્યે વેર-ઝેર હોય તો, એને ફગાવી દઇએ, સૌ જીવો પ્રત્યે પ્રેમ વહાવીએ, પ્રત્યેક સાથે મૈત્રા-ગાંઠે બંધાઇએ, અને સંસારમાં સમતા-સદ્ભાવ ને શાંતિ દ્વારા સાચા સુખની સરવાણીઓ વહાવીએ.......

ઉપરોક્ત હકીકતોના સંદર્ભમાં, વર્તમાન વૈમનસ્યભર્યા અને વેર-વિખેર વાતાવરણમાં શુદ્ધિ અને સચ્ચાઇ, મમતા અને મૈત્રી લાવવી હોય તો રાજકીય કક્ષાએ પણ નેતાઓ, આગેવાનો ને પક્ષો પરસ્પર સદ્ભાવ દાખવે, સામાજિક સ્તરે અગ્રણીઓ ને મોવડીઓ પરસ્પર સંપ ને સંગઠન કેળવે, સાધુ-શ્રમણ સમાજ આંતરિક મતભેદો ભૂલી ક્ષમા-ઐક્ય સ્થાપે અને સહયોગ સાધી શાસન-પ્રભાવના કરી, અને વ્યક્તિઓ કે કુટુંબો એક-બીજાના મન-દુઃખોના માફા-માફી કરી, વેર-ઝેર અળગા કરી, સહકાર ને પ્રેમ ભાવથી વર્તે તો સંસારમાં શાંતિ, સંપ, સહકાર ને સંગઠનની સુંદર ભૂમિકા રચાય, અને અનેક કલ્યાણ-કાર્યો થાય તો જ સમાજનો, શાસનનો ને રાષ્ટ્રનો જયજયકાર થાય!

ત્યારે જ કહેવાશે કે પ્રભુ વીરના જીવન પ્રસંગોએ પ્રેરણા આપી જેથી સર્વત્ર સંસારમાં ભલે વેર-ઝેર વધ્યા પણ આખરે શમ્યા.

**शिवमस्तु सर्वजगत: ॥**

# શ્રી તાલધ્વજ તીર્થમાં ઇંટયજ્ઞની
# મહાન સિદ્ધિ

## તીર્થોદ્ધારનાં મહાન કાર્યો

શ્રી સિદ્ધાચલ તીર્થની અષ્ટમી ટુંક શ્રી તાલધ્વજ તીર્થ પ્રાચીન અને ઐતિહાસિક ભવ્ય તીર્થ છે. આ તીર્થનો ઉદ્ધાર છેલ્લા ૧૩ વરસથી ઈંટ યજ્ઞની યોજનાથી ચાલુ છે અને મહાન કાર્યો થયાં છે. જૈન ધર્મશાળા, જૈન ભોજનશાળા, આયંબિલશાળા, ઉપાશ્રય, જ્ઞાન મંદિર, ગિરિરાજ ઉપર ચડવાનાં પગથિયાં, સ્નાનગૃહ, શ્રી જૈન શ્રાવિકા ઉપાશ્રય લગભગ પાંચ લાખના ખર્ચે બંધાયા છે. અને હાલમાં બંધાઇ રહેલા શ્રી મલ્લિનાથ જિનાલય તથા શ્રી ચૌમુખજી દેરાસરનું બાંધકામ ત્રણ લાખના ખર્ચે ચાલુ છે. આપની ઈંટ મુકાવી તીર્થોદ્ધારમાં આપનો નમ્ર ફાળો આપવા વિનંતી.

## રૂ. બસો એકાવન નીચે મુજબની યોજનામાં આપવાથી

**રૂા. ૨૫૧**
એક ઈંટ

**આપનું શુભ નામ આરસની સળંગ તકતીમાં લખવામાં આવશે.**

૧. શ્રી મલ્લિનાથ જિનાલય, ચૌમુખજી દેરાસર, કેસર, સુખડ વગેરે સાધારણ, બાંધકામ ફંડ...

૨. શ્રી તાલધ્વજ જૈન પાઠશાળા મકાન બાંધકામ ફંડ...

૩. શ્રી ગિરિરાજ ઉપર કેસર, સુખડ, સેવા-પૂજા, કપડાં, બાંધકામ ફંડ આ મકાનમાં હોલમાં રૂા. ૫૦૦૧) આપનારની કેસર સુખડ હોલમાં મોટી તકતી મુકાશે, રૂા. ૫૦૦૧) આપનારની સેવા પૂજા ક્રમશ હોલમાં મોટી તકતી મુકાશે.

શ્રી મલ્લિનાથ જિનાલય ચૌમુખજી દેરાસર બાંધકામ ફંડમાં દેરાસરજીનાં દેવ દ્રવ્યના ટ્રસ્ટોમાંથી તીર્થક્ષેત્રમાં જીર્ણોદ્ધાર રૂપે બંધાતા તીર્થની તળેટીના દેરાસરમાં લાભ લેવા વિનંતી. દેરાસરનું કામ પૂર્ણ થવા આવ્યું છે. પ્રતિષ્ઠાની તૈયારી છે. અમૂલ્ય લાભ ઉલ્લાસર લેવા નીચેનાં સ્થળે પત્ર વ્યવહાર કરો. અથવા રૂબરૂ પધારવા વિનંતી.

ઠે. બાબુની જૈન ધર્મશાળા
પેઢી
**તળાજા** (સૌરાષ્ટ્ર)

**શ્રી તાલધ્વજ જૈન શ્વે. તીર્થ કમિટી**
ફોન નંબર ૩૦

# શ્રી હેમચંદ્રાચાર્યનું જીવન અને કવન

લે. શ્રી વિજયરાય ક. વૈદ્ય

ગુજરાતની પ્રજાના આ મહાન જ્યોતિર્ધર સંબન્ધી મુનિશ્રી પુણ્યવિજયજીએ કહ્યું છે :

"ભગવાન શ્રી હેમચંદ્રાચાર્યના જીવનમાં જો કાંઇ પણ ખાસ વિશેષતા હોય તો એ જ છે કે એમણે લૂખા સંપ્રદાયનો આશ્રય ન લેતાં શ્રમણ ભગવાન વીર વર્ધમાને બહુમાન્ય કરેલ ત્યાગ, તપ અને સમભાવ-સ્યાદ્વાદ ધર્મને પોતાના જીવનમાં ઉતારી જૈન ધર્મનાં વાસ્તવિક તત્ત્વો અને સંસ્કારો ગૂજરાતી પ્રજાની વ્યક્તિ-વ્યક્તિના જીવનમાં વ્યાપક બને એવો માર્ગ લીધો હતો."

(સ્વ. ધૂમકેતુકૃત "શ્રી હેમચંદ્રાચાર્ય"નું આમુખ, પૃ. ૧૫)

એવા અલૌકિક પ્રતિભાવાન એ મહાપુરુષ સૌરાષ્ટ્ર અને ગુજરાતના સીમાડાએ વસેલા ધંધુકા નગરમાં જન્મ્યા હતા. શ્રેષ્ઠી ચાચિંગદેવ તેમના પિતાનું નામ અને પાહિનીદેવી તેમની માતાનું નામ હતું.

બાળકનું નામ ચંગદેવ રાખવામાં આવ્યું હતું. આ નામની વ્યુત્પત્તિ "રાસમાળા"માં (ભા. ૧, પૃ. ૨૫૩) આ રીતે અપાઈ છે: એ કુંટુબની કુળદેવી 'ચામુંડા' હતી અને કુળદેવ 'ગોનસ' હતા. આ પ્રત્યેકના નામનો પ્રથમાક્ષર લેતાં 'ચગ' શબ્દ બને, જેને સાર્થ કરવા અનુસ્વાર ઉમેરીને 'ચંગ' (ઘંટા) એવો શબ્દ પ્રયોગ યોજાયો. આ વિચાર બિંદુ લંબાવીને એમ કહી શકાય કે એ મનોહર તેજસ્વી બાળક જિનશાસનનો પ્રબળ ઘંટારવ દેશભરમાં કીર્તિ પામે તેવી રીતે કરવા પૃથ્વી પર અવતરેલો દેવી શક્તિમાન આત્મા નીવડ્યો માટે તેનું ચંગદેવ એવું નામ સર્વાંશે યથાર્થ ગણાય. એ બાળક આઠ વર્ષનો થયો ત્યારે દેવચંદ્રસૂરિ નામે જૈનાચાર્ય વિહાર કરતા કરતા ધંધુકામાં આવ્યા. એ આત્મદર્શી સાધુપુરુષે ચંગને જોતાં જ તેનું સમુજ્જવલ ભાવિ જોઇ લીધું ને કીધું પાહિની દેવીને એ ગૂઢ રહસ્ય, પિતાની ગેરહાજરી છતાં વહાલસોઇ માતાએ, કાંઇક આનાકાની પછી બાળક ગુરુચરણે ધરી દીધો. ગુરુજી હર્ષ પામતા તેને સ્તંભતીર્થ–ખંભાત લઇ ગયા. ત્યાં ઉદયન મંત્રીના નિવાસસ્થાને એને રાખ્યો. થોડા દિવસે, પરગામ ગયેલા તેના પિતા ત્યાં આવ્યા, ધંધુકામાં આ ગ્લાનિકારક બિના જાણ્યા પછી પણ પિતાએ ગુરુની આજ્ઞા માની એટલે ચંગદેવને તેની નવની ઉમરે દેવચંદ્રસૂરિએ દીક્ષા આપી એને સોમચંદ્ર નામ ધરાવ્યું, કેમ કે તેની મુખ મુદ્રા સૌરમ્ય હતી.

એમ બ્રહ્મજન્મ થતાં સોમચંદ્રની સાધના પ્રતિદિન શુકલપક્ષના ચંદ્રની જેમ વિવર્ધમાન થઇ અને સોળની ઉમરે સૂરિપદની પ્રાપ્તિ તેને ગુરુકૃપાએ થતાં તેને હેમચંદ્રસૂરિ એવું નામ મળ્યું. વચગાળાના વર્ષોમાં એ યુવાને મૌન-વ્રત દીર્ઘકાળ સુધી પાળીને વિદ્યા વૃદ્ધિ કરી હતી. ત્યાર લગીના સર્વ ઉત્તમ શાસ્ત્રોનું–વ્યાકરણ અને યોગનું, કાવ્ય, ન્યાય તત્ત્વજ્ઞાનનું, પુરાણોનું, ઇતિહાસનું, શબ્દશાસ્ત્રનું–અગાધ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. આચાર્ય હેમચંદ્રે સાધના બળે તેમ જ વિશાળ પાંડિત્યના પ્રભાવે સર્વ-ધર્મ સમન્વયની જે દૃષ્ટિ પ્રાપ્ત કરી હતી, તેવી રાજાધિરાજ સિદ્ધરાજની હતી. આ કારણે બંનેને મન-મેળ સારો હતો. આચાર્યશ્રીના "દ્વયાશ્રય" મહાકાવ્યને હસ્તિ પર બિરાજમાન કર્યાનું માન એ કદરદાન રાજવીએ આપ્યું હતું.

આચાર્યશ્રીની પૂર્વોક્ત લોકકલ્યાણકારી દૃષ્ટિ, પોતે સોમનાથનાં દર્શને ગયા ત્યારે સ્તુતિનો જે શ્લોક રચ્યો તેમાં મૂર્ત થઈ છે. એ શ્લોકનો ભાવાર્થ આવો છે :

“ગમે તે સ્થળે, ગમે તેવા સમયે, તમે ગમે તે હો અને ગમે તે નામથી ઓળખાતા હો, પણ જો મળદોષથી રહિત હો તો તે એક એવા આપ ભગવાનને નમસ્કાર હો.

“ભવના બીજ અંકુરના કારણ રૂપ એવા, રાગ આદિ જેના ક્ષય થઇ ગયા છે એવા તે વિષ્ણુ હો, બ્રહ્મા હો કે મહેશ્વર શંકર હો, તેને નમસ્કાર હો.”

સિદ્ધરાજના ઉત્તરાધિકારી મહારાજા કુમારપાળની, જેણે આચાર્યના ઉપદેશનું રહસ્ય સમજી લઇને જૈન ધર્મ સ્વીકાર્યો હતો તેની રાજસભામાં પણ આ મહાપંડિતને ઊંચું સ્થાન હોય અને હતું એ સર્વથા સ્વાભાવિક છે. સુપ્રસિદ્ધ ‘અમારિ ઘોષણા’ એ સમયે થઈ હતી.

શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે સાહિત્યને કરેલા અત્યંત મૂલ્યવાન પ્રદાનનો પરિચય ટૂંકામાં આપતાં કવિ સોમપ્રભસૂરિએ કહ્યું છે : “જેણે નવું વ્યાકરણ નવું મનઃશાસ્ત્ર, નવું દ્વયાશ્રય રચ્યું, નવાં શાસ્ત્રો અલંકાર યોગ તથા તર્કનાં રચ્યાં જેણે જિનવરાદિનાં નવાં ચરિત્રો પણ રચ્યાં છે, તેણે એ ગ્રંથસમૃદ્ધિમાંના જ્ઞાને કરીને કઇ કઈ રીતે આપણો મોહ દૂર કર્યો નથી ?”

આ શબ્દોમાં કવિ સોમપ્રભસૂરિએ આચાર્યશ્રીના જે ગ્રન્થરાશિની સર્વથા યોગ્ય પ્રશંસા કરી છે, તે વિપુલ વાઙ્મય આમ અષ્ટવિધ છે.

૧. વ્યાકરણ : સવાલાખ શ્લોકનું સિદ્ધહેમ. આમાં પ્રાકૃત તથા અપભ્રંશના ઉદાહરણ પણ છે.

૨. કોષ : (૧) અમરકોષ પર આધારિત અભિધાનચિન્તામણિ (૨) અનેકાર્થસંગ્રહ : વનસ્પતિવિષયક નિઘંટુ શિક્ષા (૩) દેશીનામમાલા : પ્રાકૃત, સભાષ્ય.

૩. પિંગલ : સંસ્કૃત, પ્રાકૃત તથા અપભ્રંશના છન્દો વિષેનું સટીક છન્દોનુશાસન.

૪. કાવ્યશાસ્ત્ર : “અલંકારચૂડામણિ” અને “વિવેક” નામની ટીકાઓ સહિતનું, મમ્મટાચાર્યાદિ આલંકારિકોના ગ્રન્થોના આધાર પર રચાયેલું કાવ્યાનુશાસન.

૫. તર્કશાસ્ત્રનો ગ્રન્થ નામે પ્રમાણમીમાંસા.

૬. મહાકાવ્ય : દ્વયાશ્રય અને કુમારપાલચરિત. આ અનુક્રમે ૨૦ તથા ૮ સર્ગનાં બે સંસ્કૃત–પ્રાકૃત ઇતિહાસકાવ્યો છે. બંનેમાં વ્યાકરણના નિયમો પણ સમાવ્યા છે.

૭. ચરિત્રગ્રન્થ : (૧) ત્રિષષ્ટીશલાકાપુરુષચરિત. એના ૩૨,૦૦૦ શ્લોકોમાં ૬૩ જૈન નરોત્તમોની ચરિત્રગાથા છે. (૨) પરિશિષ્ટપર્વ. સાડાત્રણ હજાર શ્લોકોનું આ છે. (૩) મહાવીરચરિત.

૮. પ્રકીર્ણ : યોગશાસ્ત્ર તથા સ્તોત્રો.

આવો ગ્રંથરાશિ જે જ્ઞાનમૂર્તિ વાઙ્ગમય–વિભૂતિનો છે, જેનું જીવન કવન ઉભય અખંડ પ્રેરણાઓને વહ્યું છે, હંમેશ જ વહેશે, એ કલિકાલ સર્વજ્ઞને આ પવિત્ર પર્યુષણ પ્રસંગે આપણી વંદના હો !

# વીતરાગ ભાવ

લે. અમરચંદ માવજી શાહ.-તળાજા

હે વીતરાગ ! હે સર્વજ્ઞ ભગવાન !

આપના વિયોગમાં હું આપના સિદ્ધસ્વરૂપ અરૂપી સ્વરૂપનું ધ્યાન નિરાવલંબન યોગથી ધરવાને અશક્ત છું. આપનું સ્થિર સ્વરૂપ અનંતજ્ઞાન, અનંતવીર્ય *અવ્યાબાધ* સ્વરૂપપણે સિદ્ધ અવસ્થામાં પ્રકાશીત છે, આપ અગુરુ લઘુ અમૂર્ત સ્વરૂપે સ્થિત છો. આપનાં એ વીતરાગી સહજ સ્વભાવનું આલંબન આપની પ્રતિમામાં આપનાં નામની સ્થાપના કરીને હૃદયનાં ભાવથી આપનાં અનંત ગુણોનું સ્મરણ કરૂં છું.

આપ તો વીતરાગી છો, જ્યારે હું સરાગી પામર છું. આપ મોક્ષ સ્થિત છો, ત્યારે હું સંસાર સ્થિત છું. આપ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનિય નામ-ગૌત્ર આયુષ્ય અને વેદનિયથી રહિત છો. જ્યારે હું એ આઠે કર્મથી સહિત છું.

મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતી કષાય અને યોગ આ પ્રત્યયોનુ પરિણમન મારા આત્મદ્રવ્યનાં પ્રમત્ત ભાવમાં સમયે સમયે થઈ રહ્યું છે. અનાદિ અનંત કાળથી હું આ વિભાવોમાં પરિણમી સંસારમાં અનંત પ્રકારનાં દુઃખમાં સ્વદોષથી પાપથી ભ્રમણ કરી રહ્યો છું. ચોરાશી લાખ જીવયોનીમાં દેવ મનુષ્ય તીર્યંચ નરક ગતિનાં પર્યાયમાં જન્મ મરણ કરી રહ્યો છું અને સુખ દુઃખનાં નાટકમાં મોહ રાગ દ્વેષથી નટની જેમ નાચી રહ્યો છું.

પુદ્દગલકર્મ જે પરિણામી સ્વભાવી છે તે સમયે સમયે પરિણમ્યા કરે છે, તેમાં મારો અજ્ઞાનભાવ મિથ્યાત્વથી નિમિત્ત થાય છે, અને ઇષ્ટ અનિષ્ટમાં સંકલ્પ વિકલ્પ કરી રાગ દ્વેષે, હર્ષશોક, કરી એ પુદ્દગલોનું પરિણમન થવામાં નિમિત્ત થાય છે, અને એ પ્રમત્ત ભાવનું નિમિત્ત પામી એ. પુદ્દગલો એક ક્ષેત્રાવગાહ આત્મદ્રવ્યની સાથે પરિણમી જઈ કર્મ રૂપે બંધાય છે અને તેનો સમયે સમયે ઉદય થાય છે; અને તેનો પ્રભાવ પ્રદર્શિત કરે છે, અજ્ઞાન આત્મા મિથ્યાત્વથી મોહાધિન થઈ એ પુદ્દગલ રૂપમાં પુનઃ પુનઃ રાગદ્વેષથી જોડાઈ, નવીન કર્મ-ઉપાર્જનમાં નિમિત્ત થાય છે. આ નિમિત્ત નૈમેત્તિક સંબંધથી-ચેતન આત્મા અને જડ પુદ્દગલો પોતપોતાના સ્વભાવ પર્યાયમાં વિભાવ દશામાં-ખેલી રહ્યા છે.

હે ભગવાન ! સદ્દગુરુઓની કૃપાથી મને આપનું વીતરાગી સર્વજ્ઞ સ્વરૂપ-સમજાયું છે, એ સ્વરૂપ મારે પ્રાપ્ત કરવું છે. નિશ્ચયથી હું આપના જેવોજ શુદ્ધ આત્મા છું. મારા જ્ઞાનાદિ અનંત ગુણો સહિત છું અને અત્યારે અજ્ઞાન પર્યાયમાં હું કર્મને આધિનપણે આ દેહમાં પરિણમી અનંત દુઃખનું વેદન કરી રહ્યો છું.

વીતરાગભાવમાં પરિણમેલો આત્મા વીતરાગી થાય છે. રાગભાવમાં પરિણમેલો આત્મા રાગી થાય છેઃ રાગી આત્મા કર્મનો બંધક છે, વીતરાગી આત્મા સંવર રૂપ છે. સામાયિક રૂપો સમયે સમયે પ્રમત્તભાવમાં આત્મા અનંતપ્રકારનાં-દુઃખમય ક્લેશમય-કર્મો અજ્ઞાનતાથી બાંધે છે અને તેના ઉદયકાળમાં ભોગવતી વખતે હર્ષશોક કરી-દુઃખી સુખી પોતાને માને છે. આ માન્યતા એજ અજ્ઞાન છે-આત્માનુ સ્વરૂપ વીતરાગભાવ છે. વીતરાગ અવસ્થા એ આત્માની શુદ્ધપર્યાય છે, શુદ્ધજ્ઞાન તેનો ગુણ છે, અને આત્મા ચેતન દ્રવ્ય છે.

પર્યાયનાં ઉત્પાદ વ્યયમાં એ નાટક ભજવાય છે, પોતે અજર અમર શાશ્વત છતાં, પોતે મરી ગયો, પોતે દુઃખી થયો તેમ માને છે. આત્મા તો માત્ર જ્ઞાનદશામાં કે અજ્ઞાન દશામાં જ્ઞાતાદૃષ્ટાપણે જ સ્થિર છે. અવળી માન્યતાથી જ સંસાર છે, સંસાર છે ત્યાંજ દુઃખ છે એનાં ત્યાગમાં જ સર્વસુખ છે.

સંસારના પ્રાણીઓ-આત્માઓ-ખાવુ-પીવું-મોજ-મજાહ વિ. પુદ્દગલનાં પર્યાયમાં સુખ માને છે જે

વેદનિય-મોહનીય કર્મનું ફળ માત્ર છે તેમાં સુખદુઃખની કલ્પના કરે છે, ધનમાં સુખ માને છે, માનમાં મોટાઇ માને છે. માયામાં બહાદુરી માને છે, લોભમાં આસકિતમાં તૃષ્ણામાં પરિગ્રહમાં સુખ માને છે. આ બધી મિથ્યા વાસનાઓ ભ્રમણાઓથી આ સંસાર કલેશમય બનાવી દીધો છે.

દાન એટલે ત્યાગભાવ-શિયળ એટલે સંયમભાવ, તપ એટલે નિર્જરાભાવ, ભાવ એટલે શુદ્ધસ્વભાવ એ પ્રાપ્ત કરવાના આ ચાર પાયા આપે દર્શાવ્યા છે, સાધન બતાવ્યા છે. પણ અમો તો વધુ-સંગ્રહ, વધુ ધમાધમ વધુ વાહવાહ વધુ પરિગ્રહનાં નાટકોમાં જ અટવાઇ ગયા છીએ. આપનું વીતરાગી સ્વરૂપ જ ભૂલી ગયા છીએ અને આપને પણ સરાગી જેમ કલ્પના કરી આપના સ્વરૂપને વિકૃત રીતે સમજીએ છીએ અને વીતરાગને બદલે સરાગ ધ્યાન ધરી ઐહિક સુખ સંપત્તિ માટે આંધળી દોટ મુકી, અજ્ઞાનમાં ફસાઇ રહ્યા છીએ.

આપ આત્મદ્રવ્યરૂપે નિત્ય શાશ્વત-અખંડ-ચિદ્ધાતુમય-નિરંજન સ્વરૂપ છો આપ સ્વભાવનાં કર્તા છો, આપ-કર્મ ઉપાધિઓ રહિત મુક્ત છો આપ જ્ઞાતા અને દ્દષ્ટાપણે આપના અનંત વીર્યમાં સિદ્ધાલયમાં-સુસ્થિતપણે છો મારૂં સ્વરૂપ પણ સમ્યક્દર્શન જ્ઞાન-ચારિત્રમય છે, પણ મિથ્યાત્વ અજ્ઞાન અને અવિરતીથી આવરણને પ્રાપ્ત થયેલું છે.

આપના ધ્યાન અને આલંબનાથી મારી વિભાવિક અજ્ઞાનદૃષ્ટિ સમ્યક્રૂપે પરિણમી જાય અને કર્મબંધ ઉદયનું નાટક જે સમયે સમયે ચાલે છે. તેનો હું માત્ર જ્ઞાતાદ્દષ્ટા રહી એ નાટક બંધ કરી, સમભાવમાં સ્થિર થવા સમતાયોગની સાધના કરી આપના અખંડ સ્વરૂપના આલંબનથી મારૂં અવ્યાબાધ સ્વરૂપ પ્રાપ્ત કરૂં અને વીતરાગભાવમાં પરિણમી સર્વજ્ઞ-સ્વરૂપ પ્રાપ્ત કરૂં એજ મારૂં આ માનવ ભવમાં ધ્યેય છે અને તેને માટેજ મારી સમયે સમયે સતત નિર્જરા રૂપ પ્રવૃત્તિથી હું આશ્રવ બંધનો નિરોધ કરૂં છું.

ચેતન અને જડ આ બેજ દ્રવ્યો જીવ અને પુદ્ગળ રૂપે નાચી રહ્યા છે. નિમિત્ત નૈમેત્તિક સંબંધથી પરસ્પર આકર્ષણ છે બન્ને દ્રવ્યો પરિણમન શક્તિવાળા છે. ચેતન જ્ઞાન દર્શન ગુણ યુકત ઉપયોગ મય છે, જડ શબ્દ રૂપ રસ ગંધ સ્પર્શમય અચેતન છે. મોહરાગ દ્વેષે અજ્ઞાન ભાવમાં આ ચેતન પોતાના સ્વરૂપથી રજૂ ન થઇ પરભાવ પરદ્રવ્યમાં પરિણમી વિષય કષાયનાં ચક્રમાં ગુંચવાઇ ગયો છે.

હે સર્વજ્ઞ વિતરણ ભગવાન ! આપની આ સમ્યક્ તત્ત્વદ્દષ્ટિ એજ મારા આત્માનાં કલ્યાણનું નિમિત્ત છે. મેં જે પૂર્વે કર્મો બાંધેલાં છે, તે ઉદયમાં આવવાનાંજ છે અને તે મારે જ્ઞાન દૃષ્ટિથી સમતા ભાવે સહી જ લેવાનાં છે, તેમાં પુનઃ રાગ દ્વેષ કરી નવો બંધ બાંધવો નથી પણ સકાય નિર્જરાજ કરવાની છે અને બંધનથી મુક્ત થઈ આપના વીતરાગી સ્વરૂપનેજ પ્રાપ્ત કરવું છે. આ સંસારનું ઉંચામાં ઉંચું સુખ-ઉંચામાં ઉંચું પદ પણ દુઃખ રૂપજ સમજું છું. એ સ્વરૂપના સુખમાં આ બધા સુખો તુચ્છ સમજું છું.

આપનાં એ વીતરાગ ગુણના આલંબનમાંજ મારો નિજાનંદ હો એમાંજ મારૂં પરિણમન રહો. એજ મારી સાધના હો, એજ મારી આરાધના હો. મારે મારા આત્માને શુદ્ધ બનાવવાનો પુરુષાર્થ મારે જાતેજ કરવાનો છે, મારે જગતની જંજાળમાં ફસાવું નથી.

નિર્વિતર્ક, નિર્વિચાર, નિર્વિકલ્પ નિર્વિકારા,
નિરંજન નિરાકાર, ભજમન ૐકાર અમરસાધના

જગત જગત સ્વરૂપે અનાદિ અનંતકાળ રહેવાનું છે, જે આત્માઓ આપનાં વીતરાગી સ્વભાવમાં પરિણમશે તે આપના સ્વરૂપને પામી અનંતસુખને પ્રાપ્ત કરશે એમાં કોઈ શંકા નથી. જે જેવું ધ્યાન ધરે તે કાળે તે તેવો થાય છે, એ નિયમ છે, એટલે મારે તો આપનુંજ ધ્યાન ધરવાનું છે, મારા મન વચન કાયાના યોગને સ્થિર કરી પ્રમાદને દૂર કરી ઉપયોગને ઉપયોગમાં જોડી રાખી, કષાય ક્રોધ માન માયા લોભને ઉપશાંત કરી, ક્ષય કરી અવિરતી રૂપ હિંસા, અસત્ય, અનીતિ, કુશીલતા અને પરિગ્રહથી

"વિરમી મિથ્યાત્વથી અવિરતીથી મૂક્ત થઈ શુદ્ધ નિરંજન ચૈતનનું સહજ સ્વાભાવિક સ્વરૂપ પ્રાપ્ત કરી એ યમ નિયમ આસન પ્રાણાયમ રૂપ ભાવ કર્મ યોગ વડે, પ્રત્યાહાર ધારણા ધ્યાન અને સમાધિ સ્વરૂપ જ્ઞાનયોગમાં સ્થિર થયું છે.

હે વીતરાગ ! એ આપનું સ્વરૂપ પ્રાપ્ત કરવા પૂરતું આપનું આલંબન મને પરમ ઉપકારી છે. પછી હું નિરાલંબનપણે મારા સ્વયં સાધ્ય સ્વરૂપમાં નિર્વિકલ્પ નિજાનંદમાં ઝુલતો હોઇશ.

ૐ શાંતિ, શાંતિ, શાંતિઃ

---


## ભાડે આપવાનું છે.

ભાવનગર ખારગેટ દાઉજીની હવેલી પાસે સભાનું એક ચાર માળનું મકાન છે. આ મકાનના ત્રીજા માળ ઉપર ત્રણ રૂમો છે તે ઓફીસ કરવા માટે ખૂબ અનુકૂળ છે, અને ભાડે આપવાના છે. ભાડે રાખવા ઈચ્છનાર ભાઇઓએ નીચેના સ્થળે મળવું.

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

# પૂજાની જોડ

અમારે ત્યાં આર્ટ સીલ્ક પૂજાની જોડ ક્રીમ તથા સફેદ કલરમાં મળશે ભાવ રૂા. ૪૦-૦૦ સ્ટેપલ યાર્નમાં રૂા. ૩૦-૦૦ હોલ સેલ સીલ્ક સાડી, બ્લાઉઝ પીસ બેંગલોરી, તેમજ હેન્ડલુમ તથા પાવરલુમમાં દરેક વિવિધ વેરાયટીમાં સાડીઓ વ્યાજબી ભાવથી મળશે.

**રજનીકાંત એન્ડ કું.**

ચીકપેટ, લક્ષ્મણ બિલ્ડીંગ-બેંગલોર-૨

-: એજન્ટ :-

**સોમચંદ ડી. શાહ—પાલીતાણા**

નવનીતરાય રાયચંદ કાળુપુર ટંકશાળ શેરી-અમદાવાદ

રમણીકલાલ મણીલાલ C P ટેંક જૈન ચાલ-મુંબઈ -૪

દર્શના ટેક્સ ટાઇલ-ગોગલે મેન્શન-કાકા સ્ટ્રીટ-મુંબઈ-૨



# જીવદયા દાખવજો

## ગૌરક્ષા સંસ્થા - પાલીતાણા

**સ્થાપના : સં. ૧૯૫૫**

આ સંસ્થામાં અપંગ, અશક્ત, આંધળા જાનવરોને સુકાળ તેમજ દુષ્કાળ જેવા સમયમાં બચાવી પાલન કરી રક્ષણ કરવામાં આવે છે. હાલમાં ૧૭૦ ગૌં-વંશના જાનવરો છે તેને માટે પાણીના બંને અવેડા ભરવામાં આવે છે.

ગયા ત્રણ વર્ષથી અર્ધ દુષ્કાળ અને અછતની પરિસ્થિતિના કારણે સંસ્થાને આર્થિક રીતે ઘણું સહન કરવું પડયું છે. રૂપિયા ત્રીસ હજારથી વધુ ખર્ચ આવેલ. પરિણામે સંસ્થાની સ્થિતિ મુસ્કેલી ભરી રહે છે. તો સર્વે મુનિ મહારાજ સાહેબોને તેમજ દરેક ગામના શ્રી સંઘને તથા દયાળુ દાનવીરો અને ગૌપ્રેમીઓને મુંગા પ્રાણીઓના નિભાવ માટે મદદ મોકલવા વિનંતી છે.

જીવદયાનાં કાર્યો કરતી આવી સંસ્થાઓને સહાયની ખૂબ જરૂર છે. એટલે પ્રાણી માત્રની દયા ચિંતવનારાઓ આવી સંસ્થાની ઉપયોગિતા સમજી મદદ કરે એવી ખાસ વિનંતી છે.

| | |
|---|---|
| ગૌરક્ષા સંસ્થા<br>પાલીતાણા (સૌરાષ્ટ્ર) | જીવરાજ કરમસી શાહ<br>રમણીકલાલ ગોપાળજી કપાસી<br>માનદ મંત્રીઓ. |

## ગૌરક્ષા સંસ્થા - પાલીતાણા

# ક્ષમાપન-મહાપર્વ-પર્યુષણ

લે. ઝવેરભાઇ બી. શેઠ-અમદાવાદ.

રમણને અને કિરીટને ત્રણ પેઢીથી વેર ચાલ્યું આવતું હતું. બન્ને સામા મળે તો મુખ ફેરવીને ચાલ્યા જાય. રમણના અને કિરીટના પિતાએ તો સામસામી મારામારી પણ કરેલી. મામલો કોર્ટ સુધી પહોંચે તેવી શકયતા હતી. પોલીસને બોલાવવા બન્ને તત્પર હતા. પરંતુ આસપાસના બે ડાહ્યા માણસોએ સમજાવીને તેમ થતું અટકાવ્યું.

એ વેરનું ઝેર રમણ અને કિરીટનાં મનમાંથી ગયું હોય એમ કેમ મનાય?

કિરીટ કરતાં રમણ પૈસેટકે વધારે સુખી. તેનો વેપાર ધીખતો હતો. તેની પ્રતિષ્ઠા પણ વિશેષ. પણ કુદરતને ક્રમ બદલવો હોય ત્યારે તેને કોઈ રોકી શકે છે? કાળની એક થપ્પડ પડતાં હજારો માણસો મૃત્યુના ખપ્પરમાં હોમાઈ જાય છે. વર્ષો પહેલાં ઈરાનમાં ધરતીકંપ થયો અને અગિયાર હજાર માણસો એકીસાથે મૃત્યુ પામ્યા. કવેટાના ધરતીકંપમાં પણ અસંખ્ય માણસો મર્યા. હરહંમેશ આપણે છાપામાં વાંચીએ છીએ કે એરોપ્લેનનાં એકસીડંટમાં અનેક માણસો માર્યા ગયા. જળરેલમાં અનેક તણાઈ ગયા. ભયંકર આગે માનવીઓને ભરખી લીધા. તેને કોઈ રોકી શકે છે? વિજ્ઞાનની આટઆટલી સિદ્ધિઓ છતાં કુદરતની આ લીલા સામે તે લાચાર છે.

રમણને ધંધામાં જબ્બર ખોટ ગઈ. બૈરીના ઘરેણાં વેચે તો પણ દેવું પૂરું ન થાય તેવી ખોટ. તે મુંઝાઈ ગયો. રાતભર તે પડખાં ઘસતો રહ્યો. તેને આપઘાત કરવાનો પણ વિચાર આવી ગયો. પરંતુ પત્ની અને બાળકોની મમતાએ તેને તેમ કરતા રોકયો. બીજે દિવસે તે સગા-સ્નેહીઓ, મિત્રો, પરિચિતો પાસે ધક્કા ખાઈ આવ્યો. કોઇએ પૈસાની મદદ ન કરી. આજપર્યંત તેની પાસેથી પાંચ-દશ હજાર રૂપિયા વગર વ્યાજે ઉછીના લઈ જનારા વેપારીઓ પણ નામક્કર ગયા. 'જુઓને હમણાં જ દસ હજાર રૂપિયા મારા જમાઇને આપી દીધા. નહીંતર જરૂર તમને આપત.' 'તમે પહેલીજવાર આવી માગણી કરવા આવ્યા અને હું તમને નાણાં આપી શકતો નથી તો તે બદલ દિલગીર છું.' દરેક જગ્યાએથી આવા જવાબો મળતા રહ્યા. તેથી રમણની મુંઝવણ વધી. પરંતુ તેના આશ્ચર્ય વચ્ચે કિરીટે રમણને તેને ત્યાં બોલાવ્યો. પ્રથમ તો તેને કંઇક કાવત્રાની ગંધ આવી એટલે ન ગયો. પરંતુ જ્યારે કિરીટે પોતે તેને બૂમ મારી ત્યારે તે ગયો ખરો.

કિરીટના બેઠક-રૂમમાં માત્ર કિરીટ અને રમણ બેજ હતા. રમણને હજી સમજણ પડી નહોતી કે કિરીટે તેને શા માટે બોલાવ્યો છે? ચાના બે કપ આવ્યા. ચા પીવામાં પણ તેને દહેશત લાગતી હતી કે તેમાં પણ દગો હોય તો? ઝેર ભેળવી દેવામાં આવ્યું હોય તો? તેથી તેણે પોતાની પાસે મૂકેલા ચાના કપને કિરીટને આપ્યો અને કિરીટનો કપ પોતે લીધો. જાણે પોતે વિવેક ન કરતો હોય? કિરીટ તેની દહેશત સમજી ગયો. પરંતુ તે કશું બોલ્યો નહિ.

"રમણભાઇ! તમને વેપારમાં ગયેલી ખોટને કારણે કેટલાં નાણાં મળે તો તમે ટકી શકો?" કિરીટે સીધો સવાલ કર્યો.

એક લાખ રૂપિયા. રમણે કહ્યું.

કિરીટે બીજો સવાલ કર્યા વિના એક લાખ રૂપિયાનો ચેક લખી આપ્યો. રમણ આશ્ચર્ય

ચકિત થઈ ગયો. મારો વેરી મારી મદદે ? અને તે પણ જ્યારે એક પણ સગો–સંબંધી––મિત્ર મારી પડખે આજે ઉભો રહેવા તૈયાર નથી ત્યારે ? તે ગદ્ગદિત થઈ ગયો. વધારે તો તે કશું બોલી ન શકયો. તેણે કિરીટનો, આવા અણીના સમયે આવી મોટી રકમની મદદ કરવા બદલ ભારોભાર આભાર માન્યો.

કિરીટે કહ્યું: "આ નાણાંનું વ્યાજ લેવાનું નથી. તમારે જ્યારે સગવડ થાય ત્યારે અને હપ્તે હપ્તે પાછા આપવાના છે. પાછા નહિ આપો તો મને વધુ સારું લાગશે."

'થેંકયુ વેરી મચ' (ખૂબખૂબ આભાર) કરતો રમણ ચેક લઇને ગયો. તેણે સૌના નાણાં ચૂકવી દીધા અને ફરી વેપાર શરૂ કરી દીધો. છ મહિનામાં તેણે સારો નફો કર્યો અને કિરીટના એક લાખ રૂપિયા તેણે પાછા આપી દીધા. તે સમય દરમ્યાન રમણ અને કિરીટના કુટુંબ વચ્ચેનું વર્ષો જુનું વેર મૈત્રીમાં પરિણમી ચૂકયું હતું. એકદા રમણની પત્ની મેધા અને કિરીટની મંદાકીની વાતો કરતા હતા, ત્યારે મંદાકીની પત્ની ને મેધાએ કહ્યુ 'કિરીટભાઈએ અણીના સમય મદદ ન કરી હોત તો અમારે તો ભિખારી થઇ જવાનો વારો આવત.'

'ભાગ્યેજ કોઇને જાણ હશે. પરંતુ રમણભાઇને વેપારમાં ખોટ ગઇ તેના એક અઠવાડીયા પહેલાં જ તમારા ભાઇને વેપારમાં સારી એવી આમદાની થઈ હતી. મેં જ તેમને કહેલું કે જુના વેરઝેરને ભૂલી જઇને આપણે સામેથી ચાલીને રમણભાઇને મદદ કરવી અને તે પણ ગુપ્તરીતે. તેથી બીજા કોઇને ખબર પડે નહિ અને આપણા બગડેલા સંબંધો સ્વયમેવ સુધરી જાય. જો કે તેમણે થોડી આનાકાની કરેલી. પરંતુ અંતે તેમને મારી વાત ગળે ઉતરી ગઇ.' મંદાકીનીએ વાત કરી.

'તમે અણીને સમયે અમારી મદદે ન આવ્યા હોત તો અમારી શી દશા થાત ? અમે મનોમન તમારો ખૂબ આભાર માનીએ છીએ. પ્રભુનો પાડ માનો કે તમને સુમતિ સૂઝી અને સૌ સારાવાના થયા. વગર માફી માગ્યે કર્તવ્યથી આપણે એકબીજાને માફી લીધી–દીધી છે.' મેધા બોલી.

ક્ષમાપનનો એ જ મહિમા છે. એક જણ માફી આપે છે તો સામી વ્યકિત પણ વેર ભૂલી જઇને માફી આપી દે છે.

મહાપર્વ પર્યુષણનો એ જ ખરો મહિમા છે. રીત–રિવાજ ખાતર જેમની સાથે સુમેળ હોય તેને ખમાવો–ન ખમાવો તે સરખું છે. અલબત્ત ભૂલ્યેચૂકયે કોઇનું મનદુઃખ થયું હોય તો ક્ષમાપનાની આપલે કરી લેવી. પરંતુ જેમની સાથે વેર બંધાયું હોય, ઝઘડો થયો હોય, સામી વ્યક્તિને દુઃખ થાય તેવું વર્તન થયાનો ખ્યાલ હોય તો તેમની સૌની સામેથી ચાલીને––માત્ર પર્યુષણના દિવસોમાં જ નહીં પરંતુ હરહંમેશ–માફી માગવી જોઇએ અને તે એવા શુદ્ધ ભાવથી કે દૃઢ નિશ્ચયથી કે ફરીવાર તેમની સાથે મનદુ.ખ ન થાય–મૈત્રીભાવ ટકી રહે.

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું જો સદાને માટે અને સૌના હૃદયમાં વહેતું કરવું હોય તો વીરને શોભે તેવી ક્ષમાનો આશ્રય અવશ્યમેવ લેવો.

# ભગવાન મહાવીરનો ૨૫૦૦મો નિર્વાણ–મહોત્સવ

ભગવાન મહાવીરનો અઢી હજાર વર્ષનો નિર્વાણ મહોત્સવ જેમ જેમ નજીક આવતો જાય છે તેમ તેમ મહોત્સવને શાનદાર રીતે ઉજવવા માટે જુદી જુદી સમિતિઓ પોતપોતાની રીતે, નિર્વાણ મહોત્સવને સફળ બનાવવા માટે યોગ્ય પ્રવૃત્તિઓ કરી રહેલ છે.

મહોત્સવ અંગે સૌ પ્રથમ મુંબઇમાં તમામ જૈન સંપ્રદાયોની એક કેન્દ્રીય સમિતિની સ્થાપના કરવામાં આવી, અને સાહિત્ય નિર્માણનું કાર્ય તેમણે શરૂ કર્યું, ત્યારબાદ દિલ્હીમાં મુનિશ્રી સુશીલકુમારજીની પ્રેરણાથી જૈન જૈનેતર ભાઇઓની આંતરરાષ્ટ્રિય સમિતિની રચના કરવામાં આવી, તે પછી અ. ભા. દિગમ્બર જૈન સમિતિની રચના દિલ્હીમાં કરવામાં આવી, વધુમાં ઉત્તર–આંધ્ર પ્રદેશમાં પ્રાન્તય સ્તર પર એક સમિતિની રચના કરવામાં આવી છે.

આમ ભગવાન મહાવીરના ૨૫૦૦માં નિર્વાણ–મહોત્સવ નિમિતે પોતપોતાની રીતે જુદી જુદી સમિતિઓ રચાય અને સૌ પોતપોતાની સ્વતંત્ર રીતે કાર્યવાહિ ચલાવે તેના બદલે, સંગઠનની દ્રષ્ટિ સામે રાખીને સૌ સાથે મળીને કાર્ય કરે તો તેનું પરિણામ વધારે સારૂ આવે તે સ્વાભાવિક છે. આ દિશામાં "જૈન" પત્રના તંત્રી સ્થાનેથી સમગ્ર જૈન સવાજે સમજવા-વિચારવા જેવી અવારનવાર જે નોંધો લખી છે તે ખરેખર વિચારણીય પણ છે.

મુંબઇ ખાતે સ્થાપવામાં આવેલ નિર્વાણ મહોત્સવ સમિતિ સંગઠનની દ્રષ્ટિ બરાબર જાળવીને રચનાત્મક રીતે કામ કરી રહેલ છે. અને આ માટે દરેક સંપ્રદાયના સભ્યોનો આ સમિતિમાં સમાવેશ કરવામાં આવ્યો છે. અને હજુ પણ કોઇ સંપ્રદાયના સભ્યને તેમાં ઉમેરવાની જરૂર હોય તો તે માટે બીજા વધુ સભ્યો ઉમેરવાની દ્રષ્ટિ રાખેલ છે.

ભગવાન બુદ્ધની ૨૫૦૦મી જયન્તીની માફક, ભગવાન મહાવીરનો ૨૫૦૦મો નિર્વાણ મહોત્સવ ભારત સરકાર રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સ્તર પર ઉજવે તે માટે ભારત સરકારને વિનતિ કરવા શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈના પ્રમુખપણા નીચે એક સમિતિ નિયુકત કરવામાં આવેલ. સમિતિએ ભારતના વડા પ્રધાન શ્રી ઇન્દિરા ગાંધી, તથા શિક્ષણ મંત્રી શ્રી રાવનો સંપર્ક સાધ્યો હતો. તેના જવાબમાં ભગવાન મહાવીરનો નિર્વાણ મહોત્સવ રાષ્ટ્રિય સ્તર પર ઉજવવા માટે એક સમિતિ નિયુકત કરવાનો સરકારે નિર્ણય કર્યો છે, અને સમિતિના સભ્યોની નામાવળી હવે જાહેર કરવામાં આવશે.

ભારત સરકાર તરફથી નિયુક્તમાં કરવામાં આવેલ સમિતિ નિર્વાણ મહોત્સવ કઈ રીતે ઉજવે તેનો કાર્યક્રમ હવે મુંબઇની નિર્વાણ સમિતિએ વિચારવાનો રહે છે અને આ માટે તમામ ફીરકાના આગેવાન જૈનોના સહકાર સાથે એક કમિટિ રચવાની વિચારણા ચાલી રહી છે.

આમ રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય દ્રષ્ટિએ ભગવાન મહાવીરનો નિર્વાણ મહોત્સવ ઉજવવા માટેની યોગ કાર્યવાહી ચાલી રહેલ છે.

બીજી બાજુ દિગમ્બર ભાઇઓએ નિર્વાણ-મહોત્સવ માટે જે સમિતિની રચના કરી છે, તેની ૧૨મી એપ્રિલના રોજ એક મિટિંગ

મળી હતી. આ મિટિંગમાં મુંબઈની નિર્વાણ મહોત્સવ સમિતિ દ્વારા ભગવાન મહાવીરના જીવન–સાહિત્ય ગ્રંથની યોજનાને આવકારવામાં આવેલ છે. અને તેને યોગ્ય સહકાર આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ રીતે ભગવાન મહાવીરનો નિર્વાણ મહોત્સવ સર્વ સંપ્રદાયો સાથે મળીને ઉજવે તે માટે મુંબઈની નિર્વાણ સમિતિ યોગ્ય પ્રવૃત્તિ કરી રહેલ છે અને દરેક સંપ્રદાયના અગ્રણીઓનો સહકાર તેને સાંપડતો જાય છે. એ આનંદની હકીકત છે અને તે માટે સૌને અમારા અભિનંદન છે.

# ગ્રંથાવલોકન

## શંખેશ્વર મહાતીર્થ

લેખક :– સ્વ. પૂ. મુનિમહારાજશ્રી જયંતવિજયજી મહારાજ

સંપાદક :– શ્રી જયભિખ્ખુ

પ્રકાશક :– શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા, શહીદ રોડ, ગાંધી ચોક; ભાવનગર.

કિંમત :– સાડાત્રણ રૂપિયા

અનેક તીર્થગ્રંથોના લેખક શાંતમૂર્તિ પૂ, મહારાજ શ્રી જયંતવિજયજીએ ઊંડું સંશોધન કરી અને ખૂબ પરિશ્રમ લઇને, અપૂર્વ પ્રભાવક અને અતિ પ્રાચીન એવા આ તીર્થની હકીકતો પ્રાપ્ત કરીને, એક ભોમિયાની ગરજ સારે તેવો, અને ઐતિહાસિક દૃષ્ટિએ પણ ખૂબ ઉપયોગી એવો, આ સુંદર ગ્રંથ લખ્યો છે.

વિદ્વાન સંપાદક લખે છે તેમ, " આ પુસ્તક આ સ્થળના ઇતિહાસની, ભૂગોળની અને ધર્મશાસ્ત્રની ગરજ સારે તેવું છે. એક પવિત્ર જિતક્રોધ મહામુનિએ અહીં સ્થિરતા કરી આ ગ્રંથ ભારે ભક્તિ અને પરિશ્રમ તથા ઊંડા સંશોધન સાથે તૈયાર કર્યો છે. એનો એક એક શબ્દ પવિત્ર છે, ને આત્માની વાણી જેવો નિર્મળ અને મંત્રાક્ષર જેવો વેધક છે."

લેખક પૂ. મુનિમહારાજ લખે છે તેમ, "શ્રી શંખેશ્વરજીની યાત્રાએ જનારા યાત્રાળુઓને આ પુસ્તક ત્યાંની બધી માહિતી પૂરી પાડતું હોવાથી સહાયક થશે જ, પરંતુ આ પુસ્તકને ઘેર બેઠા બેઠા વાંચનારાઓને પણ શ્રી શંખેશ્વરજીની યાત્રાનો આનંદ થોડેઘણે અંશે તો જરૂર મળશે જ."

શ્રી શંખેશ્વર મહાતીર્થ ચિત્રાવલીમાં આપેલ, જિનમંદિરના જુદાજુદા સુંદર ચિત્રો, પુસ્તકની સુંદરતા અને ઉપયોગિતામાં વધારો કરે છે.

આ પુસ્તકની આ ચોથી આવૃત્તિ છે, જે તેની લોકપ્રિયતા અને ઉપયોગિતા દર્શાવે છે. આવા સુંદર પ્રકાશન માટે ગ્રંથમાળાને અભિનંદન આપીએ છીએ અને સહુ કોઇને આ સુંદર અને ઉપયોગી પુસ્તક અવશ્ય વસાવવા અને વાંચવા ભલામણ કરીએ છીએ.

અનંતરાય જાદવજી

卐

મદદના પ્રકારો—

૫૦૦૧) સ્કોલર દાતા,

૨૫૦૧) આશ્રય દાતા.

૨૦૦૧) પેટ્રન.

૧૦૦૧) પેલા વર્ગના આજીવન સભ્ય.

૫૦૧) બીજા વર્ગના આજીવન સભ્ય.

૨૫૧) ત્રીજા વર્ગના આજીવન સભ્ય.

❁

કાયમી તિથિઓ—

૧૦૦૧) મિષ્ટાન્ન ભોજનની એક ટંકની તિથિ

૫૦૧) સાદા ભોજનની એક ટંકની તિથિ.

૨૦૧) દૂધ નાસ્તાની તિથિ.

૧૦૧) આયંબિલની તિથિ.

❁

છૂટક તિથિઓ—

૨૦૧) એક ટંક મિષ્ટાન ભોજન.

૧૦૧) એક ટંક સાદું ભોજન.

૫૧) એક ટંક દૂધ–નાસ્તો.

❁

૫૦૦૧)થી ૨૦૦૧) સુધી આપનાર બેનોનોજ ફોટો ચિત્રગેલેરીમાં મૂકાશે.

卐

ભારતભરમાં એક અને અજોડ સ્ત્રી સંસ્થા

## શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ–પાલીતાણા

# અમારી નમ્ર વિજ્ઞપ્તિ

ઉદ્દેશ–આ સંસ્થા સધવા, વિધવા, ત્યક્તા અને કુમારિકા બેનોને રહેવા, જમવા અને અભ્યાસની સાધન સામગ્રી ને સગવડો પૂરી પાડી ધાર્મિક, વ્યવહારિક અને નૈતિક જ્ઞાન આપવામાં આવે છે. વિધવા, સધવા અને ત્યકતા બહેનોને વિશેષ કરી ધાર્મિક શિક્ષણ આપી ધાર્મિક શિક્ષિકા તરીકે તૈયાર કરી બહારગામની પાઠશાળામાં સારે પગારે ગોઠવવાની વ્યવસ્થા થાય છે.

આજે નાની મોટી ૨૨૫ બેનો લાભ લે છે. વર્ષે દોઢ લાખ રૂા જેવો ખર્ચ આવે છે. દાનવીરો ને શુભેચ્છકોના સાથ સહકાર અને માર્ગદર્શનથી સંસ્થાનું કાર્ય વ્યવસ્થિત ચાલે છે. ભારતભરમાં આવી આદર્શ સ્ત્રીસંસ્થા આ એકજ છે.

સખત મોંઘવારી છે, સંખ્યા વધી છે તો અમારી નમ્ર વિનંતી છે કે સારી એવી રકમ સંસ્થાને મોકલી સહકાર આપશો.

બહેનો સામાયિક, પ્રતિક્રમણ, તપશ્ચર્યા સારા પ્રમાણમાં કરે છે. પર્યુષણ જેવા મહાપર્વમાં તો નાની નાની બાળાઓ પણ હોંશે હોંશે સોળ, પંદર, અગિયાર, અઠ્ઠાઇ જેવી તપશ્ચર્યા પણ કરે છે.

ગિરિરાજની યાત્રાએ પધારો ત્યારે આવશ્ય આ સંસ્થાની મુલાકાતે પધારી સહકાર અને માર્ગદર્શન આપશો.

પર્વાધિરાજના પુણ્ય પ્રસંગે આ સંસ્થાને અચુક યાદ કરી ફુલ નહિ તો ફુલની પાંખડી અવશ્ય મોકલશો.

લિ૦ ભવદીય,

જીવતલાલ પ્રતાપશી સંઘવી

પ્રમુખ :–શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ,

૯૭/ સ્ટોક એક્ષચેન્જ બીલ્ડીંગ, કોટ–મુંબઇ–૧

ધરમશી જાદવજી વોરા

માનદ્ મંત્રી,

શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ, પાલીતાણા [ સૌરાષ્ટ્ર ]

# શ્રી જૈન ઉદ્યોગ કેન્દ્ર, પાલીતાણા

**જૈન** ....સાધર્મિક સિદાતી બહેનોને ગૃહ ઉદ્યોગ દ્વારા રાહત આપી સાધર્મિક ભક્તિ કરવા પ્રયત્ન કરે છે....

**ઉદ્યોગ** ....દ્વારા નિભાવ કરતી સાધર્મિક બહેનોને સ્વમાન પૂર્વક જીવન નિર્વાહ કરવાના અમારા કાર્યમાં સહકાર આપો....

**કેન્દ્રમાં**....જૈન બહેનોએ જયણાપૂર્વક બનાવેલા ખાખરા, પાપડ, વડી, ખેરો, અથાણાં વિગેરે ઘરવપરાશની ચીજ વસ્તુઓ કાળજી પૂર્વક બનાવી વ્યાજબી ભાવે વેચવામાં આવે છે.

ભગવાન મહાવીરના ચતુર્વિધ સંઘના એક અગત્યના અંગ સમી સિદાતી શ્રાવિકા બહેનોની સાધર્મિક ભક્તિ નિમિત્તે કેન્દ્રની બહેનોને ઉત્તેજન આપવા પર્યુષણાના પવિત્ર પર્વોમાં શકય સહાય મોકલી અમોને પ્રોત્સાહિત કરો.

| મુખ્ય કેન્દ્ર : | પ્રમુખ : | વેચાણ કેન્દ્ર : |
|---|---|---|
| મોતીશાની ધર્મશાળા | **ભાઇલાલ એમ. બાવીસી** | નાની શાકમાર્કેટ પાસે |
| જૈન મોટા દેરાસર સામે | M.B.B.S. | મુખ્ય બજાર |
| **પા લી તા ણા** | વ્યવસ્થાપક સમિતિ વતી | **પા લી તા ણા** |

---

વધુ ઝાડા, મરડો, સંગ્રહણી તથા પેટમાં દુખાવો એ જોખમકારક નીવડે છે.

**એની** બીમારીમાંથી સત્વરે મુક્ત થાઓ.

તે માટે

**ઉંઝા ફાર્મસીની**

# એન્ટીડીસેન્ટ્રોલ

( આયુર્વેદનો એક શિઘ્ર ગુણકારી યોગ )

ખોરાકનું પાચન કરી આંતરડાને શક્તિ આપી ઝાડા બંધ કરે છે.

## ૨૪ કલાકમાં રાહતનો આશ્ચર્યકારક અનુભવ

એજન્ટ :- **ગાંધી મેડીકલ હોલ**, પ્રવીણચંદ્ર રોડ, ભાવનગર.

બ્રાન્ચ :- બેલન ગંજ, આગ્રા–૪, ભુલેશ્વર મુંબઇ–૪, ન્યુ ઇતરવારી રોડ, નાગપુર.

# મહાવીર સ્વામીના જીવનની વિલક્ષણ ઘટનાઓ અંગે વિચારણા

રતિલાલ મફાભાઈ શાહ–માંડળ

પ્રો. હીરાલાલ ર. કાપડિયાએ મહાવીરસ્વામીના જીવનની વિલક્ષણ ઘટનાઓ રજૂ કરી પોતાની રીતે જવાબ આપવાનો પ્રયત્ન કર્યો છે. સાથે ગૃહસ્થને ત્યાં બેસીને થાળી વાડકામાં જમવા અંગે મારા લેખનો આધાર લઈ ખુલાસો માંગ્યો છે.

મારી પાસેથી માગેલો ખુલાસો કલ્પસૂત્રની ટીકામાંથી અથવા કોઈ જાણકાર વિદ્વાન મુનિ પાસેથી મળી શકે છે. કલ્પસૂત્રની ટીકાનું અવતરણ મેં નીચે આપ્યું છે. ભગવાને પાછળથી કરપાત્રથી ભોજન લેવાની પ્રતિજ્ઞા લીધેલી એ પણ એ જ વાત બતાવે છે કે પહેલાં એ કોઈ નિયમથી બદ્ધ ન હતા.

મૂળ વાત એ છે કે તીર્થંકર સત્યસંશોધક હોય છે. એ કોઈ પરંપરામાં દીક્ષિત હોતા નથી કે કોઈ ચાલી આવતી પૂર્વ માન્યતાથી બદ્ધ હોતા નથી. જેમ જેમ અનુભવો થતા જાય છે તેમ તેમ તે પોતાના માટે નિયમો કરતા જાય છે, અને તીર્થંકર બન્યાબાદ જ્યારે તીર્થની સ્થાપના કરે છે ત્યારે કંઈક પોતાના અનુભવો અને કંઈક તે વખતની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શિષ્યવર્ગમાટે નિયમો ઘડવામાં આવે છે. પણ આપણે આજની દૃષ્ટિએ એમને મૂલવવા મથીએ છીએ. એથી જ એમના જીવનની ઘટનાઓ વિલક્ષણ દેખાય છે પણ એમાં કંઈજ વિલક્ષણતા હોતી નથી. વિકાસસાધનામાં સહજ બની આવતી એ ઘટનાઓ હોય છે. ને હરેક સ્વતંત્ર સાધકમાં એમ જ બને. ને એમ અનુભવ થયા વિના નિયમો ઘડાય પણ કેવી રીતે?

પ્રો. હીરાલાલભાઈએ રજૂ કરેલી વિલક્ષણ ઘટનાઓમાં કોઈ જગ્યાએ વાસી ભાત ભિક્ષામાં મળ્યાની વાત્ આવે છે. શું ભગવાન વાસી ભાત પણ ખાતા હશે? એ પ્રશ્ન આજની દૃષ્ટિએ વિલક્ષણ જ દેખાય. તેમજ સાડાબાર વર્ષમાં કોઈ ઠેકાણે પાણી પીધાનો ઉલ્લેખ જ આવતો નથી. એક પંડિતે મને કહેલું કે ભગવાન अपेयाहारी હતા. અર્થાત્ પાણી નહીં પીનારા. જો ખોરાક લે તો પાણી વિના કેમ ચાલે? પણ ત્યારે ઉકાળેલા પાણીનો જોગ ન હોઈ ગમે તે પ્રકારનું પાણી તો પીતા જ હશે. પણ આજની દૃષ્ટિએ એ ઠીક ન લાગવાથી આપણે એમને अपेयाहारी બનાવ્યા હોય એવું કલ્પી શકાય છે.

શ્રી વિનયવિજયજીકૃત સુબોધિકા ટીકામાં પાનું ૧૫૦–વ્યાખ્યાન ૬ માં જણાવવામાં આવે છે કે

ततः प्रभुः कोल्लगसंनिवेशे बहुलब्राह्मणगृहे प्रथमपारणां गृहस्थपात्रे परमान्नेन चकार। वर्षायां एव इमान् पंच अभिग्रहान् अभिगृह्य अस्थिकग्रामं प्रति प्रस्थितः। अभिग्रहाश्चेमे। १ नाप्रीतिमद्गृहे वासः २ स्थेयं प्रतिमया सदा ३ न गृहिविनयकार्यो ४ मौनं ५ पाणौ च भोजनं

(૨) તાપસને મળતાં प्रभुणापि पूर्वाभ्यासान्मिलनाय बाहू प्रसारितौ આમ આપણે માન્યું છે. પણ હું માનું છું કે વ્યવહાર અને પૂર્વ પ્રેમસંબંધને કારણે ભગવાને શ્રમજીને જ હાથ પ્રસાર્યા હતા એમ માનવું વધારે ઉચિત લાગે છે.

(૩) ભગવાન નન્દપાટકમાં નન્દના ઘરે ભિક્ષાર્થે ગયા હતા. ત્યાં તેમને વાસી ભોજન મળ્યું એમ 'શ્રમણ ભગવાન મહાવીર' (લેખક–કલ્યાણવિજયજી ગણિ)માં નોંધ છે.

(૪) શાસ્ત્રોમાં મુનિ આસનો સિદ્ધ કરે તેવું માન્યું નથી. પણ ભગવાને વિચિત્ર તપ તથા જુદા જુદા આસનો સાધી યોગ-સાધના કરી હતી. (શ્રમણ ભગવાન મહાવીર)

(૫) મુનિએ કોઈ સાથે ઝંઝટમાં ન ઊતરવું એવી આજ્ઞા છે. પણ ભગવાન અચ્છંદક પાખંડી સાથે ઝંઝટમાં ઊતર્યા હતા એ પણ એમની વિલક્ષણ ઘટના છે, જો કે એ અનુભવ પછી જ એમણે ઉપરોક્ત પાંચ પ્રતિજ્ઞાઓ ધારી હતી.

श्री वीरः प्राणतस्वर्गपुष्पोत्तरविमानतः ।
पूर्वजन्यार्जितौजस्वितीर्थकृन्नामकर्मकः ॥
ज्ञानत्रयपवित्रात्मा सिद्धार्थनृपवेश्मनि ।
शलाकुक्षौ सरस्यां राजहंस इवागमत् ॥

અર્થાત્

ભગવાન મહાવીર પ્રાણત સ્વર્ગના પુષ્પોત્તર વિમાનમાંથી સીધા સિદ્ધાર્થ રાજાને ઘરે ત્રિશલા રાણીની કુક્ષિમાં જેમ સરોવરમાં રાજહંસ આવે તેમ આવી ગયા.

(આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રના પ્રથમ પ્રકાશમાં મૂળ શ્લોક ઉપરની બીજાની ટીકામાં ઉપરનો શ્લોક આપેલ છે.)

**જૈન સમાચાર**

# અભિનંદન

## રાષ્ટ્રપતિનો સંસ્કૃત ભાષાનો એવોર્ડ.

ભારતના ૨૩મા સ્વાતંત્ર્યદિને જાહેર કરવામાં આવેલ આ એવોર્ડથી બે ગુજરાતી સંસ્કૃતજ્ઞોનું બહુમાન કરવામાં આવેલ છે. તેમાંના એક છે આપણા ભાવનગરના વતની જૈનવિદ્વાન પંડિત શ્રી લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી. પંડિત લાલચંદ્રજીની નિમણૂક મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીનાં રીસર્ચ સ્કોલર તરીકે થઈ હતી અને તેમણે ગાયકવાડ ઓરિયેન્ટલ સિરીઝનાં ઘણાં પુસ્તકોનું વિદ્વતાપૂર્ણ સંશોધન અને સંપાદન કરેલું છે. તેમના ઐતિહાસિક સંશોધન માટે ભાવનગરની શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળાએ તેમને સુવર્ણચંદ્રક આપવાનો નિર્ણય કરેલ છે.

વિશેષ આનંદની હકીકત એ છે કે આ એવોર્ડ તેમના ૭૭મા જન્મદિન (તા. ૨૩–૮–'૭૦) પ્રવેશના પ્રસંગ ઊપર જાહેર થયો છે. અમે તેમને આ એવોર્ડ માટે અભિનંદન આપીએ છીએ અને તેમની વર્ષગાંઠના શુભ પ્રસંગે ઇચ્છીએ છીએ કે તેઓ શાસ્ત્રોક્ત સો વર્ષનું આયુષ્ય ભોગવે અને તેમણે સ્વીકારેલું સંશોધન અને સંપાદનનું કાર્ય વિશેષ અને વિશેષ યશસ્વી રીતે કરવા શક્તિમાન બને.

# પ્રાકૃત વિદ્યામંડળ

પ્રાકૃત ભાષાના તથા સાહિત્યના વિકાસ અને પ્રચાર કરવાના ઉદ્દેશથી આ મંડળની સ્થાપના કરવામાં આવી છે.

મંડળનું કાર્યક્ષેત્ર, જ્યાં પ્રાકૃત અભ્યાસની વ્યવસ્થા હોય ત્યાં, વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવું, જરૂર જણાય તેવું પ્રાકૃત સાહિત્ય પ્રગટ કરવું, પ્રાકૃત તથા તત્ત્વજ્ઞાનના વર્ગો ચલાવવા વિગેરે પ્રવૃતિ આ મંડળની રહેશે.

મંડળની પ્રવૃત્તિને વેગ આપવા માટે, સામાન્ય સભ્યનું વાર્ષિક લવાજમ રૂા. પાંચ, આજીવન સભ્યનું લવાજમ રૂા. ૧૦૧, સહાયક સભ્યનું રૂા. ૫૦૧ અને સંરક્ષક સભ્યનું રૂા. ૧૦૦૧ રાખવામાં આવેલ છે.

રસ ધરાવનારાઓએ પ્રાકૃત વિદ્યામંડળ લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યા મંદિર, ગુજરાત યુ. પાસે અમદાવાદ-૯ સાથે સંપર્ક સાધવો.

## આ. શ્રી વિજયોદયસૂરીશ્વરજી મ. શ્રીના સ્વર્ગારોહણ નિમિત્તે

**પાલીતાણા** સ્વ. પૂ ગુરુદેવને વંદનાજલિ અર્પવા મોટી ટોળીના નૂતન ઉપાશ્રયમાં જૈન સંઘ તરફથી ગુણાનુવાદ સભા યોજવામાં આવતા શ્રી નગીનદાસ ગાંધીએ પત્રિકા વાંચન તથા આ. શ્રી. અમૃતસૂરીશ્વરજીએ મંગળાચરણ કર્યું હતું. ત્યારબાદ નગરશેઠ શ્રી ચુનીભાઇ, ડો. બાવીશી, શામજી માસ્તર, શ્રી ફુલચંદભાઇ દોશી વગેરેએ સમયોચિત પ્રવચનો કર્યા હતા. તે પછી શોક દર્શન ઠરાવ કરવામાં આવ્યો હતો. અને અષાડ શુ ૨ થી ૮ સુધી શાન્તિસ્નાત્ર સહિત અઠ્ઠાઇ મહોત્સવ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગ અદ્વિતિય ભાવનાથી ઉજવવામાં આવ્યો હતો.

## આગામી વસતી ગણતરી પ્રસંગે ખાસ વિનંતિ.

આપણા દેશની વસતી–ગણતરી આવતા ફેબ્રુઆરી માસમાં થવાની છે. અને એ પ્રસંગને હવે ૭ મહિના જેટલો જ સમય બાકી છે, આમાં દર વખતે જૈનોની સંખ્યા પણ સરકારી રાહે નોંધવામાં આવે છે, પણ એમાં એક તરફ પ્રત્યેક જૈન ભાઇબહેન ધર્મના ખાનામાં પોતાના ધર્મ તરીકે "જૈન" લખાવવાની ચીવટ રાખતાં નથી. અને બીજી બાજુ વસતીની નોંધ કરવા આવનાર સરકારી માણસો બધું બરાબર પૂછીને નોંધવાની ધીરજ દાખવતા નથી. પરિણામે વસતી ગણતરીને અંતે જૈનોની સાચી સંખ્યા જાણી શકાતી નથી. આ વખતે એવું ન બને એ માટે ચોમેર પ્રચાર કાર્ય ચાલી રહ્યું છે. આ પ્રચાર કાર્યને પોતાનું બનાવવાની અને બધાં જૈનો વસતીની નોંધણી વખતે ધર્મના ૧૦ મા ખાનામાં "જૈન" લખાવે એવી એમને પ્રેરણા આપવાની અમે આપણા મુનિવરોને અને આગેવાનોને વિનંતિ કરીએ છીએ.

## સ્થાપના દિન ઉજવણી

પાલીતાણામાં સ્થપાએલ શ્રી સિદ્ધક્ષેત્ર સામાયિક મંડળ તરફથી દર રવિવારે ભાવસારની ધર્મશાળામાં સામાયિકનો કાર્યક્રમ યોજવામાં આવે છે. આ મંડળનો વાર્ષિક ઉત્સવ, ગત તા. ૯–૮–૭૦ ના ઉજવવામાં આવતા, પંચ કલ્યાણક પૂજા ભણાવવામાં આવી. તે પછી મંડળના સભ્યોની મીટીંગ મળતા, ડો. શ્રી બાવીસીભાઈ, શામજીભાઈ માસ્તર, પં. કપુરચંદભાઈ, શ્રી સોમચંદભાઇ આદિએ સમયોચિત પ્રવચનો કર્યા હતા. અને બપોરના મંડળના સભ્યોનું પ્રીતિભોજન યોજવામાં આવેલ.

---

## સ્વર્ગવાસ નોંધ

રંઘોળા નિવાસી (હાલ બેંગલોર) શેઠશ્રી ગુલાબચંદ હકમચંદ સંવત ૨૦૨૬ જેઠ વદિ ૫ મંગળવાર તા. ૨૩–૭–૭૦ ના રોજ બેંગલોર મુકામે સ્વર્ગવાસી થયા છે તેની નોંધ લેતાં અમો ઘણાજ દીલગીર થયા છીએ. તેઓ સ્વભાવે ખૂબ મિલનસાર અને ધર્મપ્રેમી હતા. તેઓ સભા પ્રત્યે સારી લાગણી ધરાવતા હતા તેઓ આ સભાના આજીવન સભ્ય હતા. શાસનદેવ તેમના આત્માને પરમ શાંતિ આપે એ અભ્યર્થના.

## શ્રી મહાવીર જૈન વિદ્યાલયનું વિશિષ્ટ પ્રકાશન

જૈન-આગમ-ગ્રંથમાલા ના બે ગ્રંથો

સંપાદકો

પૂજ્ય આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ
પંડિત શ્રી દલસુખભાઈ માલવણિયા
પંડિત શ્રી અમૃતલાલ મોહનલાલ ભોજક

રોયલ ૮ પેજી સાઈઝ : જાડા ટકાઉ કાગળ : ઉત્તમ છપાઈ : પાકું બાઇન્ડિંગ

### (१) ग्रन्थांक १ : नंदिसुत्तं अणुओगद्दाराइं च

આ ગ્રંથમાં લઘુનંદિ ઉર્ફે અનુજ્ઞાનંદિ તથા યોગનંદિયુક્ત નંદિસૂત્ર મૂળ તથા અનુયોગદ્વારસૂત્ર મૂળનો શુદ્ધ-સંશોધિત પાઠ સંખ્યાબંધ પાઠાંતરો સહિત આપવામાં આવ્યો છે ઉપરાંત વિસ્તૃત સંપાદકીય નિવેદન (ગુજરાતી તથા અંગ્રેજી), જૈન આગમો, ગ્રંથ, ગ્રંથકર્તા, ગ્રંથવિષય તથા ગ્રંથમાંથી ઉપલબ્ધ થતી સાંસ્કૃતિક વિશિષ્ટ સામગ્રીનું નિરૂપણ કરતી સુવિસ્તૃત પ્રસ્તાવના (ગુજરાતી તથા અંગ્રેજી); બન્ને ગ્રંથોના એકેએક શબ્દના સંસ્કૃત રૂપાંતર સાથેની સૂચી તથા અન્ય પરિશિષ્ટો આપવામાં આવેલ છે.

પૃષ્ઠ સંખ્યા ૭૬૨ : કિંમત ચાલીસ રૂપિયા

### (२) ग्रन्थांक ९, भाग १ : पण्णवणासुत्तं

આ ગ્રંથમાં અનેક પાઠાંતરો સહિત પણ્ણવણાસૂત્ર મૂળ તથા પ્રતિઓનો પરિચય વગેરે રજૂ કરતું સંપાદકીય નિવેદન (ગુજરાતી તથા અંગ્રેજી) આપવામાં આવેલ છે.

પૃષ્ઠસંખ્યા ૫૦૨ : કિંમત ત્રીસ રૂપિયા

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ ૨૬**

# સાચો આત્માનંદ કઈ રીતે મળે?

(૧) આનંદ એટલે સુખ, શાંતિ, પ્રસન્નતા.

(૨) સંતોષ હોય, તો જ સુખ, શાંતિ, પ્રસન્નતા કે આનંદ મળે છે.

(૩) સંતોષ તો જ મળે કે જો આપણને સાચું જ્ઞાન, સાચી સમજણ, દૃઢ નિશ્ચય અને સતત જાગૃતિ હોય.

(૪) જ્ઞાન, સમજણ, નિશ્ચય અને જાગૃતિ ત્યારે જ હોય કે તે માટે આપણો અવિરત પ્રયત્ન (પુરુષાર્થ) હોય.

(૫) આનંદનાં આ બધાં સાધનો સહેલાઈથી મેળવવા માટે સત્સમાગમ સદ્ગુરુ સદ્ધર્મ અને સમ્યગ્ જ્ઞાન જોઇએ.

(૬) જેના આત્મામાં જ્ઞાનનો સાચો પ્રકાશ હશે તેજ જ્ઞાની, ગુણી અને ચારિત્રવાન બની શકશે.

(૭) દુર્ગુણ, દુર્બુદ્ધિ, દુષ્ટ ચારિત્ર, અને દુષ્ટ મનોવૃત્તિઓ ટાળ્યા વિના આત્માનો મેલ જતો નથી અને જ્ઞાનનો પ્રકાશ આવતો નથી.

(૮) ભણતર, વ્યવહાર, નોકરી-ધંધો, કુટુંબજીવન, કમાણી, ખાવુંપીવું, પહેરવું-ઓઢવું, આ બધું જરૂરનું છે. પરંતુ એટલો ખ્યાલ સતત રહેવો જોઇએ કે આ બધો સંસાર છે, સંસાર અસાર છે. તેમાં જીવવાનું ફરજિયાત છે. તેમાં તરવું કે ડૂબવું તે આપણા હાથની વાત છે. માણસ પોતે જ પોતાના ભાગ્યનો સૃષ્ટા છે.

(૯) પ્રાણીમાત્ર પશુજીવન જીવે છે. પશુજીવન એટલે ખાવું, પીવું, આરામ કરવો અને ઊંઘવું; ભયથી મુક્ત રહેવું; અને વંશવૃદ્ધિ કરવી. પણ માણસને તો વિશેષમાં બુદ્ધિ અને વિચારશક્તિ મળી છે. તેનો સદુપયોગ કરે તો માનવ મહામાનવ, દેવ કે મુકતાત્મા પણ બની શકે છે. અને જો દુરુપયોગ કરે તો દુષ્ટદાનવ, દૈત્ય કે તિર્યંચ અથવા નરકાગામી બને છે

(૧૦) કાચમાં જેમ આબેહૂબ પ્રતિબિંબ પડે છે તેમ તમારૂં મન અને બુદ્ધિ જો નિર્મળ હશે તો તેમાં તમે સારા છો કે ખરાબ તેનું સ્પષ્ટ ચિત્ર દેખાઈ આવશે. તમારામાં તટસ્થ વિવેકદૃષ્ટિ નહિ હોય તો તમારૂં સાચું સ્વરૂપ તમને નહિ દેખાય, પણ ડાહ્યા અનુભવી મનુષ્યોને તથા જ્ઞાની ગુરુઓને તમારી આંતરિક મનોદશા સ્પષ્ટ દેખાશે. તેઓ પાસેથી તમે તમારૂં યથાર્થ સ્વરૂપ જાણી શકશો. આવા પુરુષોનો સમાગમ તેનું નામ જ સત્સંગ છે.

(૧૧) શાસ્ત્રોની શાણી શાણી વાતો કરનારા અને ઉપદેશ આપનારાઓમાં પણ મોહ, મમતા, માયા અને મૂર્ચ્છા સર્વાંગે નથી હોતા તેવું નથી. પણ આપણા કરતાં ઘણાં ઓછાં હોય છે.

(૧૨) વર્ષના ૧૨ મહિનામાં આ ૧૨ બાબતોમાંની એકેક બાબતનું એકેક મહિને અહોનિશ ચિંતન-મનન કરે તો તે માણસ જરૂર સાચો આનંદ મેળવી શકે તો જ "આત્માનંદ પ્રકાશ"ની સાર્થકતા છે.

પ્રાણજીવન હરગોવિંદદાસ ગાંધી

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભા વતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર.